કાઠિયાવાડી સાહિત્ય.

(ભાગ—પહેલો.)

કાઠિયાવાડી સાહિત્ય.

સૌરાષ્ટ્ર દેશની અપ્રસિદ્ધ કવિતાઓનો સંગ્રહ.

(ભાગ પહેલો.)

સંશોધી પ્રસિદ્ધકર્ત્તા

કહાનજી ધર્મસિંહ,—

"કહાન કાવ્ય"—"સુબોધ સંગ્રહ"—"સુબોધ ગરબાવળી"
"સ્ત્રીગીત"—ઇત્યાદિ રચનાર તથા "સાહિત્ય રત્નાકર"—"સત્સંગ-
શિરોમણી"—"સુભાષિત લહરી"—"ચમત્કારિક
દૃષ્ટાંતમાળા"—ઇત્યાદિ પ્રકટકર્ત્તા.

નિવૃત્તિ વાસ
રાજકોટ,—(કાઠિયાવાડ.)

આવૃત્તિ ૧ લી. પ્રત. ૧૦૦૦

ઈ. સ. ૧૯૧૩ વિ. સં. ૧૯૬૯.

આઠ આના.

जयन्तु ते सुकृतिनो, रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशःकाये, जरामरणजं भयम् ॥

આ 'સત્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નાહાલચંદ
તથા ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યું. ઠે. ખાડીઆ
અમદાવાદ.

અનુક્રમણિકા.

प्रस्ताविक सोरठा.

सोरठना इतिहास संबंधी.

वर्डा प्रांतनुं इतिहास आदि साहित्य.

गोहिल, झाला, हाला वगेरे राज्यो संबंधी.

प्रकीर्ण संग्रह.

પ્રસ્તાવના.

કાઠિયાવાડ દેશમાં બહુ મુખે ગવાતા દુહા, દોઢિયા દુહા, સોરઠા, કુંડળિયા, જોડકણાં તથા ઉખાણાં વગેરેનો સ્વલ્પ સંગ્રહ કરી, આ લઘુ ગ્રંથને "કાઠિયાવાડી સાહિત્ય" એવું નામ આપ્યું છે. પ્રાંતભેદ પ્રમાણે તેમાં સમાયલી સોરઠ, બર્ડાં, ગોહિલ, ઝાલા તથા હાલા વગેરે રાજ્યોને લગતી તથા વિષય પરત્વે ઇતિહાસિક, પ્રસ્તાવિક અને ધર્મ-નીતિ-બોધક મુખ્ય મુખ્ય બાબતોનો સારાંશ આ પ્રમાણે છે:—

કાઠિયાવાડમાં ચારણ સ્ત્રીજાતિ, દેવીરૂપે મનાતી આવી છે; તેને સર્વ માન આપી નમન કરે, એ સ્વાભાવિક છે. બર્ડા પ્રકરણમાં ઊજળી ચારણિયાણી ને મેહ જેઠવાનો પ્રસંગ આવે છે, તે બાઇએ મેહ જેઠવાપર મોહિત થઇ લગ્ન માટે માગણી કરવા છતાં તેણે તેનો સ્વીકાર ન કર્યો, એ બાબત આગલા જમાનાના રાજવંશીઓ કેવા પવિત્ર અને ટેકીલા હતા, તે જાણી શકાશે.—આ ચારણ વ્યક્તિને ત્રાસ આપવાથી ચૂડાસમા રજપૂતોનું રાજ્ય બદલાયું ને જેઠવાનું ધર્મ પરાયણ રાજ્ય, અદ્યાપિપર્યંત તેના વંશજો ભોગવે છે, એ પ્રસંગ ચારણ જાતિ માટે જેટલો વંદનીય તેટલોજ અન્યને નીતિનો બોધ આપે છે.—સોન રાડિયાણી, સોન કંસારી, સેણી વેજાણંદ, મારૂ ઢોલો, તથા હોથલ પદમણીના દુહા જેમ દંપતીનો પવિત્ર પ્રેમ ને એક પતિવ્રત પ્રદર્શિત કરે છે, તેમ બાળકુંવારી અમિયલ અથવા ચૂડ વિજોગણનું વૃત્તાંત, દૈવી પ્રેમનો સાક્ષાત્કાર કરાવે છે.—સિંધી તમાચી સુમરો, નથવો તથા શામદાસના દોઢિયા દુહાનો ગૂઢ આશય પ્રેમલક્ષણાનો છે. "સાજણ" સ્ત્રી વાચક અને "માહુ" પુરુષ વાચક હોવાથી તે દેહ-આત્માના વિયોગનો ભાવ અથવા પ્રેમપંથનું સ્વરૂપ ખડું કરે છે.—રાજ્યાસનની પ્રાપ્તિના સુખ કરતાં તેના વિનાશનું દુઃખ કેવું દુસ્તર અને અસીમ હોય છે, તે રાહ ખેંગાર તથા રાણકદેવીના વૃત્તાંતથી સૂચિત થાય છે. એક કન્યાને વરવા ઉપસ્થિત થયેલા બે રાજાઓનો પરસ્પર વિરોધ અને

પરિણામે વિનાશ, હિંદુસ્તાનના ઇતિહાસમાં ઘણે સ્થળે છે. આવોજ પ્રકાર સતી રાણકદેવીના સંબંધમાં રાહ ખેંગાર અને સિદ્ધરાજ જયસિંહ વચ્ચે બન્યો, તે સંબંધી કેટલીક કવિતાઓ આ સંગ્રહમાં આપી છે. કેટલાકો રાણકદેવીને કુંભારપુત્રી અને કેટલાકો રાજબાળા હોવાનું અનુમાન કરે છે; પરંતુ કવિતાઓ ઉપરથી તેમજ તેણે ઘોર આપત્તિમાં ધૈર્ય, હૃદયબળ અને પૂર્ણ પતિવ્રતાને છાજતા જે સતીધર્મનું પાલન કર્યું, તે એક ખરી ક્ષત્રિયાણી કરતાં કોઇ રીતે ઊતરતું નથી.—રાજાપ્રજા વચ્ચે છોરૂ-માવતરનો સંબંધ અને પરસ્પરનો ભક્તિભાવ, રાહ નોંઘણ અને આહિર દેવાતના દુહા સિદ્ધ કરે છે.—પ્રજાની વહૂ-દીકરીને પોતાનાં છોરૂતુલ્ય ગણી તેનું રક્ષણ કરવું, એ રાજકર્ત્તાનો ધર્મ ભૂલી, રાહ મંડળિકે ચારણ નાગબાઇને સતાવવાથી તેણે તેને આપેલો શ્રાપ અને મંડળિકની દુર્દશા, સોરઠ રાજ્યના પ્રકરણમાં નીતિ અને પવિત્રતાનું મહત્વ બતાવી ઉચ્ચ માર્ગે દોરવે છે.—સોરઠિયો, રાજિયો, આમળો, સાંગો, વિઠ્ઠલો, વિંઝરો, ગોલણ વગેરેના છુટક દુહા તથા સોરઠા, પ્રસ્તાવિક બોધમય તથા શુદ્ધ શૃંગાર રસથી ભરપુર છે.—એ ઉપરાંત પ્રકીર્ણ સંગ્રહ, આ સ્વાર્થી સંસારની ઘટમાળમાં પદે પદે થતા અનુભવો તથા જે કર્ત્તવ્ય-પરાયણતા શીખવે છે તે જોઇયેઃ—

(દોહા.)

તત્વબોધ સમ સત્વ મતિ, છૂટે મોહ મહત્વ;
શાંત બાઢિ રસ શાંત જહં, જાનૈ જગત અતત્વ. ૧
સત્ય નિત્ય ચૈતન્ય બસ, શાંતિ રસ દ્વૈ નેમ;
જોગ અનન્ય સરન્ય ગતિ, એક ભક્તિ અરૂ પ્રેમ. ૨
સેવક સેવ્ય રુ ભાવ દૃઢ, ભક્તિનિ ભક્તિ અનન્ય;
પ્રેમીજન તન મન બચન, અર્પન અસરન સરન્ય. ૩
શાંત રસસુ નિર્વેદ બઢિ, હોત જ્ઞાન વૈરાગ;
શૈક્ષ તુચ્છ સુહે બિના, પ્રેમ ભક્તિકો લાગ. ૪
યદપિ મધુર રસ માધુરી, મધુકર બર અનુકૂલ;
ભૂલત નહિં ગુલાબકે, તદપિ કેંટીલે ફૂલ. ૫

(સાહિત્ય રત્નાકરે.)

એ ઉપરાંત પ્રાચીન કાળે આ દેશમાં જુદી જુદી શાખાના અનેક રજપૂત રાજાઓ થઈ ગયા; તેમનો ઇતિહાસ શ્રમસાધ્ય હોવાથી અપૂર્ણજ રહ્યો છે અને છુટી છવાઇ જે કંઈ સ્મૃતિ રહી, તે આવાં કાવ્ય કથનને આભારી છે.

આ પ્રાચીન કવિયોનો મુખ્ય ભાગ છેક ગ્રામ્ય, અભણ, આહિર-મેર–ચારણ–સિંધી વગેરે વર્ણનો હોવાથી, તેઓની કવિતા હાલના જેવી સંસ્કારી તથા વિદ્વત્તા ભરેલી નથી, એટલુંજ નહિ પણ પિંગળ તથા વ્યાકરણના દોષથી પણ મુક્ત નથી; તથાપિ કવિતાનું સ્વરૂપ, પ્રાચીન વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે અર્થનેજ ગણિયે અથવા હૃદયની ઉર્મિયોનેજ જો કવિત્વ માનિયે તો અભણ છતાં પણ સંસાર–વ્યવહારનાં અનુભવી અને કુદરતથી જેમને રસિકતા પ્રાપ્ત થયેલી એવી વ્યક્તિયે અને તેમાં વળી અજ્ઞાન અબળા જાતિયે જે રસ–ગુણ–આભૂષણવતી કાવ્ય પ્રતિમા આપણી સંમુખ મૂકી છે, તે નિઃસંશય વંદનપાત્ર અને આદરણિય ગણાય તેવી છે.

પ્રાંતભેદે આ કવિતામાં વપરાયલા શબ્દોમાંના કેટલાક અશુદ્ધ, વિચિત્ર અને હાસ્યજનક લાગશે, પરંતુ મહાત્મા તુલસીદાસજી કહી ગયા છે કે,—**सियनी सुहावनि टाट पटोरे** । તેનો આશય એવો છે કે ચાહે રેશમી કિનખાબમાં કે ચાહે શણના વસ્ત્રમાં, સીવણની ચતુરાઇજ સુંદર તથા મનોહર દેખાય છે, તે પ્રમાણે ચાહે સંસ્કૃત કિંવા ચાહે પ્રાકૃત ભાષા–કવિતા હોય, તોપણ જ્યાં શબ્દ સાથે અર્થ–ચમત્કૃતિ હોય તેજ ઉત્તમ કવિતા જાણવી. આ વચન આપણી કાઠિયાવાડી કવિતાને, કેટલેક અંશે લાગુ પડે છે; માટે કેવળ શબ્દોપર દષ્ટિ કરી અસલ વસ્તુની ઉપેક્ષા કરવી ઉચિત ગણાશે નહિ.

"બાર ગાઉપર બોલી બદલે"–એ કહેવત પ્રમાણે બારિકીથી તપાસશું તો દુનિયાની સર્વ ભાષાઓમાં આસપાસના શબ્દોનું મિશ્રણ માલમ પડશે; કે જે પ્રમાણે આપણી ભાષામાં થાય તેમાં આશ્ચર્ય નથી. આ શબ્દો પણ છેક નિંદનીય નથી; પરંતુ ભાષાની અભિવૃદ્ધિ ઇચ્છનારને

તેમજ અંગ્રેજી-સંસ્કૃત જેવા આપણી ભાષામાં શબ્દકોશ રચનારને, એ કાઠિયાવાડી અપ્રચલિત શબ્દો, ભિન્ન ભિન્ન જ્ઞાતિમાં બોલાતી ગુર્જર ભાષા તરિકે ઉપયોગી થઈ પડશે, માટે તેનું રક્ષણ થવું જોઇએ. એ પ્રધાન હેતુ લક્ષમાં રાખી, શબ્દનો અર્થ નહિ સમજાયાથી અથવા પોતાના મનવાંછિત શબ્દો દાખલ કરવા, પાઠ ફેરનું બહાનું બતાવી, સંશોધનને નામે નકલમાં અકલ વાપરવાનું સાહસ થાય છે, તેમ ન કરતાં સાધારણ ફેરફાર સાથે બનતાં સુધી આ સંગ્રહમાં અસલજ કાયમ રાખ્યું છે.

સાંપ્રત સમયે આપણી ભાષાને ઉચ્ચ-સંસ્કારવતી બનાવવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે. પ્રસિદ્ધ થતા ગ્રંથોમાં, માસિકોમાં અને વર્તમાનપત્રોમાં વારંવાર એવા શબ્દો વપરાય છે કે પ્રાચીન ગુજરાતી ભણેલા તે સમજી શકતાં નથી; આને માટે પ્રોફેસર કૉલ્ટન નામનો વિદેશી વિદ્વાન્ કહે છે કે, "સ્વભાષામાં વપરાતા સહેલા શબ્દો મૂકી દઇ જે પરભાષાના ભારી શબ્દો વાપરે છે, તે પોતે મેળવેલી વિદ્યાનું મિથ્યાભિમાનજ કરે છે. એમ જાણવું." આ ઉપરથી આપણને સર્વદેશી સરળ ભાષા બોલવા લખવાનો બોધ મળે છે. વળી ભક્તરાજ અખોભક્ત પણ કહે છે કે,—

(ચોપાઈ.)

સંસ્કૃત બોલ્યાથી શું થયું ?
શું પ્રાકૃતથી નાશી ગયું ?
બાવનનો સઘળો વિસ્તાર,
જન ત્રેપનમો જાણે સાર.

મતલબ કે નાગરિકોની અથવા મોટાં શહેરોમાં વસતા લોકોની તથા ગામડિયાઓની જુદી જુદી જ્ઞાતોમાં વપરાતી આપણી ભાષામાં જે ઉચ્ચાર ફેર શબ્દો સમાયેલા છે, તે સઘળાની એક ભાષા થવી ને બંને માટે આ ગ્રામ્ય કથનનો અનાદર નહિ કરતાં તેના ઉચ્ચ આશય ઉપરજ લક્ષ આપવું યોગ્ય છે. અને સંસ્કારવતી ભાષા સમજવા લખવા જેમ પ્રાચીન ભાષાના પૂજકોએ શ્રમ કરવો આવશ્યક છે, તેમ નવીન સંસ્કારી લેખકોએ આવી પ્રાચીન ગામડિયા ભાષાનો અભ્યાસ કરવો

ઉત્સુક થવું જોઇયે. એમની સવળતા માટે આ લઘુ ગ્રંથમાં બનતાંસુધી કેટલાક શબ્દોના અર્થ તથા ભાવાર્થ પણ આપ્યા છે.

કોઈ પણ ભાષાની કાવ્યદેવીની સમર્થ વિદ્વાનોએ ઘણી સ્તુતિ કરી છે; કેમકે ગમે તેવી ઉત્તમ ઢબછબવાળું ગદ્ય લખાણ, એક સામાન્ય કવિતાની પણ બરોબરી કરી શકતું નથી. કેટલાકો તેને **"વાંસ નળીમાં ફુંક સમાન"** કહે છે. કેમકે વાંસની નળીમાં ફુંક મારવાથી ફરરર કરતો પવન જેમ બહાર નીકળી જાય છે, તેમ ગદ્ય અથવા વાર્તાનાં કથન, સાંભળતાંની સાથેજ ભૂલી જવાય છે અને કાવ્ય કથન તો સ્મરણ શક્તિમાં એટલું ઠસી બેસે છે કે કલ્પપર્યંત તે ખસતું નથી. એજ હેતુથી મોટામોટા ઋષિઓએ સૃષ્ટિના આરંભકાળે ચારે વેદના મહાન અને સર્વોપરી ગ્રંથો કવિતારૂપ રચ્યા, તેથી તેને વિદ્યાર્થીઓ ઝટ મુખપાઠ કરી શકતા. જેઓ ચારે વેદ કંઠસ્થ કરી ગયા તે "ચાતુરવેદી" કહેવાયા; ત્રણ વેદ મોઢે રાખનારા "ત્રિવેદી" (ત્રવાડી) કહેવાયા અને બે વેદવાળા તે "દ્વિવેદી" (દવે) કહેવાયા.. આજે પણ એ અવટંકવાળા બ્રાહ્મણો આપણા દેશમાં સુપ્રસિદ્ધ છે. વેદ ઉપરાંત વૈદક, વ્યાકરણ અને ગણિત જેવાં કઠિણ ૭ અંગ અને ટુંકામાં જોઇએ તો આપણી સર્વ વિદ્યાના ગ્રંથો કવિતામાંજ રચાયા; કેમકે કવિના એજ સર્વનો સામાન્ય–પ્રધાન વિષય હતો, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. વળી પુરુષોની પેઠે સ્ત્રીઓ પણ કવિત્વશક્તિ ધરાવતી હતી, તે તેમણે આપણી સન્મુખ રજુ કરેલી રસવતી કાવ્યસરિતામાંનાં થોડાં બિંદુઓ પ્રાશન કરવાથી જાણી શકાશે. આમ કહી ગદ્ય ગ્રંથોની અવગણના કરવાનો હેતુ નથી, પરંતુ અગાઉ કાવ્યકળાનો કેટલો આદર અને પ્રચાર હતો, અને હમણાં કવિતાની અમાન્યતાથી મનુષ્ય હૃદય કેવાં નિસ્તેજ અને નિંદ્ય થતાં જાય છે, તેજ માત્ર બતાવવાનું છે. સંસ્કૃત અને અંગ્રેજી સમય પહેલાંના વચલા કાળમાં કવિતાનું, ગામડાના અજ્ઞાન લોકો સુદ્ધામાં અને અજ્ઞાન અબળા જાતિમાં કેટલું માન તથા પ્રતિષ્ઠા હતાં, તે આ લેખના અંતીમ ભાગમાં આપેલા દુહાથી જોવામાં આવશે.

કાવ્ય વિચાર આપતાં ઠાકુર નામક હિંદી કવિ કહે છે કે,—

(કવિત.)

અગન બચાવે શુભ બચન સુનાવે,
વેદ ભેદ મતિ લાવે અરુ કંઠ શુભતાઇ હે;
ચૂકે ન ચૂકાવે જિય અનીપર લાવે સોઈ,
કવિતા કહાવે જામેં એતી કવિતાઈ હે;
જાનત સુજાન જે અજાન કહા જાને ભેદ,
યાતેં કવિરાજનકે રાજન બતાઈ હે;
કોટિ કોટિ ગ્રંથનકો અંતર જનાવે તુક,
ઢ્યાવે ન અનકી તા લાં જૂઠી કવિતાઈ હે, ૧
અક્ષર ધરન શોધ મનકી કરન બાક,
છલકી પરન તાતે રાખિઓ દહલ હે;
અર્થ એસો દીજે જામેં મન હરિ લીજે,
શુભાશુભ શોધ કીજે યેં ચતુરકી ટહલ હે;
ઠાકુર સમાજ જેસી દેખોં કવિ લોગ મતિ,
તહાં તેસો જાનિકે મિલાઈઓ મહલ હે;
સભાકી પઠન જાને ચોપકે ચઢન જાને,
કવિકો કહેઓ સબે જાનત સહલ હે. ૨
તુક્કન સમેત ભલે ફલકોં ધરત સૂધે,
દ્રરિકો ચલત જેહે ધીર જિય જારીકે;
લાગત વિવિધ પક્ષ શોભિત હે ગુણ સંત,
શ્રવણ મિલત મૂલ કીરતી ઉજારીકે;
સોઈ શીશ ધુને જાકે ઊરમેં ચુભત નીકે,
બેગિ બેધિ જાય મન મોહે નર નારીકે;
સેનાપતિ કવિકે કવિત્ત બિલસત અતિ,
મેરે મન બાન હે અચૂક ચાપ ધારિકે. ૩

કંઇક અંશે આ કવિતા તેવી છે, તોપણ બાળકોની તોતળી વાણીથી માતાને જેમ આનંદ થાય છે, તેમ સુજ્ઞ જનો આ બાળકવત ગામડિયા કવિયોની અશુદ્ધ કૃતિ સાંભળી, તે પ્રતિ ઉદારતા દર્શાવશે એવી આશા છે. પોતાની રચેલી કવિતા રસભરિત અથવા

અતિ નિરસ હોય તોપણ સિદીનાં સંતાન જેમ સિદીને શ્યામળાં લાગતાં નથી, તેમ સારીજ લાગે છે. પરંતુ બીજાની કવિતા સાંભળી પ્રસન્ન થાય, એવા ઉદાર પુરુષો તો વિરલાજ હોય છે. તે વિષે કવિરાજ તુલસીદાસજી કહે છે કે,—

(ચોપાઇ.)

નિજ કવિત્ત કેહિ લાગ ન નીકા, સરસ હોઈ અથવા અતિ ફીકા;
જે પરભણિત સુનત હરખાહિં, તે વર પુરુષ બહુત જગ નાહિં.

વળી તળાવ અને નદિયોમાં વૃદ્ધિ થવાથી જળ જેમ છલકાઇ જાય છે, તેમ જગતમાં ઘણા પુરુષો પોતે કરેલી કાવ્યનો ગર્વ ધરી, આડંબર કરવામાં બાકી રાખતા નથી. પરંતુ જે પ્રાજ્ઞ પુરુષો છે તે તો ચંદ્રમાની કળાને શુકલપક્ષમાં ઉત્તરોત્તર વધતી જોઇ, સમુદ્ર જેમ પોતાનો હર્ષ બતાવવા જળતરંગના મોટા ઉછાળાઓ મારી પોતાનો પ્રવાહ ચોતરફ ફેલાવે છે, તેમ તે ભાગ્યવાન્ નરો અન્યની કૃતિથી પ્રસન્ન થઇ પોતાનો હર્ષ દર્શાવવામાં પાછળ પડતા નથી, તે વિષયમાં કવિરાજ કહે છે કે,—

(ચોપાઇ.)

જગ બહુ નર સર સરિ સમ ભાઈ, જે નિજ બાઢ બઢહિં જલ પાઈ;
સજ્જન સુકૃત સિંધુ સમ કોઈ, દેખિ પૂર વિધુ બાઢહિ જોઈ.

[આ પુસ્તક તૈયાર કરવામાં મુખ્ય મદદ રાજકોટ નિવાસી, મ્હારા પરમ મિત્ર રા. રા. ક્ષત્રિ કલ્યાણસિંહ નવલસિંહ તરફથી મળેલી છે. તેઓ સંસ્થાન પોરબંદર પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટના અધિકાર ઉપર ઇ. સ. ૧૯૮૫ થી ૧૮૯૫ પર્યંત હતા, તે સમયે સંતોષકારક રાજ્યસેવા બજાવી. પોતાને મળેલા અવકાશના વખતમાં જુદા જુદા કાવ્યપ્રિય મનુષ્યોને મળી, તેમના મુખપાઠથી કવિતાઓ લખી લેતા ને તે સંગ્રહ પૂર ઉત્સાહયુક્ત પૂરો પાડવાથી આ સ્થળે તેમનો આભાર પ્રદર્શિત કરવો, એ હું મારી ફરજ સમજું છું.

રાજકોટ, મકરસંક્રાંતિ, }
વિ. સં. ૧૯૫૯. }

કા૦ પ૦

(દુહો.)

દુહો ગૂઢો ચોખરો,
કાંઈ ન શીખ્યો કંથ;
જન્મ ગયો હળ હાંકતાં,
ઘોરી રાતે દંત.

કોઇ ભલા માણુસે એક ખેડુતને નાગરવેલનાં પાન અપાવ્યાં; પણ તે એટલો મૂર્ખ કે તે કોરાં કપડામાં બાંધી રાખ્યાથી સૂકાઈ ગયાં. છતાં પણ તેમાં કાથો, ચૂનો, લવિંગ, સોપારી ભેળી, પોતે ખાધાં નહિ તેમ કોઈને ખવરાવ્યાં નહિ, પરંતુ બળદને તે ચવરાવવાથી તેના દાંત, હોઠ લાલ થયા !

આ પ્રસંગમાં જેમ પાનનો દુરુપયોગ થયો, તેમ કોઈ કાવ્યરસિક કામિની, પોતાના કાવ્ય વિમુખ અરસિક પતિના સંબંધમાં સખી પ્રત્યે કહે છે કે તે ગૂઢાર્થવાળાં દુહા, ચોપાઈ ઈત્યાદિ કંઇ શીખ્યો નહિ ને પેલા ખેડુતે જેમ બળદને પાન ચવરાવી વૃથા નાશ કર્યો, તેમ તેણે દુર્લભ મનુષ્ય જન્મ મળ્યા છતાં, હળ હાંકી પશુની પેઠે જીવિત પૂરું કર્યું.

(સોરઠા.)

ઓગણિ અણુસઠ સાલ, સુખદાયક શ્રાવણુ વિષે;
સંગ્રહ કર્યો રસાળ, સજ્જન મન સંતોષવા. ૧
રાજદુર્ગ શુભ ગ્રામ, કેન્દ્ર કાઠિયાવાડનું;
કીધો ત્યાં વિશ્રામ, મુંબાપુરથી આવિને. ૨
ક્ષત્રી મિત્ર સુજાણ, નવલસિંહ સુત નરમણી;
ઇચ્છે જન કલ્યાણ, કાવ્યરસિક કલ્યાણસિંહ. ૩
દાખવિ કવિતા લ્હેર, સોરઠના સાહિત્યની;
પ્રગટી તે શુભ પેર, યથા મતી નિજ વાપરી. ૪
પદ રચના પ્રાચીન, અર્થ અનૂપમ આપતા;
શ્લેષ શબ્દ રસલીન, વિવેકિને મન ભાવતા. ૫
થાય ઘણો વિસ્તાર, કાવ્ય વિવેચન આપતાં;
તેથી અલ્પ વિચાર, સાર માત્ર અત્રે કહું. ૬
દંપતિ મન જળ મીન, તુચ્છ વિષય તરછોડિને;
થઇ પ્રેમ આધીન, જીવ પ્રાણ જાતા કર્યા. ૭
સજ્જન દુર્જન સંગ, રંગ અંગ લાગે ઘણો;
હાની લાભ પ્રસંગ, સંસારીને સાંપડે. ૮
કાયા માયા જૂઠ, જૂઠાં કંચન કામિની;
રસની લૂંટાલૂટ, ઝાકળ મોતી ઝુંમખાં. ૯
જુગતે જુગતી જોડ, જેને આ ભવમાં જડી;
તેના પૂર્યા કોડ, ક્રોડ વચન એવાં કહ્યાં. ૧૦
વાંચી રાચે શૂર, દોષ દષ્ટિ દૂરે કરી;
ઇચ્છે એવું ઊર, ધર્મસિંહ સુત કાનજી. ૧૧

કાઠિયાવાડી સાહિત્ય.

⟶ प्रस्ताविक सोरठा ⟵

સાચું સોરઠિયો ભણે.

(સોરઠા.)

નિર્મળ ધાતુ નામ, નિરખ્યામાં ધાતુ નહિં;
કરતલ ઊંધાં કામ, સાચું સોરઠિયો ભણે. ૧
પે'લાં પાયક[1] થાય, જણ જણ પ્રત્યે જૂજવાં;
નીશા નાયક[2] થાય, સાચું સોરઠિયો ભણે. ૨
જેની જોઇયે જોડ, જોતાં જેહ જડે નહિં;
કાંઇક ખાંપણ ખોડ, સાચું સોરઠિયો ભણે. ૩
આવતણું એંધાણ, મળ્યામાં માઠપ કરે;
શું પાથરશો પ્રાણ ? સાચું સોરઠિયો ભણે. ૪
કોયલડી ને કાગ, વાને વરતારો નહિં;
જીભલડીમાં જવાબ, સાચું સોરઠિયો ભણે. ૫
બેઠાં એકજ વા'ણ,[3] તે બેઠાં બીજી[4] કરે;
બીજક[5] બીજું જાણ, સાચું સોરઠિયો ભણે. ૬
જે તે ભેળાં જાય, પોતાની પ્રજા[6] મેલી કરી;
ઈ ભેંસલાં[7] ભણાય, સાચું સોરઠિયો ભણે. ૭

---

૧ પ્યાદલ-પાયદલ. ૨ રાત્રીનો રાજા. ૩ વહાણ, નૌકા. ૪ અંતરાય-જુદાઇ. ૫ બીજ. ૬ સમૂહ, ઠાઠમાઠ. ૭ ભેંસો.

ઓ ભવ આપ્યાં દાન, આ ભવમાં તે ભોગવે;
સમજુને છે સાન, સાચું સોરઠિયો ભણે. ૮
મેમાનુંને માન, દલભર દલ દીધાં નહિં;
માણસ નહિ પણ મસાણ, સાચું સોરઠિયો ભણે. ૯
સફરાં પે'રે સૂત, ઓઢે પણ આપે નહિ;
ઈ માણસ નહિ તાબૂત, સાચું સોરઠિયો ભણે. ૧૦
કર પર પે'રે કડાં, કરપર કર ધરે નહિં;
ઈ માણસ નહિ પણ મડાં, સાચું સોરઠિયો ભણે. ૧૧
સગોજ જાણ્યો શ્વાસ, શ્વાસ પણ સગો નહિં;
એનો શો વિશ્વાસ ? સાચું સોરઠિયો ભણે. ૧૨
ખેતર ખાએ વાડ, રખોલાં કોણ કરે ?
વા'રૂં[1] તેનીજ ધાડ, સાચું સોરઠિયો ભણે. ૧૩
એકે[2] સહુ કોઇ હોય, એક વિના એકે નહિં;
નગર નિહાળી જોય, સાચું સોરઠિયો ભણે. ૧૪
ત્રણ પચાસ[3] ટેકા દિયે, છાબન[4] મે'લ ચણે;
જીવને જાવું એકલું, સાચું સોરઠિયો ભણે. ૧૫

સાચે દલે સામળા.

હારે[5] કોઇ હાલે નહિં, ભેળો લઇને લેખ;
અંહિથી એકા એક, સર્ગે[6] જાવું સામળા. ૧

અંતકાળે આવે નહિં, એલપ[7] કરવા બાપ;
અંહિથી આપો આપ, સર્ગે જાવું સામળા. ૨

---

૧ વહાર, આશ્રય. ૨ આત્મા. રાજા, ઈત્યાદિ. ૩ એકસો પચાસ (૧૫૦) ૪ છાબંધ મેહેલ. ૫ સાથે. ૬ સ્વર્ગે. ૭ વહાર. મદદ.

ગાલ મસુરિયાં ગાદલાં, હાંડી એક હજાર;
બાંધી ઝમર[1] બહાર, સામું દે તું સામળા. ૩

કરજે મન કોળે[2] નહિ, સુખે ન આવે નિંદ;
એને ગળ[3] કયાંનો, શેત્રુંજાનો સામળા. ૪

ઊઠી પો'ર[4] પ્રભાત, ગોવિંદ ગુણ ગાયા નહિં;
ઇ મરઘો મધરાત, સાંગે[5] બાંધું સામળા. ૫

જળ માછલિયું જાળવે, અવગુણ કરે હજાર;
વડાંને નહિ વિકાર, સાયર પેટા સામળા. ૬

નાંગણ કડિયે નાખિયે, હાથી હેડમાં હોય;
પણ કીડી પાંજર હોય, સાંભળી નો'તી સામળા. ૭

વેલે દોળાં વળગાડિયાં, વડને રાખ્યો વાંઝ;[6]
તારી પાસે નહિ પ્રધાન,(તને) કોણ સમજાવે સામળા. ૮

આતમ થઇ ઉઠાંતરી, હૈયે રહિ ગઇ હામ;
નથી લેવાણું નામ, સાચે દલે સામળા. ૯

ઠાકરને થાળી નહિં, નહિ ત્રાંસળીનું નામ;
ગગનમાં ઊજડ ગામ, શેમાં ખાવું સામળા ? ૧૦

ધીંગાને દે ધાન, રાંકાને રાખે નહિં;
તું પાસે નહિં પ્રધાન, કોણ સમજાવે સામળા. ૧૧

ધીંગે દીધલ ધાન, આ ભવથી ઓ ભવ લગી;
રાંકે ભજ્યા ન રામ, સાચે દલે સામળા. ૧૨

---

૧ ઝુમર. ૨ નવપલ્લવ. ૩ ગોળ. ૪ પહોર. ૫ સાંગ-રથ. ૬ વાંઝિયો, નિર્વંશ.

સાચાના બેલી સામળા.

(સોરઠા—એકથી પંદર અંક સુધીના)

એકેથી ઊચાટ, રાજા રાખીશ માં;
એમાં વસમી તારે વાટ, સલબી* કરશે સામળા. ૧
બીજે બિલાડી તણાં, બળતાં રાખ્યાં બાળ;
તે નિભાડે ધરાયલ્લ સાર, સાચાના બેલી સામળા. ૨
ત્રીજે પાંચાળી તણી, ટાણે રાખવા ટેક;
અપંગા ટેકો એક, સાચાના બેલી સામળા. ૩
ચોથે તો છોડાવિયો, ગ્રહ્યો હતો ગજરાજ;
લોભેરાની લાજ, શિંગે તારે સામળા. ૪
પાંચમે પ્રહ્‌લાદ, થંભ દેખી ઝાંખો થિયો;
તેમાં કીડી હાર કટાર, સબળ ચલાવી સામળા. ૫
છઠ્ઠે હરણાકંશને, નરસંગરૂપે નાથ;
હરિ વધારી હાથ, તેં સંહાર્યો સામળા. ૬
સાતમે સાયરની, બહુ નાંમી બાંધી પાળ;
એવું રાવણનું રાજ, પળમાં રોળ્યું સામળા. ૭
આઠમે રે'તો અભંગ, પાંડવનો પ્રતિપાળ;
લાખાગ્રહમાં લાજ, રાખી તેં તો સામળા. ૮
નોમે નરસિંહાતણી, નાગર લેતા લાજ;
તેનાં મામેરાં મા'રાજ, સબળ પૂર્યાં સામળા. ૯
દશમે બેઠો દ્વાર, કોલવો+ ભગત હઠ કરી;
બળિયા ફેરવી બાર, સન્મુખ કીધાં સામળા. ૧૦

---

* સૌહેલી; સુગમ + દ્વારિકામાં ભક્ત થઇ ગયો છે.

અગ્યારસે રે'તો આપ, નીમો[1] પાળતો નીમ;[2]
અગ્નિમાંથી ઈમ,[3] સાજો રાખ્યો સામળા. ૧૧
બારસે વખ મોં ઝીલ, ધાવ્યો તે માસીતણું;
પૂતનાના પ્રાણ, સોસી લીધા સામળા.[4] ૧૨
ચૌદશે સુદામાતણાં, દાળદર કીધાં દૂર;
હરિ તું હતો હજૂર, સાચાનો બેલી સામળા. ૧૪
પંદરે બળિને ચાંપ્યો, વ્યાળ પો'ચ્યો અસમાન;
પ્રાગવડને પાન, ક્યાં સમાણો સામળા ? ૧૫

વાદળ ચઢિયું વિઠુલા.

દેવે મૂકલ દાદરો, ઊંચો આભ લગે;
પ્રભુ તારે પગે, વળગ્યો આવિશ વિઠુલા. ૧
અવતરિયો એકુવાર, દશરથ ઘર તું દેવા;
ગઢ લંકા લેવા, વડછડ[5] માંડી વિઠુલા. ૨
બીજે બગાસૂર, માર્યો કર લાંબો કરી;
ધરણીપર પાવ ધરી, નોર વધાર્યા વિઠુલા. ૩
ત્રીજે બળને[6] છેતરવા, માગી ત્રણ કરમ[7] ભોમ;
વરમંડ[8] લાગ્યાં વ્યોમ, વામનરૂપે વિઠુલા. ૪
ચોરી ગ્યો'તો ચાર, વેદ બ્રહ્માના વાળિયા;
સંખવો દૈત્ય સંઘાર, વારંગરૂપે વિઠુલા. ૫
ચત્રભુજ તેં પૂરિયાં, પંચાળીનાં ચીર;
હેતે વધાર્યું હીર[9], વાંધો ન રહ્યો વિઠુલા. ૬

---

૧. નીમો ભક્ત. ૨ નિયમ. ૩ એ પ્રમાણે. ૪ (તેરસ મળી નથી.)
૫ ધીંગાણું. ૬ બલીને. ૭ કદમ, પગલાં. ૮ બ્રહ્માંડ. ૯ આબરૂ.

ચત્રભુજ મહિના છ રમ્યા, રંભા સાથે રાત;
ભાંગી મનની ભ્રાંત, વનરાવનમાં વિઠ્ઠલા. ૭
સમરણ કરિયે સાત, આત્મરવિ ઉગ્યો ન જ્યાં;
તેથી તિમર ટળે, વણ સર ઊગે વિઠ્ઠલા. ૮
સામળિયા સૃષ્ટિ રચી, રૂપ ધર્યું વિકરાળ;
અટકળ માંડી આઠ, વગતે વગતે વિઠ્ઠલા. ૯
નવકુળ હતા નાગ, દેહીને ન લાગ્યા દાગ;
જમનાએ દીધો માગ, ઈ વૈકુંઠમાં વિઠ્ઠલા. ૧૦
ભૂમિનો ઉતારવા ભાર, લીધા દશ અવતાર;
ભક્ત જનોની ભીડ, વેંઢારસ[1] તું વિઠ્ઠલા. ૧૧
ગોવિંદા ગોકુળમાં રહી, કર્યો કંસનો સંહાર;
લીલા કરી અપાર, વરસ અગિયારે વિઠ્ઠલા. ૧૨
કાનુડા ઈંદ્ર કોપિયો, બહુ નામી મેઘ બાર;
ધરણી ન ઝીલે ભાર, વાદળ ચઢિયું વિઠ્ઠલા. ૧૩
તેર વરસે તેં, રથ બાંધી આણી રૂકમણી;
ત્યાં કયો હતો તોખાર, વેલેં તારી વિઠ્ઠલા. ૧૪
સુંદર વર સધન થયા, ચૌદશ બાંધી પાળ;
ભડિયો તું ભૂપાળ, વડિયે વડિયે વિઠ્ઠલા. ૧૫
પંદર અંકે પાછા, મથુરામાં રહ્યા માવ;
ભૂધર ન લાગ્યો ભાર, વર્તારો ન પડયો વિઠ્ઠલા. ૧૬
સોળે કેવી સુંદરી, રહી કંસને દ્વાર;
સોળે હજાર સામટી, તું વેગે વરિયો વિઠ્ઠલા. ૧૭

---

૧ ખમે છે.

સત્તર સાખી વાંચી, દૈત્યોને દીધી દક્ષણા;
પ્રભુ ન લાગ્યો પાર, કંઇ કાબા તરિયા વિઠ્ઠલા. ૧૮
દક્ષણ ઊપર દળ, આણ્યું ક્ષોયણી અઢાર;
પ્રભુ ન લાગ્યો પાર, કૈક વાતરિયા વિઠ્ઠલા. ૧૯
ઓછાયે અગણોતરે, કાંઇ ઉછાયો અઢથઢ;
જીવ ઉપરથી જમડા, તું વાળી લેજે વિઠ્ઠલા. ૨૦

રણુમાં જણાય રાજિયા.

નર તે ચતુર સુજાણ, સર અવસર ચૂકે નહિં;
અવસરનાં એંધાણ, રહે ઘણા દિ રાજિયા. ૧
હિંમત કિંમત હોય, કિંમત વણ હિંમત કશી;
કરે ન આદર કોય, રદ તે કાગળ રાજિયા. ૨
પલટે પળ પળમાં, પળમાં કરે અતિ;
તે મતલબના ચાર, રીત ન જાણે રાજિયા. ૩
મતલબને મન વાર, જગત જમાડે ચૂરમાં;
વણ મતલબ મન વાર, રાબ ન રેડે રાજિયા. ૪
લાવર તેતર લાર, હરકોઇ હાંકા કરે;
સાવજના શીકાર, રમવા મુશ્કલ રાજિયા. ૫
શૂર હિણો સરદાર, મત હિણું રાખે મનસ;
અંધ ઘોડો ને અસવાર, રામ રખોલાં રાજિયા. ૬
સુખમાં પ્રીતિ સવાય, દુખમાં મો'ટાળા દિયે;[૧]
તે પાસે કોણ જાય, રામ કચેરી રાજિયા. ૭
હુન્નર કરો હજાર, શાણપણું ને ચાતુરી;
હેત કપટ વે'વાર, રહે ન છાનાં રાજિયા. ૮

૧ અખાડા કરે.

કરેજ પલમાં પ્યાર, પલમાંહિ પલટે પરા[1];
તે મતલબના યાર, રહે ન અળગા રાજિયા. ૯
અવની રોગ અનેક, જેનાં બહુ કીધાં જતન;
ઈણુ પ્રકૃતિનું એક, રચ્યું ન ઔષધ રાજિયા. ૧૦
વચન નૃપત અવિવેક, સુણિ છીજે[2] શાણા મનુષ;
અપત[3] હુવા તરુ એક, રહે ન પંછી રાજિયા. ૧૧
ઉપજાવે અનુરાગ, કોયલ મન હર્ષિત કરે;
કડવો લાગે કાગ, રસનાના ગુણ રાજિયા. ૧૨
રોગ અગનિ ને રાડ,[4] જાણ અલ્પ કીજે જતન;
વધ્યા પછી બિગાડ, રોકયાં ન રહે રાજિયા. ૧૩
જણુ જણુનું સુખ જોય, નાસત દુખ કે'વું નહિં;
દે ન કાઢિ વિત કોય, રોઇ મરતાં રાજિયા. ૧૪
ડુંગર બળતી લાય, દેખે સારી જગત તે;
પરજળતી[5] નિજ પાય, રતી ન સૂઝે રાજિયા. ૧૫
કહી ન માને કાંય, જુગતિ અણુજુગતિ જિયાં;
શાણુંને સુખદાય, ચૂપ રહેવું રાજિયા. ૧૬
ગુણ અવગુણ જિણ ગાય, સુણે ન કોઇ સાંભળે;
મચ્છ ગલાગલ[6] માંહ્ય, રે'વું મુશ્કલ રાજિયા. ૧૭
નિશ્ચય હોય નિશંક, ચિત્ત ન કીજે ચલબિચલ;
એ વિધાતરાના અંક, રાઈ ન ઘટે રાજિયા. ૧૮
નાના મનુષ નજીક, ઉમરાવને આદર નહિં;
ઠાકર જાણે ઠીક, રણમાં જણાય રાજિયા. ૧૯

---

[1] છેટા, વેગળા. [2] ત્યાગ. [3] પાંદડાં વિનાનાં. [4] કજીઓ.
[5] પ્રજળતી, બળતી. [6] માછલાંને પકડવાનો લોઢાનો આંકડો.

કનોજ દિલ્લી કાજ, સામંત[1] પખરા[2] તયેં;
રઝળ્યાં દેખ્યાં રાજ, રાવતણાં તે રાજિયા. ૨૦

ભલાંજ કોઇ ભેરિયા.

શુક[3] પિક[4] લાગે સ્વાદ, ભલ[5] થોડાહી ભાખણો;
વૃથા કરે બકવાદ, ભેક[6] લવે જેમ ભેરિયા. ૧
ચાલે કુળની ચાલ, રામ ધરમ રાખ્યાં રહે;
દુખિયાં પર શું દયાળ, ભવ કેમ બગડે ભેરિયા. ૨
રે'વું એકજ રંગ, કે'વું નહિ કુડું કથન;
ચિતડું ઉજ્વલ ચંગ, ભલાંજ કોઇ ભેરિયા. ૩

વારી ના'વે વિંઝરા.

સહુ સહુની સરાં[7], વરસે તે આવે વળી;
એક જોબન ને જરા, વારી ના'વે વિંઝરા. ૧

(દુહો.)

કેનાં પાડે કેનાં પોઢિયે, કેનાં ગાડ ભરાય;
અમારાં દુખનો પાર નહિ, વિંઝરા વા'ણ ભરાય. ૨

જાતું ન રહે જોગડા.

(સોરઠા.)

જો મોંઘાં મળે, (તો) સોંઘાં સાટવિયે નહિં;
ખુંધાં તે ખમે, જાતિલાં હોય જોગડા. ૧
દીવામાં દીવેલ; જોતું જોઇ વાવરિયે;
હૈયે હોય જો હેત, જાતું ન રહે જોગડા. ૨

---

૧ શૂરા. ૨ બખ્તર. ૩ પોપટ. ૪ કોયલ. ૫ ભલું, સારૂં ૬ દેડકું.
૭ મોસમ, ઋતુ.

પાદર તારે પોરહા.

હતું તે હરાવિયો, ખજીનો બેઠો ખોઇ;
કામણગારૂં કોય, પાદર તારૂં પોરહા. ૧
હતું કામળની કોર, છેડેથી છૂટી પડયું;
ઇ રતન ગયું રોળ, પાદર તારે પોરહા. ૨

દલ તો દળ્યું દાદવા.

ઘડીકનાં ઘડિયાળાં, (કોઇ) છત્રપતિ ચેત્યા નહિ;
(માથે) મરણ દદામાં,[1] દન રાત વાગે દાદવા. ૧
ચાંચાળો ચાંચે લિયે, આવતું બુંદ અહ્લાહ;
જેવો શેડ[2] શાહ, (એવો)દોણું[3] નો'ય દાદવા. ૨
મસરીનું મા'તમ જોય, અગ્નિથી આડા કરે;
તોલ ન ગળિયું તોય, દલ તો ગળ્યું દાદવા. ૩.

વરવું વહાલા નાગને.

નાગ નિસરણો નાંખ, કિયે ઓવારે ઉતરિયે;
જો આમાંથી ઉગાર, તો વરિયેં કાળા નાગને. ૧
તમે પાણી અમે પાળ, આઠે પો'ર આટકતાં;
તે દિની ટાઢાળ, વરવું વા'લા નાગને. ૨
નીકળ વા'લા નાગ, રાફડ કાં રૂંધાઇ રિયો;
માથે મોરલીનો માર, નાડું તૂટે નાગની. ૩
વડલા હેઠળ વાવ, હાલે ને હિલોળા લિયે;
ઇ નાગમદે નાર, ટોડાની પાણી ભરે. ૪
વગાડું છત્રિશ રાગ, ખાંધે જ'તરડું ધરી;
નીકળ વા'લા નાગ, વેશ જોવામે વાદણનો. ૫

1 નગારાં. 2 શેડ, ધાર. 3 હાંડલું.

નાંગળ તૂટયાં નાગાજણ.

વછિયાતીનું વહાણુ, ભાગ્યું તે ભાઠે ચ'ડે;
મધ દરિયે મેલાણુ, નાંગળ તૂટયાં નાગાજણુ. ૧
નાગાજણુ નજરૂં કરે, પંડપર પાલવ નહિં;
અછતનાં અમે, દુબળ તે કયાં દાખિયે? ૨

(કાળિયા, મૂળવા, માંગડા, જાજરા, દેવરા, ઇત્યાદિના.)

બા'રે બળતર હોય, ઓસડ કરિ ઓલાવિયે;
કાળજ બળતર કોય, કિં ઓલાએ કાળિયા? ૧
જળ ગિયું જમી[1] ગઇ, ગિયો પોરસ પતિયાર;
ચાંપા ભેગાં ચાર, મા'તમ ગિયાં તે મળવા. ૨
હીરાગળ ફાટયું હોય, ત્રાગે લઇ તૂણાવિયે;
કાળજ ફાટયું કોય, સાંધો ન મળે સૂરના. ૩
વડલા તારી વડઝાળ, પાને પાને પરવરે;
નહિ ઘોડો અસવાર, મિટે મરાણો માંગડો. ૪
સોટો ચારજ હાથ, ગુંથ્યો ગોરે માણુસે;
ગુણની વાળી ગાંઠ, (એ) દોરો ન છુટે દેવરા. ૫
પરસાળ પા'ણા તણી, જાતે દિવસે જાજરા;
સુવચન અને સુહાગ, દેવાણું દ ડગે નહિં. ૬
અધખૂડી અધવાલ, ઊભાં કેને અપાય નહિ;
મૂવા કેડે માલ, ગોલણુ મર ગાડાં ભરે. ૭

૧ જમીન.

સોરઠના ઇતિહાસ સંબંધી.

રાહ કવાટ ને ઊગોવાલો.

મૂળ તળાજાના વાળા રજપૂતો. રાહ આહરિપૂનો કુંવર રાહ કવૉટ ઇ૦ સ૦ ૯૮૨ માં જુનાગઢની ગાદીએ હતો. તે સમયે શિયાલ બેટમાં પરમાર વીરમદેવનું રાજ્ય હતું. વીરમદેવે રાહ કવાટને કેદ કરવાની કપટ બુદ્ધિથી, તેને વહાણુમાં મળવા બોલાવી પકડી લીધો ને બીજા રાજાઓની સાથે પોતાના મહેલના કાદપાંજરાંમાં[1] કેદ પૂર્યો. આ બનાવની કવાટના ભાણેજ ઊગાવાળાને તળાજે ખબર થતાં, શિયાલકોટ જઇ વીરમદેવને પૂરો કર્યો ને રાહ કવાટને કેદથી છોડાવ્યો હતો.

(સોરઠો.)

પ્રથમ વળા ને વઢવાણુ, પાટણુપૂર પછી થિયાં;
રહેર સુલતાન એ રાણુ,[2] એભલથી ઓરાં થિયાં. ૧
સરઠો[3] કરો વિચાર, બે વાળામાં કયો ભલો ?
સરનો સોંપણુહાર, (કે) વાઢણુહાર વખાણિયે ? ૨

(દુહો.)

અણુકલ ત્રીજે એભલે, સાવડ સંકટ સોડ;
દિયા તલાજા ડુંગરે, કન્યાદાન કરોડ. ૧

(દુહા–સોરઠા મિશ્રિત.)

કર મજરો કવાટ, આંખે રાજા અનંત;
પરમાવી ગરનારપત, પાછી મેલું પાટ. ૧

---

૧ દાદર (સીડી) માં લાકડાનું પાંજરૂ. ૨ રાણા; ઝાલા જાતના રજપૂતો. ૩ સોરઠનો નિવાસી.

સો રાજા બંધે પડયા, કઠ પાંજરે કવાટ;
વા'લા જોઉં વાટ, એક તારી ઊગલા. ૨
છાતી ઉપર શેરડો, માથા ઊપર વાટ;
જાણુજે વાલા ઊગલા, કી પાંજરે કવાટ. ૩
તું કે'તો ત કાય, તાળી તળાજા ધણી;
વા'લા હવે વગાડ, એકે હાથે ઊગલા. ૪
સોએ ભાઈ સામટા, રજપૂતોના ઠાઠ;
સો રાજા બંધે પડ્યા, કશી ગણુતી કવાટ.
જીવશું તો જાણુશું, વા'લા વળે ગયાં;
પાડું પડખાં માંહ્ય, ઊભારી તેં ઊગલા.

રાહ નોંઘણ.

જૂનાગઢની ગાદીએ જે વખતે (સં૦ સ૦ ૧૧૦૩ માં) રાહ દયાસ હતો તે વખતે સિદ્ધપુરપાટણમાં દુર્લભસેન રાજા રાજ્ય કરતો હતો. તે દુર્લભસેનની રાણીઓ ગિરનારની જાત્રાએ જતાં તેનું અપમાન થવાથી, જૂનાગઢ ઉપર તેણે ચઢાઇ કરી; પરંતુ ઉપરકોટનો કિલ્લો લેવાય તેમ ન હોવાથી રાહ દયાસ ત્યાં રહેવા ગયો. દુર્લભસેને યુક્તિ કરી એક ચારણને રાહ દયાસના ગુણ ગાવાને તેની પાસે મોકલ્યો, ને એવું શીખવ્યું કે તે રીઝે તો માથું ઇનામમાં માગવું ! તે પ્રમાણે રાહ દયાસ જ્યારે પોતાનાં વખાણ સાંભળી ઘણો પ્રસન્ન થયો ને " ગમે તેં માગ " એવું કહ્યું, ત્યારે ચારણે તેનું માથુંજ માગ્યું ! રાહ એ સાંભળી મોટા ધર્મ સંકટમાં પડયો. તે વિષયમાં કહ્યું છે કે,—

(સોરઠો.)

ચારણ ચઢિયો લોઢ, મથો ગઢ માગણે;
સોરઠ રાહ દયાસ, સે હણે ન કહિ કડે. ૧

(રાણી વચન-દુહો.)

અધા[1] તું અધા થિયે, ભાઇયે છ મંગણુહાર;
તેજી[2] ડિયાં[3] તકડા ડિયાં, હાથી ડિયાં હુલકાર,
ગિનની[4] ચંદનહાર, દે છડિંધા[5] સરદ.ર. ૨

(ચારણુ વચન-સોરઠો.)

ગેમર[6] આય ઘણા, તેજી આય તબીલમેં;
મોંકે નાંય મણુા, આલો શિર વાલો અબે. ૩

(રાહની બેહેનનાં વચન-સોરઠો.)

વઢી દેને વીર, મથો મંગણુહારકે;
દાતારા મન ખીર,[7] અદાતા ઘણું કઠણુ જે. ૪

(રાહની માતાનાં વચન-સોરઠો.)

મથો મંગણુહાર, કેજ દયાસ તું ન દે;
કેડ બંધી કિજરી,[8] કીરત કેર[9] કરે ? ૫

પછી દયાસ ઉપરકોટના કિલ્લામાંથી ઉતર્યો ને સિદ્ધપુરપતિ દુર્લભસેન સાથે યુદ્ધ કર્યું. ભોગજોગે તેમાં તે મરાણો ને તેનું માથું ચારણુને મળ્યું. તે પછી એટલે ઇ૦ સ૦ ૧૦૧૦ માં સિદ્ધપુરમાં જૂનાગઢની સત્તા સ્થપાઇ ને તેનો સુબો અમલ કરવા લાગ્યો. મરનાર રાહ દયાસને એક નાનો કુંવર હતો, જેનું રક્ષણુ કરવા તેની માતા ઉંડ પરગણે આલીધર-બોડીધર નામના ગામડામાં દેવાયત્ નામના આહિરને ઘેર રહી. એ કુંવરનું નામ રાહ **નોંઘણુ.**

---

૧ બાપ. ૨ તેજી; ઘોડા. ૩ આપું. ૪ લે. ૫ છોડીદે. ૬ હાથી. ૭ દૂધ. ૮ માંગણુ લોકો કમ્મર પર એક જાતનું વાજિંત્ર બાંધે છે તે. ૯ કોણુ.

પાટણને સુબે દેવાયતને બોલાવી, નોંઘણને રજુ કરવા કહેતાં, તેણે ઊગા નામનો પોતાનો જે એકજ પુત્ર હતો તેને નોંઘણને બદલે રજુ કર્યો, એટલે સુબે તેને હાથે હાજર કરેલા પુત્રનું મસ્તક કપાવ્યું ! તે સંબંધમાં કહ્યું છે કે,—

(સોરઠો.)

દોકડ એકે દાન, અવર કોઇયે અપાય નહિ;
દઇ ઊગો દેવાત, રાખ્યો નોંઘણ રાહને. ૧

પછી એ દેવાયતે પોતાની પુત્રી જાસલનાં લગ્ન પ્રસંગે, આહીરોનું મોટું લશ્કર એકઠું કરી, સુબાને મારી, રાહ નોંઘણને ઇ૦ સ૦ ૧૦૨૦ માં જૂનાગઢની ગાદીએ બેસાડયો.

એકવાર એવું બન્યું કે જાસલને લઇ તેનો પતિ સંસ્તીઓ, સિંધમાં "વાઢે"[1] જતાં, સિંધનો હમીર સુમરો જાસલનું સ્વરૂપ જોઇ મોહિત થયો. આ ભયાનક પ્રસંગથી ઉગરવા જાસલે પોતાના ધર્મબંધુ નોંઘણને કહેવરાવ્યું કે,—

(સોરઠા.)

નોંઘણના નમઘેલ,[2] છઠ્ઠીના ચકે નહિં;
જાએ જગ છેહ[3], આગળ આવી આડાં સરે. ૧
તું નો'તે જે નો'ય, તે તું હૂતે હૂઇ;
વીર વમાસી જોય, નોંઘણ નવ સોરઠધણી. ૨
માંડવડે મા'લતાં, બાંધવડા આપલ બોલ;
કર ને કાપડની કોર,[4] જાહલને[5] જૂનાના ધણી. ૩

રાહ નોંઘણ, આ સંદેશો સાંભળી, એકદમ મેહેર, મૈયા તથા આયર લોકોની મોટી ફોજ લઇ સિંધ ઉપર ચઢી ગયો અને હમીરને હરાવી જાસલને જૂનાગઢ લાવ્યો.

---

૧ ઢોરને કાળ દુકાળે બીજા મુલકમાં ચારવા લઈ જાય તે "વાઢ" કહેવાય છે. ૨ નિર્માણ થયેલ. ૩ છેવટ. ૪ વીરપસલીનું કાપડું, કમખો. ૫ જાસલનો અપભ્રંશ શબ્દ જાહલ.

રાહ ખેંગાર ને રાણકદેવી.

જૂનાગઢમાં ચુડાસમા રજપૂતોનું રાજ્ય હોવાની તે વંશનો બાજો રાહ નોંઘણ ઇ૦ સ૦ ૧૦૬૭ માં ગાદીએ બેઠો ને તે પછી તેનો કુંવર રાહ ખેંગાર ઇ૦ સ૦ ૧૦૯૮ માં ગાદીએ આવ્યો. આ અરસામાં સિદ્ધપુર-પાટણની ગાદીએ સિદ્ધરાજ જયસિંહ હતો.

સિંધના કેરોકોટ નામે શહેરના રાજા રોરને ત્યાં એ પ્રસંગે એક કુંવરીનો જન્મ થયો, જે અવજોગમાં જન્મવાથી તેને પેટીમાં બંધ કરી, માટીની ખાણમાં નખાવી દીધી. આ પેટી હડમતીઆ નામના કુંભારને હાથ આવતાં, તેમાંથી નીકળેલી કન્યાનું પુત્રીતુલ્ય પોષણ કર્યું ને તેનું નામ રાણકદેવી રાખ્યું. હડમતીઓ એ છોકરીને લઈ જૂનાગઢ નજીક મજેવડી ગામમાં જઇ રહ્યો; જ્યાં જેનું રૂપ-સૌંદર્ય જોઈ, ભાટ ચારણો વખાણ કરવા લાગ્યા ને એ કન્યા રાજા સિદ્ધરાજને યોગ્ય ગણી માગું કર્યું. પરંતુ રાણકદેવીને તો રાહ ખેંગાર સાથે પરણાવેલી હોવાથી સિદ્ધરાજે જૂનાગઢને ઘેરો ઘાલ્યો. આ લડાઇમાં રાહ ખેંગારના ભાણેજ દેશળ તથા વીશળ ફૂટવાથી ખેંગાર મરાયો ને રાણકદેવીનું હરણ થયું. રાહ ખેંગારના મરણ પછી જૂનાગઢનો કારભાર સિદ્ધરાજે પોતાના સુજાણ નામે સેના-પતિને સોંપ્યો, પરંતુ જૂનાગઢની પ્રજાએ તેની સામે બળવો કરી, ખેંગારના નજીકના વારસોમાંથી ત્રીજા નોંઘણને ઇ૦ સ૦ ૧૧૨૫ ગાદીએ બેસાર્યો.

(દુહા.)

આંગણ આંબો મોરિયો, શાખ પડી ઘર બ્હાર;
દેવે ઉપાઇ દેવડી, નહિ જાતે કુંભાર. ૧

સોરઠ સિંહલદ્વિપની, જાત તણી પરમાર;
બેટી રાજા રોરની, પરણ્યો રા' ખેંગાર. ૨

બાવન હજાર બાંધિયા, ઘોડા ગઢ ગિરનાર;
(કેમ) સહી શકે સોરઠ ધણી, ખોહણું[1] દળ ખેંગાર. ૩
નથી ઘોડાંને ગુડિયાં, નથી ભાંગ્યા ભંડાર;
નથી માણી રાણકદેવને, કાં ઓળંભા[2] દે ખેંગાર. ૪
નિધણીયાં ને નઠોરિયાં, ભણિયલ જાતે ભાટ;
ખોળી કાઢી રાણકદેવને, ખેંગારે પાડી વાટ. ૫

(સોરઠા.)

જેસિંહ દેવે જાય, ધાર નગર ઢંઢોળિયો;
કપરો તે કે'વાય, ખેંગાર તું ખેંધો મ કર. ૧

રાણકદેવી:—

કવણ ખટકાવે કમાડ, મહુલી રાણકદેવની;
જાણશે રા' ખેંગાર, ત્રાટક[4] કાન તોડશે. ૨

મયણલ્લદેવી[5]:—

ઓખો ગઢ ગિરનાર, મારો મેંઢો લાડકો;
મારી રા' ખેંગાર, ઉતારવી રાણકદેવને. ૩

રાણકદેવી:—

આ મા'રા ગઢ હેઠ, કેણે તંબુ તાણિયા;
સધરો મા'રો શેઠ, બીજા વર્તાઉ વાણિયા. ૪

મયણલ્લદેવી:—

વાણિયાના વેપાર, જાતે દા'ડે જાણશો;
મારશું રા'ખેંગાર, ઉતારશું રાણકદેવને. ૫

૧ અખંડ. ૨ ઠપકા. ૩ આ વચન ખેંગારના ભાણેજ વીશળદેવે કહેલાં છે.
૪ તાણીને; મચરડીને. ૫ રાહખેંગારની બહેન; દેદળ, વિશળની મા.

રાણકદેવીઃ—

(દુહા.)

સ્વામી ઊઠો સેન લઈ, ખડગ ધરો ખેંગાર;
છત્રપતિયે છાઇયો, ગઢ જૂનો ગિરનાર. ૧
ઝાંપો ભાંગ્યો ભેળ પડી, ઘેર્યો ગઢ ગિરનાર;
દુદો હમીર[1] મારિયો, સોરઠનો શણગાર. ૨

(સોરઠા.)

તરવરિયા તોખાર, હૈયું ન ફાટયું હંસલા;
મરતાં રા' ખેંગાર, ગામતરાં ગુજરાતનાં. ૧
રે આબર શિંગાળ, એક દિ શિંગાળાં હતાં;
મરતાં રા' ખેંગાર, ભવનાં ભીલાં* થઈ રહ્યાં. ૨

(દુહો.)

ચંપા તું કાં મોરીયો, થડ મેલું અંગાર;
મોરે કળિયું માણતો, માર્યો રા' ખેંગાર. ૧

(સોરઠા.)

ગરકે ગચ્છ મોર, ગોખ ગરવાને ચઢી;
કાપી કાળજ કોર, પિંજર દાઝ્યો પાણિયે. ૧
ઉંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે;
મરતાં રા' ખેંગાર, રંડાપો રાણકદેવડી. ૨
ગોઝારા ગિરનાર, વળામણ વેરીને થિયો;
મરતાં રા' ખેંગાર, ખરેડી ખાંગો કાં ન થયો ? ૩
મ પડ મારા આધાર, ચોસલાં કોણ ચઢાવશે ?
ગયા ચઢાવણહાર, જીવતાં જાતર આવશે. ૪

૧ દરવાણી; દરવાજાનો ચોકિયાત. ૨ બળદનાં શિંગડાં કાનની પેઠે નમી જાય ને અણિયાળાં ન રહે તે.

ઉતર્યાં ગઢ ગિરનાર, તનડું આવ્યું તળાટિયે;
વળતાં બીજી વાર, દામોકુંડ નથી દેખવો. ૫
મારૂ પાટણ દેશ, પાણી વિના પૂરા મરે;
સરવો[1] સોરઠ દેશ, સાવજડાં સેજળ પિયે. ૬
બાળું પાટણ દેશ, જ્યાં પટોળાં નીપજે;
સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબડી[2]. ૭

(દુહા.)

વાયે ફરકે મુંછડી, રયણ ઝબૂકે દંત;
જુવો પટોળાં વાળિયો, લોબડીવાળીનો કંત. ૧

(સોરઠા.)

વાયુ વાય સવાય, વાયે વેળુ પરજળે;
ઊભો ત્યાં **સિદ્ધરાજ**, સત જોવા સોરઠિયાણીનું. ૧
માણેરા મ તું રોય મકર રાતી આંખડી;
કુળમાં લાગે ખોય[3], મરતાં મા ન સંભારિયે. ૨
પાણીને પડતે, કે ’ તો કુવા ભરાવિયે;
માણેરો મરતે, શરીરમાં સરણું વહે. ૩
વારૂ શ્હેર **વઢવાણ**, ભાગોળે ભોગાવો વહે;
ભોગવતો રા’ ખેંગાર, ભોગવ ભોગાવા ધણી. ૪
વાઢી તો વઢવાણ, વિસારતાં ન વિસરઈ;
સોના સમા પરાણ, ભોગવ તઈં ભોગવઈ. ૫
પાટું પડખાં માંહ્ય, **ખેંગાર**ની ખાધલ નહિં;
મોજડિયાળી મ માર, માણ વેરી વીસલા. ૬

૧ સારો. ૨ ઉનની ધાબળી; કામળી. ૩ ખોટ; કલંક.

(દુહા.)

જે સાંચે સોરઠ ઘડયો, ઘડિયો રા' ખેંગાર;
તે સાંચો ભાંગી પડયો, જાતો રહ્યો લુહાર. ૧

પ્રથમજ પોળે પેશતાં, થયો ઠવકો ને ઠેંશ;
રંડાપો રાણકદેવને, (કે) સૂનો સોરઠ દેશ. ૨

રાહ મંડલિક તથા નાગબાઇ.

રાહ મહિપાળ ઇ૦ સ૦ ૧૪૪૦ માં જૂનાગઢની ગાદીએ બેઠો હતો. તેણે પોતાની હયાતીમાં પોતાના કુંવર બીજા રાહ મંડલિકને ઇ૦ સ૦ ૧૪૫૧માં ગાદીએ બેસાડયો, જે સમયમાં ત્યાં નરસિંહ મહેતો તથા ગિરમાં સરસઈ નજીક ખુણિયા ગામમાં ગંગાબાઇ ઉર્ફે નાગબાઇ નામે ચારણિયાણી મહા પ્રતાપી થયાં. રાહ મંડલિકે છેડ કરવાથી પતિવ્રતા નાગબાઇએ તેને શ્રાપ આપ્યો હતો, તે તેમજ નરસિંહ મહેતાને રાહ મંડલિકે ત્રાસ આપ્યા સંબંધી કેટલીક હકીકત હારમાળાનાં પદોમાં સુપ્રસિદ્ધ છે.

એ મંડલિકને પાટણમાં વિંજળ માંઝે કરીને એક મિત્ર હતો. તેને વારંવાર મંડલિક છાતીમાં ચાંપી મળતો; પણ વિંજાને રક્તપિતિયો કોઢ નીકળ્યો, ત્યારે તે રોગ રાહ મંડલિકને વળગે તે સારૂં નહિ, એવું વિચારી સંતાતો ફરતો; પરંતુ મંડલિક એટલો પ્રેમી હતો કે મિત્રને ભેટતાં ગમે તેવો મહા રોગ થાય તોપણ તેની દરકાર નહિ, એવું માની તેને ગિરના જંગલમાં શોધી ભેટી પડયો. તેથી તેને કોઢ તો ન થયો, પણ વિંજળને થયેલો કોઢ ઉલટો મટી ગયો. આ તેની પવિત્રતાને વખાણતાં છતાં નાગબાઇએ કહ્યું છે કે,—

(સોરઠો)

ગંગાજળ ગઢેચા,[1] પંડ તારૂં હતું પવિત્ર;
વિંજાને રગત[2] ગયાં, મને તો વાળા[3] મંડળિક. ૧

ઇ૦ સ૦ ૧૪૭૩ માં ગુજરાતના બાદશાહ મહમદ બેગડાએ જૂનાગઢ ઉપર ચ્હડાઇ કરી, તેને પરિણામે રાહ મંડલિક મહમદને શરણે થયો એટલુંજ નહિ પણ "કલમો"[4] પઢી મુસલમાની ધર્મ સ્વીકાર્યો. આ વખતથી ચુડાસમા રજપૂતો "રાયજાદા" ના નામથી ઓળખવા લાગ્યા છે. નાગબાઇનો શ્રાપ સાચો પડયો, ત્યારથી મુસલમાની અમલ જૂનાગઢમાં શરુ થયો અને દેવી ભદ્રકાળીના કોપથી પાવાગઢ મહમદ બેગડાને તાબે થયું કહેવાય છે.

મોં સંભારિશ મંડળિક.

(સોરઠા.)

ગઢ જૂનાની પોળ, દામો કુંડ દેખિશ નહિ;
રતન જાશે રોળ, મું[5] સંભારિશ મંડળિક. ૨
ગઢ ગરવાનાં રાજ, સંતાપી ચારણ[6] પામિશ નહિ;
કાયા થાશે કોઢણી, મું સંભારિશ મંડલિક; ૩
મંડળિક એંધો[7] મ કરે, વમાસણ[8] થાશે વીર;
રાણિયું રંડાપો પામશે, મું સંભારિશ મંડળિક. ૪
અતલશનાં ઉતારી, પે'રીશ ગલિયલ પાટ;
ભમતો માગિશ ભીખ, મું સંભારિશ મંડળિક. ૫
તપંસામાં[9] ખામી પડી, કીરિયા કોટ ચઢી;[10]
ખૂટામણુની[11] ખોટ, તે દીની મું મંડલિક. ૬

૧ ગઢપતિ, રાજા. ૨ રક્તપિત્ત ૩ વાળાનો રોગ. ૪ મુસલમાની ધર્મવચન. ૫ મોઢું-મુખ. ૬ સંબોધન. ૭ છાડછેડ. ૮ વિમાસણ. ૯ તપ. ૧૦ સત્કર્મરૂપી કોટપરથી ઠેકી ગયા. ૧૧ ખૂટલ એવું કલંક.

અમને દેશવટો દઈશ, (કે) મનાવીશ મોદળધણી;[1]
આ જૂની આ દેશ, મીંટૂ[2] તારી મંડળિક. ૭
વાતું ન ઘટે વીર, ગંગાજળ[3] ગરવા ધણી;
હીણી નજરૂં હમીર, માવતરની નો'ય મંડળિક. ૮
ચાંપે જે ચારણ ભણે, તું વાર્યું માને વીર;
હીણી નજરૂં હમીર, માવિત્રાની નો'ય મંડળિક. ૯
રાતે રટણ કરે, હર આગળ જોડી હાથ;
તે કીં[4] તારો સાથ, મેલી દીધો મંડળિક. ૧૦
વહૂ વધાવા જાય, થાળ ભરી સગ મોતિયે;
અવળે મોઢે થાય, તેમ તેમ રાહ મંડળિક. ૧૧
મીઠી નજરૂંની મીંટ, કુડી નો'ય **મોદળધણી**;
મો'લું[5] ત્યાં મસીદ, મું સંભારિશ મંડળિક. ૧૨
રાણિયું રીત વિના, હિંડે બજારે બેસતી;
માઝા મૂકાતે,[6] મું સંભારિશ મંડળિક. ૧૩
રાણિયું રીત પખે, જાય બજારે બેસશે;
ઓઝલ આળસતે, માહું થાશે મંડળિક. ૧૪
જાશે રા'ની[7] રીત, રા'પણું રે'શે નહિ;
ભૂંડ્યો સાજી ભીંત, મું સંભારિશ મંડળિક. ૧૫
દરવાજે દરવાણ,[8] રાહનાં રે'શે નહિં;
ભમતો માગિશ ભીખ, મું સંભારિશ મંડળિક. ૧૬
ઝાલરના ઝણકાર, શંખ સંભળાશે નહિં;
મુલ્લાં પઢશે નમાજ,[9] મું સંભારિશ મંડળિક. ૧૭
પોતાના પરિયાતણી, લાજજ લોપે મા;
જૂનાણું જાતાં, મરવું હતું મંડળિક. ૧૮

૧ ગિરનારનો રાજા. ૨ નજર; દૃષ્ટિ. ૩ એ નામનો ડુંગર; પર્વત.
૪ કેમ. ૫ મહેલ. ૬ મૂકી દેવાથી. ૭ રાહ, રાજા. ૮ ચોકી. ૯ નિમાજ.

ઘોડા ને ઘોડલિયું લઇ, જૂને પાછો જા;
માનને મોઢલ[૧] રા, મત કિં ફરી મંડળિક. ૧૯

નહિ હોય ઘોડા ઘેર, પાલખિયું પામિશ નહિં,
ગિરનારે ગર મેર[૨], મું સંભારિશ મંડળિક. ૨૦

નહિ વાગેજ નિશાન, નકીબ હુંકલશે[૩] નહિ;
ઊમટશે[૪] અસરાણ[૫], મું સંભારિશ મંડળિક. ૨૧

નાગાજણ[૬] જન્મ્યો નો'તતો, વવારૂ[૭] વો'રત[૮] નહિં;
કુલ અમારાને કોય, મસ દીધી તેં મંડળિક. ૨૨

નાગબાઈ દેવ ન હોય, વહું નેણાંને[૯] આપિયે;
એ વચ્ચે અંતર નો'ય ખૂંટકરણને[૧૦] મંડળિક. ૨૩

જાય તો જાગંડિયાં જાય, ખરીકે ખંખેરી કરી;
જાસો[૧૧] મૃગ[૧૨] ન જાય, માલચરાં એ મંડળિક. ૨૪

કસ્તુરિયો ભ્રમવા કરે, થાને[૧૩] ભણું તો ભણવો થાય;
નાયક ઠપકો નો'ય, માલચરાંને મંડળિક. ૨૫

ચૂડારા[૧૪] ચારણતણું, વચનજ માને વીર;
નેવાં તણાં નીર, મોભે ન ચડે મંડળિક. ૨૬

પોથાં ને પુરાણ, ભાગવતે ભણશો નહિં;
કલમો પઢશે કુરાન, તે દિ મું સંભાળિશ મંડળિક ૨૭

૧ ગિરનાર. ૨ ધમસો; (ભચડાકચડી.) ૩ પોકારશે. ૪ ઉભરાશે. ૫ અસુર. ૬ કોઇ બીજો મંડળિક. ૭ કન્યા. (વહુઓ) ૮ વહોરત, વસાવત. ૯ વહુનું નામ. ૧૦ એ નામની શાખ. ૧૧ શુદ્ધ. ૧૨ હરિણ. ૧૩ તુને. ૧૪ ચૂડાસમા રજપૂત.

જેઠો ભકત.

સોરઠ પ્રાંતમાં આવેલા કુંતિયાણા ગામનો રહેવાસી, જ્ઞાતે ભરવાડ. એણે રામાવાળા દોઢિયા રાગમાં રામાયણ તથા ચંદ્રાવળાં રચ્યાં છે ને તે હુતાશની વખતે ગવાય છે.

(દુહા દોઢિયા—કુંડળિયાની ચાલ.)

કાયા નગરને કોટ ચણાવો, ધરમની ખોદાવો ખાઈ;
દયા ધરમની બંધાવો ડેલિયું, રખાવો રે'ણીના સિપાઇ.
રખાવો રે'ણીના સિપાઈ તે વચન ન વાઢે,[1]
નરતાં લોકને શ્હેરથી બા'રાં કાઢે.
કે' જેઠો કરવી ખિજમતને પાડવી સાઈ.[2]
કાયા નગરને કોટ ચણાવો, ધરમની ખોદાવો ખાઈ. ૧

કાંધ કુવાડી વન કબાડી ફરે, દૂજે વને ન જાય;
ચંદન વડેરો રૂખડો, સબ ઝાડુંનો રાય.
સબ ઝાડુંનો રાય ન કાપિયે, સારૂં નિસરે મુખતો નરતું ન કાઢિયે;
કે' જેઠો રામનો મોઢે પ્રેમ ઝરે, કાંધ કુવાડી વન કબાડી ફરે. ૨

મહારાજે તેડાં મોકલ્યાં, મોરથી મોકલ્યા તાવ;
જમ સંદેશા મોકલે, કેવા કાયાના ભાવ.
કેવા કાયાના ભાવ તે કાચા, આવશે જમડા નહિ વળે પાછા;
કે' જેઠો રામનો, બાળાપણમાં લીધા લા'વ,
મહારાજે તેડાં મોકલ્યાં, મોરથી મોકલ્યા તાવ. ૩

---

૧ લોપે. ૨ સાખ.

એક દિ કઠણુ છે, શું સમજાવું કહી,
પ્રાણિયો હતો તે પંથ થિયો, કાયા પડી રહી.
કાયા પડી રહી તે અંધારો થિયો, કાયાતણો માલમ તે વહી ગિયો.
કે, જેઠો રામનો, સગું કુટુંબ ચાલ્યાં મસાણે લઈ,
એક દિ કઠણુ છે, શું સમજાવું કહી.

અંત કાળે જાવું એકલું, રે'વી મસાણે રાત;
ગોળા છૂટે ગેબના, ઘટડું પામે ઘાત.
ઘટડું પામે ઘાત તે ઘડી, વારોવાર મનખા જનમ ના'વે ફરી
કે' જેઠો રામનો ઉડયો હંસ નહિ આવે હાથ,
અંતકાળે જાવું એકલું, રે'વી મસાણે રાત. ૫

હંસો ચાલી નીસર્યો, સૂનાં મેલી શહેર;
અન પાણી ગળે ન ઊતરે, લાગે કડવાં ઝેર.
લાગે કડવા તે મોરી સહી, કાયા જયારે પડવાની થઈ.
કે' જેઠો રામનો, છપન માથે વાગે ભેર,
હંસો ચાલી નીસર્યો, સૂનાં મેલી શહેર. ૬

હંસો ચાલી નીસર્યો, મેલી ગરવાની માયા;
સે'જ પલંગે પોઢતાં, છોડી દીધી કાયા.
છોડી દીધી કાયાને દગો થિયો,
વા'લાં સગાંનો જીતવો ઉભો ન રિયો,
કે' જેઠો રામનો, લીલા વન રાય ને શીતલ છાયા,
હંસો ચાલી નીસર્યો, મેલી ગરવાની માયા. ૭

वडा प्रांतनुं इतिहास आदि साहित्य.

સોણી અને વેજાણંદ.

જાતનાં આહિર પતિ-પત્ની બડાંમાં થઇ ગયાં.

(દુહા–સોરઠા મિશ્રિત.)

ગમે ગમે તે ગોડડી, નવ તાંનુમાં નેહ;
વા'લાં વેજાણંદનાં તુંબડાં, મારા હિયાના છેહ. ૧
જંતર વડે તુંબડે, બત્રિશ રાગ ગવે;
ત્રીશ લાવણ્ લવે, વા'લાં વેજાણંદને ખવે.[1] ૨
સહુ વગાડે વાંસ, પાવે મન પલળે નહિં;
ઝરે તે જંતરને, વેરાગી કર્યા વેજાણંદે. ૩
જંતર વાયૂ રાત, ભાંગતી ભાથરિયે;
કાળજને તે કાંપ, સઢ વાઢી ગયો વેજાણંદ. ૪
લાલ સુરંગી ધોતિયે, કેશર ભીને વાન;
હમણાં હતો હાટડે, જંત્રી વાળો જુવાન. ૫
આવળ પીલે ફૂલડે, કેશર ભીને વાન;
શેરીમાં સાદ પડાવું, ભાગ્યો જંત્રી વાળો જુવાન. ૬
ચડું તે ટીંબા ટીંબલી, ચડું ગુંદાળી ધાર;
ઓઝત કરને ઉલાળો, વેજાણંદ પાછો વાળ. ૭
ચાલું તો ચૂકું નીસરે, ઘ્રોડી લાજ મરૂં;
વેજાણંદ વાગડ ઊતર્યો, ઊભી પોતું[2] કરૂં. ૮
મારગ કાંઠે મઢી કરૂં, લઉં જોગણનો વેશ;
ગોતું દેશ વિદેશ, વાવડ[3] કાઢું વેજાણંદના. ૯

૧ ખમા ઉપર. ૨ લૂગડું; હાથ ઉંચો કરી બાળવો. ૩ સમાચારઃ

મતું શું દિયો માનવી, જણ જણની જુજવી;
ડાહ્યા હોત જો દેશ, વેજાણંદ કાં વાળ્યો નહિ. ૧૦
વેજાણંદ જંતર વગાડ, હેમાળો હલકું દિયે;
મોહ્યા માછલમાર, માછલિયું જોવા મળે. ૧૧
જંતર ભાંગ્યું ઝડ પડી, ત્રૂટો મોભી તાર;
વેદાંની સેણી હલ ગઈ, જંત્રી ન કાઢે રાગ. ૧૨
સેણી જેવડો સાથ, વેજાણંદ વોળાવી વળે;
ભૂખું ન માગે ભાત, પાંજર ત્યાં પેટ ભરે. ૧૩
ખીમસરી ખેંધો મ કર, ખેંધે તું ખાટિશ નહિ,
વેજાણંદ વળાવી વિદેશ, ભાથરિયો ભાળિશ નહિ. ૧૪
ઊવડનો આ છે, ધોખો મન ધરિયે નહિ;
હત સગપણ ને સનેહ, વેજાણંદ વેડત નહિ. ૧૫
ખેતર પાક્યું કણ ઝરે, મનડું બેઠું માળે;
વળને વેજાણંદ, અમને રોઝડાં રંજાડે. ૧૬
ખેતર પાક્યું પોંક થિયો, મનડું બેઠું માળે;
અધવચ મેલ્યાં એકલાં, હાલ હ્યા હેમાળે. ૧૭
કાંસા કેરે પૂતળે, તેથી પરણવું થિયું;
હાડ ન ગળે હેમાળે, સોહામણાં સેણીનાં. ૧૮
વળ વળ વેંદાની સેણી, પાંગળિ હઈશ તો પાળશું;
કાંધ કાવડ કરી, અડસઠ તીરથ તારશું. ૧૯
આ ભવ તો એળે ગિયો, ઓ ભવ નહિ અવાય;
ફોકટ ફેરો થાય, વળતાં તો વેજાણંદા. ૨૦
વળું તો રહું વાંઝેડી,[1] મુવાં ન પામું આગ;
આલૂકો[2] અવતાર લઈ, વણસાડયો વેજાણંદા. ૨૧

૧ વંધ્યા; વાંઝ. ૨ આ ફેરાનો.

કુંવર અને રાણો

જાતનાં આહેર નાઘેર; કોડીનાર તરફનાં.

(સોરઠા.)

રામ રામિયું રાણા, પરદેશની પોંચ્ચે નહિં;
અવગુણ હોય અમણા, તે લઇને આગળ કરો. ૧
સાલ ભાગ્યું સગા, હૈયામાં હસપસિયું;
ચાલવું ચળે નહિં, કાતળ કુંવરનિયું. ૨
સારણ ગાંઠું સગા, કાળજની કળાય નહિ;
એનાં ઓસડ અલએલા, રિયાં તે રાણા કણે. ૩

(દુહા.)

મન ઢંઢોળે માળિયા, ઊજડમાં આંટા ખાય;
મન વાર્યું માને નહિં, જુના નેખમાં જાય. ૧
રાણો કિયે રિયું નહિં, તનડું ટેક ધરી;
હાલી હળ હળવાં પડયાં, કફરા જોગ કરી. ૨

અમિયલ અથવા ચૂડ વિજોગણ.

જ્ઞાતે સિંધી મુસલમાન બાઇ; એ બાળકુંવારી રહી હતી. એના પિતાનું નામ અમી હતું. કેટલેક ઠેકાણે " અમિયલ " અને કેટલેક ઠેકાણે " ચૂડ વિજોગણ " એવી સંજ્ઞા (છાપ) એની કવિતા મધ્યે જોવામાં આવે છે.

(દુહા દોઢિયા–કુંડળિયાની ચાલ.)

સજણ સુથાનાં વાદળાં, માગ્યા ઘરની છાશ;
માગિયે તઇએ ન આપે, પારકી મ કરો આશ.
પારકી મ કરો આશ તે કરે, મૂરખ નરને વાંસે ફરે;
અમિયલ કે' બાઇ પોતાનાં હોય તો રાખિયે પોતા પાસ;
સજણ સુથાનાં વાદળાં, માગ્યા ઘરની છાશ. ૧

અસ્ત્રી તે નહિ આપણી, મર કળના દિયે કોલ;
માગિયે તયેં માથાં આગમે, પછે બીજા કાઢે બોલ.
બીજા કાઢે બોલને બોલિયે તે બાળે;
બીજાસું મોબત કરે, પોતાના પિયુને ટાળે;
એમ સાજણ કિયે અમે ટાટલ માણસનો કીધો છે તોલ,
અસ્રી નો'ય આપણી, મર કળના દિયે કોલ. ૨

સજણે ઘોડો સણુગારિયો, ઉભાં સરોવર પાળ;
મરઘાનેણી ખોળા પાથરે, સજણ શિયાળો ગાળ.
સજણ શિયાળો ગાળ તે, વા'લા જા શું વિદેશ ?

* * * * * *

તેથી નહિ અવાય અમિલય કહે, પે'લાં મજ બાણ માર,
સજણે ઘોડો શણુગારિયો, ઉભાં સરોવર પાળ. ૩

જેની પડોશમાં પ્રીતાળ, નિત તેના હિલોળા હોય;
આઠે પો'ર આંટા દિયે, જતને જતને જોય.
જતને જતને જોય, નહિ વણજ ને વેપાર ઘડી પળ વિસરે;
સોજાં સજણાં નીત, નજરૂં આગળથી નીસરે.
અમિયલ કે' મીઠાં બોલાં માનવી તેને નેણુંમાં શરમ નો'ય;
જેના પડોશમાં પ્રીતાળુ, તેને નિતના હિલોળા હોય. ૪

સાજણ એડા કીજિયે, જેવા કુવાના કોશ;
આઘા પાછા પછાડિયે, તોય હૃદે ન આણે રોશ.
હૃદે ન આણે રોશ તે આરા, ઘોરિયાનાં પાણી ઝિલે કિયારા.
કે' ચુડ વિજોગણ, ઉભો સાંઠો લીએ ચોસ;
સાજણ એડા કીજિયે, જેવા કુવાના કોશ. ૫

સાજણ એડા કીજિયે, જેવી કોંટાળી કેળ;
દુધમાં સાકર ભેળિયે, તો ભલો લિયે મેળ.
ભલો લિયે મેળ તે લગારકે ચાખિયે,
ઘણે[1] મૂલાં સાજણ, મળે પડોસમાં રાખિયે.
કે' ચૂડ વિજોગણ, વિંટાણી નાગરવેલ;
સાજણ એડા કીજિયે, જેવી કોંટાળી કેળ. ૬

સાજણ એડા ધારિયે, જેવો સાદુર્લો સિંહ;
ટોળામાં તડપું દિયે, ન બિયે રાત ને દિંહ,
ન બિયે રાત ને દિંહ તે, વસે ઓઝતને[2] આરે,
પે'લેથી તે લઈ, મોટા ગેંદને પાડે;
કે' ચૂડ વિજોગણ, નાખ્યાં વચન લોપે નહિ;
સાજણ એડાં ધારિયે, જેવો સાદુર્લો સિંહ. ૭

સાજણ એડાં ધારિયે, જેવી પગની કાંબી;
અસુરાં સાજણ ઉઠિયાં, ગિયાં આઘાં ભાગી.
ગિયાં આઘાં ભાગી કે અંન ન ભાવે,
નિતના સંદેશા તે સાજણના આવે.
કે' ચુડ વજોગણ, હાલતાં વાટડી થઇ લાંબી,
સાજણ એડાં ધારિયે, જેવી પગની કાંબી. ૮

સાજણ એડાં ધારિયે, જેવો બિલોરી કાચ;
તે તો આંહી ન નિપજે, નિપજે કો'ક વિલાત.
નિપજે કોક વિલાત તે એવા, સાજણની સેજમાં હિલોળા દેવા;
કે' ચુડ વજોગણ મંગાવે બેડી[3] ને જુવો સાચ,
સાજણ એડાં ધારિયે, જેવો બિલોરી કાચ.

૧ ઘણાં, બહુ. ૨ બર્ડામાં નદી. ૩ દાતારાની સાચવટ.

સજણે શીખું માગિયું, ઉભાં સલામું કરી,
સુંદરી ભાળી છેલને, પાછી નજરૂં કરી.
પાછી નજરૂં કરી તે નેણાં ઢાળી ગઈ,
માથડે હેલ ને પણિયારે પાણી ગઈ.
કે' ચૂડ વજોગણ પ્રીતની બાંધી ચારે કોર જાગિ હું,
ઊભા સલામું કરી, સજણે શીખું માગિયું. ૧૦

સાજણ એડાં ધારિયે, જેવા ટંકણખાર;
આપ બળે પર રીઝવે, ભાંગા સાંધણહાર.
ભાગાં સાંધણહાર તે સમે, નાનકડી નારને નાવલો ગમે,
કે' ચૂડ વજોગણ ફૂલની છાબ ટાંકનો ભાર,
સાજણ એવાં ધારિયે, જેવા ટંકણખાર. ૧૧

રંજણ **સજણાં** ન મળ્યાં, હામ રહી હૈયાં,
સાચાં મોતી મેરામણે, કંચન સાજણ કિયાં,
કંચન સાજણ કિયાં તે પાંજરે વસે,
ચુકતાં લાગે દાગ, દલથી તે ન ખસે.
કે ચૂડ વજોગણ ફરી ભોમ[1] તોય ન ચૂકો નયા,
સાચાં મોતી મેરામણ વસે, કંચન સાજણ કિયાં. ૧૨

સાજણ એવાં ધારિયે, જેવી હિંડોળાખાટ,
સે'જ વચાળે સુઈ રહિયે, હૈયે ધરીને હાથ.
હૈયે ધરીને હાથ તે હસિયે,
વણ મૂલાં સાજણના પાડામાં[2] વસિયે.
કે' ચૂડ વજોગણ કોરે દીવે બળે વાટ,
સાજણ એવાં ધારિયે, જેવી હિંડોળાખાટ. ૧૩

૧ ભૂમિ, પૃથ્વી. ૨ લતામાં, સમૂહમાં, ૩ કાળજાની. ૪ સહેલ; મોજ.

સાજણુ પોઢા ઢોલિયે, કાળજ[3]પથારી કરૂં,
ઘાયલ કીધાં સાજણે, કેટલી ધરતી ફરૂં,
કેટલી ધરતી ફરૂં તે ફરી ફરી થાકી,
હૃદયાની વાત ઈ સાજણે ન આપી,
કે' ચૂડ વજોગણુ ઈ વર કેમ વરૂં,
સાજણુ પોઢા ઢોલિયે, કાળજ પથારી કરૂં.   ૧૪

સે'લે લાઠી બરછી, સે'લે શિંગડિયો તીરઃ
સૈરૂમાં[5] સે'લે સાજણાં, નદિયે સે'લે નીર.
નદિયે સે'લે નીરતે આગરાં, ભુંડા માણુસથી રહિયે વેગળાં,
કે' ચૂડ વજોગણી કીધી પ્રીતે, ન ભર્યાં હૈયાંનાં હીર,
સે'લે લાઠી બરછી, સે'લે શિંગડિયો તીર.   ૧૫

સાજણુ એડાં ધારિયે, જેવો પાલગરનો[6] બિયો,
તેનાં પડાવી ત્રાજવાં, મારી રગું વિંધી લિયો.
રગું વિંધી લીઓ તે વળખે,
રવાગી સાજણુનો જિતવો તલખે,
કે' ચૂડ વજોગણી, કાંઈક અવગુણુ અમારા કિયો,
સાજણુ એવાં ધારિયે, જેવો પાલગરનો બિયો.   ૧૬

સાજણુ એવાં ધારિરો, જેવો પાકલ બિયો.

*   *   *   *   *   *

જનમ ઘરવાસ થિયો તે ટાળ્યો નવ ટળે,
સુવાં મસાણે સાજણાં તેતો ભેગાં બળે.
કે' ચૂડ વજોગણુ પાકેલ રંગ સબરિયો,
સાજણુ એવાં ધારિયે, જેવો પાકલ બિયો.   ૧૭

---

૫ સહિયરો, સખીઓ. ૬ વન, લાકડું.

સઈ સાજણુને નોતર્યાં, હું શેની મેમાની કરૂં ?
કાળજ ભૂકાને ફેફરાં, ત્રણે આગળ ધરૂં.
ત્રણે આગળ ધરૂં તે જમતા જાઓ;
ઘણુ મૂલાં સાજણુ, તમે અમારાં મે'માન થાઓ.
કે' ચુડ વજોગણુ કાઢી કટારને કાળજે ધરૂં,
સઈ સાજણુને નોતર્યાં, હું શેની મેમાની કરૂં ? ૧૮
સોપારી ચાવિયે વાંકડી, ચાવી ગણુ હિયે,
સારા માણુસની પ્રીતડી, કે હિ જીવ ઉગારી લિયે;
જીવ ઉગારી લિયે તે પોતાતણો,
ભુંડે ધણિયે ભવ બાળવો ઘણો.
મારે બાણુને લોને લકડી, ચૂડ કે' સોપારી ચાવિયે વાંકડી.૧૯
ડાબા જમણા ડુંગરા, માંહી હાલતાં કેડા,
સામાં ઊભાં સજણાં, એના છૂટી પડયા છેડા.
છૂટી પડયા તે છેડા ન બાંધિયે, ને તૂટી પ્રીત ન સાંધિયે;
ઈ વાતના લઇ મેલી હિયોને નેડા,
ડાબા જમણા ડુંગરા માંહી હાલતાં કેડા. (૨૦)
સાજણુ તજ કારણુ જીતવો તલખે, તલખી સુકાણી કાયા,
પતલીશ માં પ્રીતાળુ, તારી બહુ લાગી માયા.
બહુ લાગી માયા તે એણા,
દેશ પરદેશ ગ્યે તોય પ્રિતાળુનાં મેણાં;
કરિયે પ્રીતને હૈયું હરખે,
ચડ કે' સજન કારણે તો જીતવો તલખે.
પીતળ થયાં સાજણાં, એની શું પુછિયે જાત;
સજણુ ચડયાં તે ઘોડલે, વાઘુ* રાખોને હાથ. ૨૧

* લગામની રાશ.

સજણુની આંખ ટહરાળિયું, લોક જાણે ઉઠણિયું,
ચંગે માહુવે વેઢિયું, જાણે જલની માછલિયું.
જાણે જળની માછલિયું તે જળમાં ભમે,
 ત્યાં સાજણુને રહિયો રૂવે.
આજવિજ ને વાદળિયું વરસાવિયું,
ચૂડ કે' મારા સજણુની આંખુ ટહરાલિયું. ૨૨
સજણુ સળગાવી ચાલિયાં, જેમ હિંદવાણે હોળી,
આંખમાંથી અમી ઝરે, ઘાયલ માણુસની ઝોળી.
ઘાયલ માણુસની ઝોળી તે ટપટપ ચવે,
 ગ્યાં સજણુને રહિયો રૂવે.
ચૂડ કે' ખડકવી સેજને મૂકવી પૂળી,
સજણુ સળગાવી ચાલિયાં, જેમ હિંદવાણુની હોળી. ૨૩
ડુંગર ઉપર દવે બળે, ખર ખર ઝરે અંગાર;
જેની હેડી હલ ગઈ, તેના કોણુ હવાલ ?
તેના કોણુ હવાલ તે રિયા, નવાં સવાં માડુ આવી શે'રમાં રિયાં
હાલું ચાલુંને સજણુ ન વિસરે, રદિયું ન દિયે ભાર,
ડુંગર ઉપર દવ બળે, ખરખર ઝરે અંગાર. ૨૪
આભે ઝાળું લાગિયું, સળગ્યાં સાગ વંન;
હાલોને સાજણુ ઠારિયે, ઠરે અમારાં તંન;
ઠરે અમારાં તન તે તમ થકી, ગ્યાં સજણુને થયાં દખી;
માનવી હવે દિયોને મંન,
આભે ઝાળું લાગિયું સળગ્યાં સાગ વંન. ૨૫

તમાચી સુમરો.

મુસલમાન સિંધી; અવટંક સુમરા, કાઠિયાવાડમાં થઇ ગયો.

(દોઢિયા દુહા, કુંડળિયાની ચાલ.)

આવી ઉભાં ઓસરિયે, સજણુ સાબદાં થઇ;
મિત્ર ચાલ્યાં વોળાવવા, એને વડી વિમાસણુ થઈ.
વડી વિમાસણુ થઈ તે થાશે, આવ્યાં છે આણાં તે તેડી જાશે.
ગ્યાં સજણુને પ્રીત તે રહી,
આવી ઉભાં ઓસરિયે સજણુ સાબદાં થઇ. ૧
સજણુ એડાં કીજિયે, જેડા પંડના પ્રાણુ;
અંતે કાયા ઉઠતરી, મોંઘાં મોત ને ખરાં.
મોંઘાં મોત ને ખરાં તે થાશે, કંકુવરણી કાયા અગનમાં હોમાશે;
સજવી સૂડી ને ઉતરે સરાણુ,
સજણુ એડાં કીજિયે જેડા પંડના પ્રાણુ. ૨
સજણુ એડાં કીજિયે, જેડી વાડી હુંદી વેલ;
મરે પણુ મેલે નહિં, જેને બાલપણાની બેલ.
બાળાપણુની બેલ તે લાગે ગુગળી, સોજાં સાજણુને ઉત્તરની વીજળી;
ઘડતાલિયા જીવને થઇ લે મેલ,
સજણુ એડાં કીજિયે જેડી વાડી હુંદી વેલ. ૩
ઘરની સ્રી ઘોળી કરી, પ્યારી વા'લી પ્રીત;
પ્રીતાળુ સજણાં ન દેખિયે, આંખે આંધળી ભીંત.
આંખે આંધળાં ભીંત તે અદેખતાં થયાં;
ગ્યાં સજાણાં ને એકલાં રિયાં.
કિયે તમાચી રાખો તમારા કુલની રીત,
ઘરની સ્રી ઘોળી કરી, પ્યારી વા'લી પ્રીત. ૪

સંભારિયે તો સરણું વહે, હાટયાં ન રહે દુઃખ;
ભાલાળાં સાજણ ભાળિયે, તો શરીરમાં થાય સુખ.
શરીરમાં થાય સુખ તે આનંદની ઘડી,
કર્મે જોડ તો સારી ને સારી જડી;
ભાળતાં નજર ને જાય ભૂખ,
સંભારિયે તો સરણું વહે ને હાટયાં ન રહે દુઃખ. ૫

સજણ બજારે નીસર્યા, ઝાંખો થિયો ભાણ;
આંખડિયે અમી ઝરે, નેણે મારે બાણ.
સજણ બજારે નીસર્યા, કેની ન ખાએ પાણ;
જોખો પામે જીતવો, થાય હજારૂની હાણ.
થાય હજારૂની હાણ જે વગર વિચાર્યું બોલે,
નરસાં માણસને બોલાવિયે તો થઇએ તરણાને તોલે. ૬

સામાં ઊભાં સજણાં, લાઠી બરછી તોળી,
માઢુડે ના'ણી મે'ર, લઈ છાતીમાં ચોડી,
લઈ છાતીમાં ચોડી તે આરપાર,
ઈ સજણાંના નેણ તો કટારીની ધાર;
નોંધિયે બાણુને નાખવાં ઢાળી,
સામાં ઉભાં સજણાં લાઠી બરછી તોલી. ૭

સજણાંને એમ રાખિયે, જેમ સાયર રાખે વા'ણ;
માલમી આવે મલપતા, સરમાં કરે સાન.
સરમાં કરે સાન તે ભારી, નનકડાં સેણને ન નાખિયે મારી.
સમદર જળ સરખાં ભર્યાં, ના'વે સાયરનો તાગ,
સજણ એમ રાખિયે, જેમ સુરગરનો સાગ. ૮

સજણે સઢું ચડાવિયું, જિતવો જોવા જાય;
મુરખ મળ્યાં માઢવાં, પછી ફોગટ ફેરા થાય.
ફોકટ ફેરા થાય તે થાશે, દુઃખ પડે રહિયે વિસવાસે;
કરીએ ગણુ ને અવગણુ તે ગાય,
સઢું ચડિયું સજણુની, જિતવો જોવા જાય. ૯
ગામમાં ગણેશ થાપિયો, ધુસકે વાગે ઢોલ;
પાંજર બેઠાં પરણુવા, સાજણુ ચંપાનો છોડ.
સાજણુ ચંપાને છોડ તે કિયો, આવ્યાં લગનને વધાવી લિયો;
કે' તમાચી સુમરો બોલાવ્યાં સજણુ ન દિયે બોલ,
ગામમાં ગણેશ થાપિયો, ધુસકે વાગે ઢોલ. ૧૦
સાજણુ અમારાં ચોરિયે ચડયાં, ચરકલાં માડી ચાર;
પીઠિયાળાં બેઠાં પરણુવા, ગળે રોપી વરમાળ.
ગળે રોપી વરમાળ ને ફેરા ફરે, આવ્યાં લગ્ન તે પાછાં નહિ વળે;
કે' તમાચી સુમરો મંગાવો થાળ ને જમાડો કંસાર,
સાજણુ અમારાં ચોરિયે ચડયાં, ચરકલાં માંડી ચાર. ૧૧
સાજણુ ઊભાં ચોકમાં, તનની ટેકું દઈ;
આવ્યાં પરદેશી સાસરાં, વડી વમાસણુ થઇ.
વડી વમાસણુ થઈ તે થાશે, આવ્યાં પરદેશી આણું તેડીને જાશે.
કે' તમાચી સુમરો, હામ હતી તે હૈયામાં રહી,
સજણુ ઊભાં ચોકમાં, તનની ટેકું દઈ. ૧૨
સાજણુ ચાલ્યાં સાસરે, લાંબા ઘુંઘટ તાણી;
બોલાવ્યાં બોલે નહિ, એનાં ઉપડયાં દાણા પાણી.
ઉપડયાં દાણા પાણી તે કિયો, સુખ દુઃખ શરીરમાં સમજી લિયો;
કે' તમાચી સુમરો સાંભળો, સાજણુના મુખની વાણી,
સાજણુ ચાલ્યાં સાસરે, લાંબા ઘુંઘટ તાણું. ૧૩

સાજણુ ચાલ્યાં સાસરે, આંસુડાં ઝેરી,
આડોસી પાડોસી ચાલ્યાં વોળાવવા, માવતર થિયાં વેરી.
માવતર થિયાં વેરી તે કિયો, સુખ દુઃખ મનમાં સમજી રિયો.
કે' તમાચી સુમરો, ગયાં સાજણુ ને તજીએ શેરી,
સાજણુ ચાલ્યાં સાસરે, આંસુડાં ઝેરી. ૧૪

સાજણુ ચાલ્યાં સાસરે, અમને આડાં દઈ વંન,
રાતે ન આવે નિંદરા, દિનાં ન ભાવે અંન.
દિનાં ન ભાવે અંન તે કેને કહિયે,
વા'લાં સાજણુને વેણુ વળગ્યાં છઇયે,
કે' તમાચી સુમરો, મોટાં સાજણુ અમપર રાખજો મંન;
સાજણુ ચાલ્યાં સાસરે, અમને આડાં દઇ વંન. ૧૫

સધાવો ને સિદ્ધ કરો, કંઇક વે'લેરાં વળો,
અમારી ઈ આશિષ, નાળિયર લુમ પેઠે ફળો.
નાળિયર લુમ ઝુમ ફૂલો ને ફળજો,
ચંતમાં ચુંક રાખી, વે'લેરાં વળજો.
કે' તમાચી સુમરો, તમારી પ્રીતમાં લાગ્યો સળો,
સધાવો ને સિદ્ધ કરો, કાંઈક વે'લેરાં વળો. ૧૬

સાજણે ચૂંકું નાંખિયું, રૂંવાડે રૂંવાડે રેખ;
શર ઉપર થઇ ચાલ્યાં ગિયાં, ભલો દઇ ગયાં ભેખ.
ભલો દઇ ગયાં ભેખ તે અંગપર રિયો,
કોઈક ખેલાડુ સાજણુના વાવડ કિયો.
કે' તમાચી સુમરો, ચાલતી વેળા સાજણે બાંધી ટેક,
સાજણે ચૂંકું નાંખિયું, રૂંવાડે રૂંવાડે રેખ. ૧૭

મોર મારે મઢી થિયો, કાઢે વસરાં વેણુ;
તેની ગરકે ગરવો ગાજે, સૂતાં જગાડે સેણુ.
સૂતાં જગાડે સેણુ તે મોરલો ઉડી ગિયો,
વા'લાં સાજણુનો સંદેશો અધવચ રિયો.
કે' તમાચી સુમરો પાંખ પીળી પોપટની, કોયલ રાતે નેણુ,
મોર મારે મઢી થિયો, કાઢે વસરાં વેણુ. ૧૮

અસાડ વરસે એલિયે, ગાજવીજ ઘમઘોર;
તેજી બાંધ્યા તરુવરે, મધુરા બોલે મોર.
મધુરા બોલે મોર તે મીઠા, ઘણુ મૂલાં સાજણુ સપનામાં દીઠાં.
કે' તમાચી સુમરો, રિસાણી ઢેલ ને મનાવે મોર;
અસાડ વરસે એલિયે, ગાજવીજ ઘમઘોર. ૧૯

સજણે સઢું ચડાવિયું, જિતવો જોવા જાય;
નમેરી થિયાં સજણાં, અમને ફોગટ ફેરા થાય.
અમને ફોગટ ફેરા થાય ને અંન ન ભાવે,
નમેરા સજણાં કેદી મેર મનમાં ન લાવે.
કે' તમાચી સુમરો, ઉલેચિયે સાયર ઓછો ન થાય,
સજણે સઢું ચડાવિયું, જિતવો જોવા જાય. ૨૦

સજણાં ઊભાં સામાં, બબે બરછી તોળી,
નાખીને નમેરાં થિયાં, લઇ છાતીમાં ચોડી.
લઇ છાતીમાં ચોડી તે કિયો, દગાળાં સાજણુથી આઘેરાં રિયો;
કે' તમાચી સુમરો દાઢી એવા ન ભરાય કોળી.
સાજણુ ઉભાં સામાં, બબે બરછી તોળી. ૨૧

ભુંડા માણુસથી ભાગિયે, ન દઇયે દલની વાત;
કાં છેતરી શર પાડે, કાં ઘરમાં આણે ઘાત.

ઘરમાં આણે ઘાત તે નમેરી, ભુંડાં માણુસની છાંડિયે શેરી.
કે' તમાચી સુમરો, એને સૂતેથી જાગિયે,
ન દઇયે દલની વાત, ભુંડા માણુસથા ભાગિયે. ૨૨
ભલાં સાજણુ ભલે મળે, કહે રદિયાની વાત;
મનની આપે મુડિયું, ભૂલ્યાં ચડાવે વાટ.
ભૂલ્યાં ચડાવે વાટ તે સાચું, નાખિયે વેણુ તે ન વાળે પાછું,
કે' તમાચી સુમરો, જેને દેખી છાતી ઠરે,
કરે રદિયાની વાત, ભલાં સાજણુ ભલે મળે. ૨૩
આંબો લીલે પાંદડે, કેરી કેસરિયે રંગ;
સોજા સાજણુને માણિયે, જેનાં ઉજળાં હોય અંગ.
ઉજળાં હોય અંગ ત કયાંથી ભાળિયે,
પરદેશી મળે સજણાં તો બે દિ માણિયે.
કે' તમાચી સુમરો, આડી ચોકિયું તોય ન છોડિયે સંગ,
આંબો લીલે પાંદડે, કેરી કેસરિયે રંગ. ૨૪
સાજણુ સીમાડે વાવડયાં, ઝટપટ જોવા જાઉં,
ગળતી રાતનાં ઘર આવિયાં, હિયે મોરલા ધાઉં;
હિયે મોરલા ધાંઉં તે ઇલમાં,
વા'લાં સાજણુનાં બાણુ ખટકે દિલમાં.
કે' તમાચી સુમરો, રિયો સાજણુ હવે આઉં;
સાજણુ સીમાડે વાવડયાં, ઝટપટ જોવા જાઉં. ૨૫
હટકું[1] મન ત્યાં ન જાઇયે, તલખે પોતાનું તંન;
સોજ વિના જયાં સાજણાં, જાતાં ન વાધે મંન,
જાતાં ન વાધે મન તે માધા, મળ્યાં સાજણુ તેના મંતર[2] લાધ્યા;
કે' તમાચી સુમરો, લવંગ સોપારી ચાવિયે પાન,
હટકું મન ત્યાં ન જાઇયે, તલખે પોતાનું તંન. ૨૬

૧ બેદિલ; ઇચ્છું. ૨ મંત્ર.

સાજણુ સનકારો કિધો, પ્રીતને પીડા થાય;
મેહ વણુંધી[1] કામની,[2] અસુરી એકલી જાય.
અસુરી એકલી જાય તે કીઓ, દીધા બોલને અબોલે રીઓ.
કે' તમાચી સુમરો, મોરલિયે મણુઝરને લીધો,
પ્રીતને પીડા થાય, સાજણે સનકારો કીધો. ૨૭
સોના રેખાં સાજણાં, જેના દાંત દાડમ કળી,
નેણાં હસે મુખથી મારે, અમને લાલચ ઘણી;
અમને લાલચ ઘણી તે કીઓ,
એવાં સાજણુ સોનાભાર જોખી લીઓ.
કે' તમાચી સુમરો, ઉભી શેરિયે જોઇયે ફરી,
સોના રેખાં સાજણાં, જેના દાંત દાડમ કળી. ૨૮
સાજણુ મુખડે સામળાં, કેસર ભીને વાન;
ઓઢી પે'રી નીસર્યાં, મુનિવર ચૂકે ધ્યાન.
મુનિવર ચૂકે ધ્યાન તે કહિયે,
એવાં સાજણુ મળે તો ભવોભવ ભેળાં રહિયે;
કે' તમાચી સુમરો, મંગાવી લવંગ ચવરાવો પાન,
સાજણુ મુખે સામળાં, કેસર ભીને વાન. ૨૯
સાજણુ એડાં કીજિયે, જેનાં હોય અણિયાળાં ઊર;
ક્યાં કે'નાં ન કરે, એને હોય જુવાનીનું પૂર.
હોય જુવાનીનું પૂર તે અંગ સામું ન જૂવે;
ખેલાડુ સાજણુ કદી એકલાં નવ સૂવે.
કે, તમાચી સુમરો, અણિયાળી આંખને નેણુની ઝૂડ;
સાજણુ એડાં કીજિયે, જેનાં હોય અણિયાળાં ઊર. ૩૦

૧ પિડિત. ૨ કામિની; સ્ત્રી.

બાવો શામનાથ.

(દુહા દોઢિયા–કુંડળિયાની ચાલ.)

આવતાં સાજણને ઓળખિયે, જેની નજરૂંમાં ઝાઝો નેહ;
તેથી કરીયે પ્રીતડી, જે કદી ન દિયે છેહ.
કદી ન દિયે છેહ તે રાખે કળે,
પેલા ભવની પ્રીતું આ ભવમાં આવી મળે.
કે' બાવો શામનાથ, હીરા વણજું જોઈ વો'રિયે,
આવતાં સાજણને ઓળખિયે. ૧

દાઢમાં ખટકે કાંકરો, કણું ખટકે નેણ;
વેણ ખટકે બાવલાં, એમ ગયાં ખટકે સેણ.
ગયાં ખટકે સેણ, તે પ્રીતે પામિયે,
પીડા પડી જાય, જો કણું કઢાવિયે.
કે' બાવો શામનાથ, દાઢ કાંકર નીસરે,
હૃદે ખટકે સેણ, ભવોભવ ન વીસરે. ૨

નથવો.

(સોરઠા—દોઢિયા, કુંડળિયાની ચાલ.)

સારાં ખમે સાર,[૧] ફટકિયાં ફાટી પડે;
મણિયું મોતાવળ હાર, સાચાં નિપજે શેણુનાં.
સાચાં નિપજે સેણુનાં તે રિયાં, ઈ જુગોજુગ જુનાં ન થિયાં;
કે' નથવો અમારૂં મનડું ટંકશાળે ચડે,
સારાં ખમે સાર, ફટકિયાં ફાટી પડે. ૧

સાચાં મોતી સીપનાં, માન સરોવર મળે;
એરણુ માથે અથડાવિયે, ટાંકે નવ ખરે.
ટાંકે નવ ખરે તે રિયાં, ઈ જુગોજુગ જૂનાં ન થિયાં;
કે' નથવો જગત હાલે મર જોતી;
માન સરોવર મળે, સાચાં સીપનાં મોતી. ૨

મોતી મેરામણુ મળે, ચીજું ઝવેરી સાર;
અમુલખ એરણુ માંડિયે, મણિયુંનો ગુંથાવિયે હાર.
મણિયુંનો ગુંથાવિયે હાર તે જતને રાખિયે,
એમ સુવાગી સેણુની, ડોકમાં નાખિયે.
કે' નથવો એમ સેલી સમુદર ઉતરે પાર,
મોતી મેરામણુ મળે, ચીજું ઝવેરી સાર. ૩

વળો મુંજાં સજણું, કરો દલડાની વાત;
વા'લાં આવે આંગણે, તો ભાંગે હુયાની ભ્રાંત.
ભાંગે હુયાની ભ્રાંત તે સેણું, વરતો ઈ આ ટાણે વેળા,
કે' નથવો કિયાં રોકાણું, સઇરૂંની સાથ;
વળો મુંજાં સજણું, કરો દલડાની વાત. ૪

ભાગું સાજું ન થાએ, કાયા કંકણુ ને કાચ,
હલાસો દલડાં ભળે નહિં, નિત વાળે નિરાશ.
નિત વાળે નિરાશ તે ટાણે ટાણે,
પર લોયાં માનવી પીડા ન જાણે,
કે' નથવો નિત વાલાં જુવે વાટ,
ભાગું સાજું ન થાએ એક કંકણુ ને કાચ. ૫

સોન રાડિયાણી ને હલામણ જેઠવો.

એ બેઉ ગ્નાતે સિયા જેઠવા રજપૂત હતાં. હલામણની હકીકત એવી છે કે તેના વડીલો પોરબંદર નજીક શ્રીનગરથી ધુમલીમાં રાજ્યગાદી લાવ્યા હતા. તેનો પિતા ગજકરણ ગુજરી ગયા બાદ સયાજી નામના તેના કાકાએ ઉછેરી મોટો કર્યો. આ સમયમાંજ ભાણુમોરા–બાજંભાના ઠાકોર રાજસિંહ પરમારની સોન રાડિયાણી નામે રાજકન્યાએ નીચે પ્રમાણે સોરઠો લખી,તેનો જે ઉત્તર વાળે, તેની સાથે લગ્ન કરવાનું પણુ લીધું હતું:—

(સોરઠો.)

ઘણુ વણુ ઘડયાં, એરણુને આપડયાં નહિં;*
ગોત્યાં નવ જડયાં, મળે તો મોકલજો. ૧

હલામણે તેનો ઉત્તર વાળ્યો:—

(દુહો.)

માતા મે'રામણુ વસે, પિતા વસે આકાશ;
જોઇયે તો જૂનાં મોકલું, નવાં તો આસો માસ.+ ૧

* દરેક ઘરેણાના ઘાટ એરણુ, હથોડાથી ઘડાય છે, પણુ મોતી ઘડાતાં નથી.

+ છીપ સમુદ્રમાં વસે છે અને સ્વાતી નક્ષત્રનો વરસાદ આકાશમાર્ગેથી વરસે છે. ત્યારે તેમાં મોતી બંધાઈ આશ્વિન માસમાં પાકે છે.

ક્ષેપક મિશ્ર.

સોનલે હલામણને લખેલી સમશ્યાઓ.

(દુહા.)

માંહે લીલું ને બા'ર સૂકું, ત્રાંબા વરણે જેહ;
સમજી તે ગજકરણના, અમને એસું દે. ૧

ઉત્તર–શ્રીફળ, નાળિયર. (સગાઇ કરતાં અપાય છે તે.)

ઘડ પંખો ને ઊડણો, જેનું ગિરમાં ગામ;
વર પે'લો તોરણ ચડે, (એ) કારીગરનાં કામ. ૨

ઉત્તર—મોર અથવા મોડ.

વાચ્યાર્થ:—મોર પક્ષી.

લક્ષ્યાર્થ:—મોડ, વરકન્યાને માથે પેહેરાવવામાં આવે છે તે.

અગ્નિ કાંઠે ઊપજે, ગોરી રાતે દંત;
નારિયે નર બાંધિયો, તેની કર વિમાસણ કંથ. ૩

ઉત્તર–કાનનું ઘરેણું; (અકોટો)

લંક[૧] લપેટણ સીત હર,[૨] નહિ લંકાપતિ રાય;[૩]
જે કારણ કૈરવ[૪] દળ હણ્યાં, તે મોકલ મોરા રાય. ૪

ઉત્તર—ચીર.

થડ થોડો ને પ્રગટ ઘણો, પાને પાન હલંત;
સોનલ આવી સારવે,[૫] કાઢો વસાણું કંથ. ૫

૧ લંકા અને કેડ. ૨ સીતાજી અને ચઢ. ૩ રાવણ. ૪ દ્રૌપદીનાં ચીર માટે પાંડવ–કૌરવ વચ્ચે યુદ્ધ થયું હતું તે. ૫ સંભાળે.

ઉત્તર—કપૂર; કેળમાં અને વાંસમાં થાય છે તે.

અણિયાળાં ને વાંકડાં, સૂડા પંખાં જેહ;
સમજી તે ગજકરણુના, અમને એસું દે. ૬

ઉત્તર—નાગરવેલનાં પાન.

સત[1] નર લીધા સામટા, નારિ કે'વાય જેહ;
તુજ રક્ષાને કારણે, હાથ ધરી મેં તેહ. ૭

ઉત્તર—માળા. (ફેરવવાની)

(દુહો—સોરઠો મિશ્ર.)

ધરા[2] ઉપર ભરિયાં ધો, ગગનાસર[3] બાંધ્યું ગળે;
પવને પેખ્યું નહિં, માછલે જળ માણ્યું નહિં. ૮

ઉત્તર—નાળિયર.

વાચ્યાર્થ:—ધો એટલે લીલું ઘાસ.
લક્ષ્યાર્થ:—જળાશય. ધો (જળનો).

જિહાં પવન ન સંચરે, પંખી ન બેસે ડાળ;
તે સ્વાંતતણાં ફળ મોકલો, સાચા શિયા રાય. ઉત્તર—મોતી.
સિયા સરોવર દેખાડ, જ્યાં પાણી ન કર પાળ;
તાસતણે કોળાં ભડે, પંખી વળું ભુંડાળ ઉત્તર—દર્પણ (કાચ)

સોન— (સોરઠો)

શૂરા સારસ જેમ, બગવારે બેસી રહ્યો;
હોય તો કે'ને હા, નહિકાં નાકારો ભલો. ૧

---

૧ સો પારા (મણકા) ની માળા. અગાઉ ૧૦૦ પારાનીજ માળા થતી હતી, પણ ફેરવતાં ભૂલ થાય તેથી ઊમેરણના આઠ વધારી પાછળથી ૧૦૮ મણકાની માળા બનાવવામાં આવી છે. ૨ પૃથ્વી. ૩ આકાશમાં સરોવર.

(દુહો.)

બારોટ જાને બરડે, જ્યાં વસે સિયો સુજાણ;
અધુરાં પૂરાં કરે, દિયે ઘોડાનાં દાન. ૧

સુરસિંહ—

ખારાં પાણી ખટમટાં, દાઈ વાળો દેશ;
સોનલ મ જાજે જેઠવે, બરડાથી આદેશ. ૨

સોન— (સોરઠો.)

શૂરા તું ભેદ સુજાણ, અક્ષર કોઇ ઉકલ્યો નહિં;
અધુરાં પૂરાં કરવા, સોનલનાં સરજ્યાં નહિં. ૧

હલામણની દાસી— (દુહા–દોઢિયો)

બાંધી મૂઠી લાખ લિયે, ઉઘાડી વાસર ખાય,
હલામણ દુહા પાલટે, સોન સિયાને જાય.
સોન સિયાને જાય તે અડી,
બેટાની બૈયર બાપે લીધી જડી.
એવાં મેણાં બાઈ બાની[1] અમને દિયે,
બાંધી મુઠી લાખ લિયે, ઉઘાડી વાસર ખાય. ૧

(દુહો.)

કાં રે બાની ઘળઘળી, બાંધી મૂઠી ખોલ;
બાની આવી બરકતી, માનવંતીને મો'લ. ૧

સોનની સાહેલી—

બાઈ અમને બાની મળી, નદિયે ભરતાં નીર;
એક વચનને કારણે, મારૂં સોસાણું શરીર. ૨
કાં હલામણ ખંડ[2] થિયો, કાં સૂનો થિયો સંસાર;
મોસણે[3] ન ઘાલ્યો માંડવો, કરમમાં નહિં કંસાર. ૩

૧ દાસી. ૨ ખંડિત. ૩ બડાં પ્રાંતનું એક ગામ.

(સોન વચન—સોરઠો.)

સિયા તુને સાપ ખાય, કાળા કરંડ માંયલો,
તમે અમારા સસરા, હાલામણ ભરતાર. ૧
કાગળ લઈને કૂડના, કોઇ ચારણિયે છેતર્યાં;
ખૂણો ખૂટલ દેશ, જેઠવા જાણુલ નહિ. ૨

હલામણ અને સોનનું જોડું.

(સોરઠા.)

નવરો દીનોનાથ, તે દી ઘડયો હલામણો;
પુતળું બેસાડયું પાટ, બોતરસેં બર્ડાનો ઘણી. ૧
મોતીડાંની માળ, હૈયે હલામણને;
કંકુવરણી કાય, જુવાની તારી જેઠવા. ૨
જેવી સોન સુજાણ, તેવો હલામણ હીરલો;
તન બે એકજ પ્રાણ, જુગતે જુગતું જોડલું. ૩
હલામણને હોઠે, પરોવેલ પરવાળાં;
જે દિ નવરો નાથ, તે દિ ઘડયો હલામણો. ૪

હલામણ—(દેશવટો મળતાં ઘુમલીના પ્રદેશને નમન કરતાં કહે છે):—

(દુહા.)

મેલ્યું કાળુભાર[1] કચોળિયું,[2] મેલ્યું ભુંજેલું[3] તળાવ;
જીવતાં હશું તો આવશું, (નહિતો) ગઢ ઘુમલને જુહાર. ૧
માઠે સુકને નીસર્યાં, માથે કળેળે કાગ;
જીવતા હશું તો આવશું, (નહિતો) ગઢ ઘુમલને જુહાર. ૨

(સોરઠો)

ઢેબરથી[4] હાલ્યા, ખારે[5] મન ખૂચે નહિ;
વરતુ[6] વેરાડી[7] ઉતરતે, (અમને) અળગો થિયો, આભરો,[8]

૧-૨-૩ એ નામનાં બર્ડા પ્રાંતમાં આવેલાં તળાવો. ૪ ઘુમલી પાસે ઢેબર નામનું ગામ છે. ૫ ખારો પ્રદેશ, ૬-૭ એ નામની નદીઓ. ૮ ડુંગર,

(સોરઠા.)

વીસલપરનો[1] વાસ, વાસો અમને વસાવ્યાં નહિ;
નહિતો નિત રતનાગર ના'ત, દર્શન કરત દેવનાં. ૨

હટકયું મન હલામણ તણું, મિયાણિયે મોહ્યું નહિ;
કરણુ કોયલા તણે, ગાંધવિયે[૧] મન ઘેલું કર્યું. ૩

(દુહો.)

સીધો સીધો શું કરૂં, સીધો ન હિયે સાચ;
મેલ્યું ગંગાજળનું ઝીલણું, મેલ્યો વિસલપરનો વાસ. ૧

બેઠો બરડાની ધાર, જાણ્યું મનામણાં આવશે;
દેશવટો દીધો દરાર[3] સાચો સિયાને જેઠવે. ૨

(વાંસ પ્રતિ–સોરઠો.)

હલામણ:—

વા'લા વજોગી વાંસ, આંહી શા અવગુણે આવિયો;
ભણને મારી ભોમના, સંદેશો કાંઈ સોનનો. ૧

દેસાઈ હરે દીઠ, વઘન હરૂં વાસનાં;
ભણને અમારી ભોમના, સમાચાર દે સોનના. ૨

બર્ડો બાથ ભરે, લઇ આંગણુ રોપાવિયે;
જેથી કાજ સરે, સંદેશો કે'ને સોનનો. ૩

વાંસ:—

હું કીડી મેરનો વાંસ, કાપ્યો કબાડિયે;
લ્હેરે લોઢાણો, મને સુધ ન રહી સોનની. ૪

---

૧ સમુદ્ર કિનારે મિયાણી નજીક વીસાવાડા ગામ છે તે. ૨ એ નામનું બરડામાં ગામ છે. ૩ જાણી બુજીને.

હલામણ હોતે, કાતળિયે કપાતો નહિ;
તે જેઠવો જાતે, વન વન[1] વિંખાણો વાંસડા. ૫

હલામણઃ— (સમુદ્ર પ્રત્યે—સોરઠો.)

સુખ સાગરને ન હોય, રાત દિવસ રિયાયલા;[2]

સમુદ્રઃ—

હાલકલોળો હોય, હૈયે હલામણ તણો. ૧

(મચ્છ પ્રત્યે કહે છે, વ્યંગમાં સિયાંને)

મચ્છ તું મહાજળ હોય, કયે અવગુણે આવિયો;
એવા સાયર ન હોય, ભલ કે'તાં અવગુણ કરે. ૨

મચ્છઃ— (દુહો.)

અરે કુંવર હલામણા, પંડે પોશીતાં પાત્ર;[4]
શું ઉછળયો આભપરાધણી, (તો) અમે મચ્છ શું માત્ર ? ૧

હલામણઃ—

રામ લક્ષ્મણ બાણાવળી, સીતા જેવાં સુપાત્ર;
એને વન વસવું પડયું, (તો) માનવી તે કોણ માત્ર ? ૨

હલામણ પોતાનું ભાગ્ય તપાસવા, માછીને કહેછેઃ—

(સોરઠા.)

જાળીડા નાખને જાળ, તારા નમતની[5] નોંધની;
આવે શંખલાં ને સેવાળ, માછલિયું ટોળે મળે. ૧

જાળીડા નાખને જાળ, હલામણના નામની;
કરમ છે કપાળ; કે બોંતરસેં[6] બર્ડે રિયાં. ૨

૧ રખડતાં ૨ રેલાયેલો; અસ્થિર. ૩ મોળાં લાગે છે તે; ચંચળતા. ૪ પોષનાર સિયો. ૫ નિમિત્ત. ૬ સર્વે (૭૨૦૦)

સોન હલામણને શોધવા નીકળી તે વખતનું વર્ણનઃ—

(દુહા-દોઢિયો, ચાલ કુંડળિયાની.)

ચુબકીઆળી ચુંદડી, અંગે ઓઢી સાર;
નિસરી સોનલ હાથણી, ત્યાં બુમ પડી બજાર.
બુમ પડી બજાર તે સોંસરી, સજી વેલને સોનલ નીસરી;
અધઘડી હલામણ ઉભો રે,
ચબકિયાળી ચુંદડી સોનલ ઓઢી લિયે. ૧

(સોન-પોતાની સખીઓ પત્યે—દુહા.)

હાલો બાની ઢુંઢિયે, મળિ ઉઠાડિયે મોર;
(એને) ટઉકે હલામણ સાંભરે, (મારી) કટકા કાળજ કોર.
કટકાની કાળજ કોર તે થાય,
ડોલરિયો હલામણ દેશવટે જાય;
સિયાતેં વખંડી અમારી જોડ,
હાલો બાની ઢુંઢિયે, મળિ ઉઠાડિયે મોર. ૧

(દુહા—દોઢિયો)

ઓખો બરડો ને ધૂમલી, મૂકયા ત્રણે દેશ;
સિયે જેઠવે છેતર્યા, કાઢયાં કાળે વેશ.*
કાઢયાં કાળે વેશ તે, હવે શું થાય,
બિચારો હલામણ, દેશવટે જાય.
દેશવટા કારણ અમે, ભગવા ધર્યા વેશ,
ઓખો બરડો ને ધૂમલી, મૂકયા ત્રણે દેશ. ૧

* દેશવટો દેતી વેળા કાળાં વસ્ત્ર અને કાળો ઘોડો આપવામાં આવતાં હતાં.

સોનની સ્થિતિ ઇત્યાદિ.

(સોરઠા.)

મન ભણિયું ન ભણાય, મન જાળવ્યું જળવાય નહિ;
ઘુંટાય ઘટડા માંય, વળી આવો વેણુ[1] ધણી. ૧

સુંડી ભર્યો શણગાર, સિયાનો શોભે નહિ;
હલામણો ભરથાર, સિયો અમારો સાસરો. ૨

ઉતારા[2] અંગાર, જાતાં લાગે જેઠવો;
હૈયામાં હૂલું માર, હાલ્યો તે હલામણો. ૩

હલામણ હિલોળેલ, દુખના દરિયા ઊછળ્યા;
અમણી પાંજરની પોળ, વીસ વસા વેણુ ધણી. ૪

પીઠિયાળે પગે, અમે ચોરિયે ચ’ડયાં નહિ;
વાગે તે ધુસકે ઢાલ, બાજોઠે બેઠાં નહિ. ૫

ઘોળી ઘુમલીની બજાર, દેખીતા લિયાળા લાગે;
જાતે હલામણ જેઠવો, ઉછળતે આભપરા[3] ધણી. ૬

હાલાની[4] હદમાંહ્ય, પીઠી ભર્યો પોઢાડિયો.
મીંઢળ છોડું મસાણ, હારી બેઠો હલામણો. ૭

હલામણની હડતાલ, આંગળિયે ઉઘડે નહિ;
કુંચિયું રહિ કપાટ, જડયાં રહ્યાં તે જેઠવાનાં ૮

વળને સોન સુજાણ, સૂતો છિલ સાથરે;
પામી નથી પ્રાણ, અધ ઘડી આરામની. ૯

---

૧ બરડા પર્વતનું એક ઉંચું શિખર. ૨ ઉતરવાનું, રહેવાનું ઘર.
૩-૪ એ નામના ડુંગર.

રાજકુંવરી દેવળદેવીની દાસી—

(હલામણને સિંધની બજારમાં જોઇ પુછેછેઃ—)

(દુહા.)

અસુરા ઉભા પરખાણા, શું છે તમારૂં નામ;
કિયા રાજાના બેટડા, શું છે તમારૂં ગામ? ૧

હલામણઃ—

અસુરો ઉભો પરખાણો, હલામણ મારૂં નામ;
ગજકરણનો બેટડો, ઘુમલી મારૂં ગામ. ૨

દાસી દેવળદેવીને સંદેશો દે છેઃ—

કાળો ઘોડો કાટવો,[1] ભમર ભાલું હાથ;
બાઇ આપણી બજારમાં, જોઇ જેઠવાની જાત. ૩

આંગળિયે ચોગઢ[2] વળે, નહિ વેઢ કે વેલ;
બાઈ આપણી બજારમાં, દિઠો માધવો છેલ. ૪

દેવળદેવીઃ— (સોરઠા.)

વાણીડાને હાટે, અમે બે વસ્તુ વિસરિયાં;
એક હૈયાનો હાર, બીજો હલામણ જેઠવો. ૧

વાવો[3] મ થા વાણિયા, હૈયું રાખને હાથ;
ગાંઠડિયુંના ઘરાક, કાળજ હોય તો કાઢને. ૨

હલામણઃ—

કુઈ મ ઢળાવ ઢોલિયો, પલંગે મન પોઢે નહિ;
લઈ સારથડે સુવાર, તોય રૂઠું[4] માને રાડિયાણી. ૧

સુખની સજ્યા નો'ય, સજ્યાએ સૂવાય નહિ;
હલામણને હોય, સોન વિજોગે સાથરો. ૨

---

૧ કાળા રંગનો. ૨ વેઢ, વિંટીનાં નિશાન. ૩ વેવલો. ૪ રૂઠે, કોપ કરે.

લાંબા પેરે ઘાઘરા, પેટે ડખરિયું;[1]
વારૂં સોન ઊપરાં, સોળસેં સુમરિયું.[2] ૩
આવળ જેડી ઊજળી, દો પુલેંજો બા'ર,
જેડી સારી સંઘજી, તે માંડપરાની મેઘવાળ. ૪

સોન કંસારી અને રખાયત બાબરિયો.

ભાણ જેઠવો ઇ૦ સ૦ ૧૩૦૭માં બડાંના ઘુમલી ગામની ગાદીએ બેઠા, તે વખતે બેટ શંખોદ્ધારમાં દુદનસિંહ વાઘેરનું રાજ્ય હતું. તેની રાણીએ એક કુંવરીને જન્મ આપ્યો, જેને જન્મતાંની સાથેજ બે દાંત હોવાથી, કુંવરી માઠાં પગલાંની ગણી, તેને એક પેટીમાં પુરી દરિયામાં ફેંકી દેવડાવી. તરતી તરતી તે પેટી મિયાણીબંદરે એક કંસારાને હાથ આવતાં તેણે તેને ઉછેરી મોટી કરી. પછી કંસારો ઘુમલી જઇ રહ્યો ને તે છોકરીનું નામ સોનકંસારી રાખ્યું.

ભાણ જેઠવો મયાત નામના બાબરિયાની[3] બેહેન વેરે પરણ્યો હતો. કુંવર રખાયત બાબરિયો પોતાની ફુઇને ઘેર (ભાણ જેઠવાને ત્યાં) એટલો જોરાવર થયો હતો કે " બાંધે છોડે બાબરિયો " કહેવાતો. તેના કહેવાથી **સોન** કંસારી તેને પરણવા તઇયાર થઇ હતી.

આ અરસામાં ઘુમલીની ગાયોનું "ધણ" (ટોળું) હરણ થયાનું સાંભળી, રખિયાત વહારે ચડયો ને ભોગજોગે ત્યાં મરાણો. પછી **ભાણ** જેઠવો સોન ઉપર મોહિત થયો ને પરણવાની ઇચ્છા જણાવી; પરંતુ સોનને તે પસંદ ન પડતાં તુરત જે ઉત્તર વાળ્યો તે આ નીચેના સોરઠા અંક આઠ નવમાં છે. તેજ સમયે **સોન** બ્રાહ્મણના આશરામાં રહી ને ત્યાં મોટું ધિંગાણું થયું. એકવચની **સોન** બાબરિયા પાછળ બળી સતી થઇ.

---

૧ કદરૂપી ૨ સુમરા જાતની સ્ત્રીઓ. ૩ બાબરિયાવાડનો રહેવાસી.

કરમે કંસારી થયાં.

(સોરઠો.)

ચોરી ચિત્રાવેલ, રહી રખાયતની;
(અમે) કેમ જમિયે કંસાર, બાળ કુંવારા બાબરિયા. ૧

ધસકે વાગે ઢોલ, (મારૂં) પંડ પોંખાણું નહિ;
તેની હામું હૈયાં માંહ્ય, રહી રખાયતની. ૨

કોઈ ઝાલે ઘોડાની વાઘ, (અમે) વવારૂથી વળગાય નહિ.
તેની સૂરજ પૂરે સાખ, રક્ષા કરે રખાયતની. ૩

વળિ આવે તે વાર, ભુંડે મોઢે ભાણુની;
નોંધારીનો આધાર, રખાયત રણમાં રિયો. ૪

ગરમાં ઉડે ગરંજાં, બાબરિયો બેઠો રિયો;
હાલો બાંધો હથિયાર, રણ જોવા રખાયતનું. ૫

રખાયત તારી રાખ, (અમે) દાગવતાં દેખી નહિ;
જો અડત અમારા હાથ, તો ભણેણી ભેગાં થાત. ૬

દુદા વાઢેલની અમે દીકરી, દુદલસર દીઠો નહિ;
ભેળો થા માં ભાણુ, અમે કરમે કંસારી થિયાં. ૭

ઠાકોર મ કરો ઠેકડી, અમે વાઘેલાં વિયા;
લખત અમારાં લઈ ગયાં, અમે કરમે કંસારી થિયાં. ૮

ઉજળી ને મેહ જેઠવો.

જ્ઞાતે ચારણ; બરડાનાં વતની.

જામો કામી જેઠવા.

(સોરઠા–જેઠવાને સંબોધેલા.)

મોટે ફણગે[1] મેં આવે ધરણી ધરાવતો;
પણ અમ માથે એ, ઝકલ[2] વરસ્યો નહિ જેઠવા. ૧
ઊનાળાનાં અમે, લાંબા દિ લેવાય નહિ;
તોણું[3] દિયોને તમે, જીવતાં રાખો જેઠવા. ૨
બપૈયા બલ બીજેડ, પાલર વણ પીએ નહિ;
સમદર ભરિયો છેહ, જળ ન બોટે જેઠવા. ૩
તજીને જુનાં નીર, નવાં પીવા જઇયે નહિ;
ફરતા કુવા ફેર, જળ એનું એ જેઠવા. ૪
સાકર ખાધી હોય, મીઠપ ઝાઝી લાગશે;
વિખ પાશે જે કોય, જીવતાં નહિ રે' જેઠવા. ૫
અભડાણું શું અમે, કોઈ મુસલમાન મળ્યો નહિં;
છેલી બાકીની છાંટ, જળની નાંખ તું જેઠવા. ૬
ઓશિયાળાં અમે, તુંબી જળ તર્યાં નહિં;
મોણિયાત[4] રાખ્યું મે, જામો કામી જેઠવા. ૭
નળિયું હતી નકોર, બોલાવતો બરડા ધણી;
રહ્યું ન જાંગે જોર, જાતાં કીધાં જેઠવા. ૮
સાકરિયે સાદે, બોલાવતો બરડા ધણી;
કૂચા કાઢે કાંઉં,[5] જાતાં કીધા જેઠવા. ૯

---

૧ ફોરાં, બુંદ. ૨ ઝાકળ. ૩ "દીધી મત ને માગી તોણ કેટલા દિવસ" એ કહેવત પ્રમાણે માગ્યું તાગ્યું; થોડું. ૪ મેહેણાં ખણનારાં. ૫ શું ? (પ્રશ્ન રૂપે)

તુંસું તાળી લઈ, બે ઘડિયે બોલ્યાં નહિં;
તે અવઢવ[1] રહિ ગઈ, જામો કામી જેઠવા. ૧૦
મે મે કરતાં અમે, બપૈયા ઘોડે[2] બોલિયે;
અમ પાંતીનો મે, ઝકળ ઝરેરે જેઠવા. ૧૧
જળનાં ડેડાં[3] જેહ, દબાણું થકાં ડસે;
વસિયરનાં વેડલ, જીવે નહિ તે જેઠવા. ૧૨
કોરો ઘડો કુંભાર, અજાણે મેં ઉપાડિયો;
ભવના ભાંગણહાર, જાજરો ન જાણુલ જેઠવા. ૧૩
આભપરેથી ઊંતરી, ચારણ ભૂખી છે;
મત મુંઝાણી માહરી, હવે કીસે[4] જાઉં જેઠવા. ૧૪

ભૂખ્યાં છઈયે ભાણના.

(સોરઠા–ભાણને સંબોધિલા.)

પરદેશીની પીડ, જેઠવે જાણી નહિં;
કાં કે માર્યાં તીર, (કે) ભાથે રિયાં ભાણના. ૧૫
ફરતું આવલ ફૂલ, (તેને) માળી કોઇ મળ્યો નહિ;
માંખ શું જાણે મૂલ, ભ્રમર પાખી[5] ભાણના. ૧૬
મે'ની મેડી હેઠ, ઊભી અરદાસાં[6] કરાં;
મોઢું દેખાડને મે, અમે ભોંઠાં પડિયે ભાણના. ૧૭
ખાંડના ખડિયા[7] ભરે, સાકરનો નહિ સા;[8]
તેની મીઠપ મે', ભારે મૂલી ભાણના. ૧૮

---

૧ ઊમેદ. ૨ પેઠે, પેરે. ૩ ઝેર વિનાના જળ સાપ. ૪ કયાં; કયે ઠેકાણે. ૫ વિના, વગર. ૬ આજીજી, વિનવણી. ૭ થેલા. કોથળા. ૮ સ્વાદ, અંશ.

આળ્યાં આશા કરે, નિરાશા તેને ન વાળિયે;
તબડુકને[1] ડુંકારે, ભોંઠપ ઘણી ભાણુના. ૧૯
વાડી માથે વાદળાં, મોલું[2] માથે મેહ;
દખની દાઝલ દેહ, મુખ દેખાડ ભાણુના. ૨૦
અમને મુંઝવમાં મે, ઉંડે જળે આણિને;
મોઢું દેખાડને મે, ભોંઠપ મ દે ભાણુના. ૨૧
હાણુા દવરખાંના,[3] મખવાલા[4] માનવને;
એવા મારા મનમાં મે, ભાણુના કાં નાકારો ભણે. ૨૨
તોણું દિયો તમે, તમ વિના જીવાય નહિ;
તારા અંગનાં અમે, ભૂખ્યાં છઇયે ભાણુના. ૨૩
કાવલડે કાંઠે, મારૂં રાવલ મન રીઝે નહિ;
ઈ ડીફાં[5] દીઠે મંન, ભૂખ ઘણેરી ભાણુના. ૨૪
આ શેથી ઉચાળા ભરી, જેઠવા જાતાં રહિયે;
તેને મનામણુ મે, ભેળો આવે ભાણુના. ૨૫
તારા મનમાં હતું મે, નાકારો કાં ન મોકલ્યો;
લાજું અમારી લે, ભોંઠાં પાડયાં ભાણુના. ૨૬
પડશે પંડ શરીર, પરસદ[6] ગઢ પડશે નહિં;
વાતું રે'શે વીર, ભલ તણી તે ભાણુના. ૨૭
બાળોતિયાંનાં બળેલ, થાનુંમાં ઠર્યાં નહિ;
તેને તરછોડયાં તમે, મેણાંઝલ મટયાં નહિ. ૨૮
ઘુમલિયે ઘમસાણુ, જંગ માંડયો જેઠવે;
ભલ પરણાવે ભાણુ, એકે લગન અઢારસેં. ૨૯

---

૧ ગમાર, રેઢિયાળ. ૨ મહેલ, બંગલા. ૩ દોહેલી, વસમી વેળાના. ૪ મુખવાળા. ૫ ફોફાં. ૬ પ્રસિદ્ધિ; કીર્ત્તિનો કોટ.

તું વણ મરિયે મેહ.

(દુહા—મેહ વગેરેને સંબોધેલાં.)

વણુ સગે વણુ સાગવે, વણુ નાતરિયે નેહ;
વણુ માવતરે જીવશું, તું વણુ મરિયે મેહ. ૧
નાણે દાણો ના મળે, નારી છંડે નેહ;
કાં વળુંધ્યો[1] વીજળી, કાં માંદો પડિયો મેહ. ૨
ભરમંડ[2] ખોટાં વાદળાં, વાયે ટાઢો વા;
મેનું કોઈ ન માનશો, શા ગને[3] માર્યા બાપ મા. ૩
છાણે વિંછી ચડાવિયો, ટાકર મારે તેહ;
બરડાના બીલા[4] આગળે, માગી લીધો મેહ. ૪
તાવમાં માણુસ જેમ, અળગાં ઠેલે અંન;
અફીણુ જેવી ઊજળી, (આજ) લાગી મે'ને મંન. ૫
અમરા કાજાની ઊજળી, ભાણુ જેઠવાનો મેહ;
જે દિ પિંગળ[5] પોઢતાં, તે દિનો બાંધલ નેહ. ૬
પાંજરને પ્રાણે ઢાંકશે, ત્યારે શરીરને થાશે સૂખ;
પણુ જેઠવે જાણ્યાં નહિં, દિલ ભીતરનાં દુઃખ. ૭
ભેળાં ત્યાં નથી જાણુતાં, જાણુશો જુજવાં થિયે;
સરોવર ઘણાં સંભારશો, હંસા મેરામણુ ગિયે. ૮
મે'નાં તો મંડાણુ, કળજુગમાં કૂડાં થિયાં;
કાં માંદો પડિયો મે', કાં વિજળિયે વળુંધિયો. ૯
માં તણાવ તું મે', તારાં વેઠયાં નહિ વર્તિયે;
એક સગપણુ ને સનેહ, તું તાણિશ તો તૂટશે. ૧૦

---

૧ રોકી રાખ્યો. ૨ બ્રહ્માંડ. ૩ ગુન્હે; અપરાધે. ૪ બીલેશ્વર મહાદેવ. ૫ ઢોલિયો, પલંગ.

માગને તું તે ઊજળી.

(સોરઠા—ઊજળીને સંબોધેલા.)

ભેંસ ભાગલ[1] હોય, વાંસે જઈને વાળિયે;
હાથી હરાડો[2] હોય, નવ રે' આડો ઊજળી. ૧
અમથી બીજું લેવાય નહિ, તમે છોરૂ ચારણ છો;
મન બગડે મ્હારૂં તો, આભપરો લાજે ઊજળી. ૨
કણ દાણો કોય, કે' તો દઉં ગાડાં ભરી;
હૈયે લાલચ હોય, માગને તું તે ઊજળી. ૩

બૂડે બરડાનો ધણી.

(સોરઠા—બરડાના ધણીને સંબોધેલા.)

ગરના ડુંગર જાગિયા, ફરકયા વીણું વંન;
પણ મે તારૂં મંન, બકોળ[4] ન થયું બરડા ધણી ૪
દાભડ ઠુંઠાં[3] અમે, ફણુગે પાલવિયે નહિ;
અષાડ એલી કરને, વન કોળે[5] વેણું ધણી. ૫
મેડિયે બેઠો મેહ, બોલામણાં બહુ કરે;
નજરૂં વિના નેહ, બાઝે નહિ બરડા ધણી. ૬
મેનાં તો મંડાણ, કલજુગમાં કૂડાં થિયાં;
ઈચ્છિ જેઠી રાણ, બોલશે બરડા ધણી. ૭
ખેમરા ખારો દેશ, મીઠાં બોલાં માનવી;
નગણા સાથે નેહ, બોલે નહિ બરડો ધણી. ૮
મરડાઈશ નહિ મેહ, ભાણના અમને ભાળિને;
નગણા સાથે નેહ, બોલે નહિ બરડો ધણી. ૯

---

૧ નાસેલ. ૨ મદથી માતેલો. ૩ નવપલ્લવ, પ્રફુલ્લિત. ૪ ભરડાં.
૫ નવપલ્લવ.

“ મે મે ” કરતાં અમે, મેની નજરૂંમાં નહિં;
મે થાઓ મેમાન, બે ઘડી બરડાના ધણી. ૧૦
“ મે મે ” કરતાં મે, મેના તો મનમાં નહિં;
વા’લા મેલ્યાં વિદેશ, વરસતે વેણુ ઘણી. ૧૧
ચારણ એટલા દેવ, જોગમાયા કરિ જાણિયે;
લોહીનાં ખપ્પર ખપે, તો બૂડે બરડાનો ધણી. ૧૨
ઠાંગે રે’તી ઠેઠ, આઘે પણ ઓરે નહિં;
આવી બરડા બેટ, પાંજર દાણા પાણિયે. ૧૩
આભ પરેથી ઊછળ્યાં, જળમાં દીધો જોક;
સરગાપરનો ચોક, પાંજર તે ક્યાં પામશે. ૧૪
ગરિયે ગમાણુ, નાસત નીકળિયો નહિં;
ભવ લગ મેણું ભાણુ, બેઠું બરડાના ધણી. ૧૫

(સોરઠા—બારમાસી.)

કારતક મહિના માંહ્ય, સૌને શિયાળો સાંભરે;
તેની ટાઢડિયું તનમાંહ્ય, ઓઢણુ દે આભપરાધણી. ૧૬
માગશર માસે માનવી, સૌનો એકજ શ્વાસ;
તે વાતનો વિશ્વાસ, જાણ્યું કરશે જેઠવો. ૧૭
પોશ માસની પ્રીત, જાણ્યું કરશે જેઠવો;
રાણા રાખો રીત, બોલ દઇ બરડા ધણી. ૧૮
માહ મહિને પરણું માનવી, ઢોલ ત્રંબાળુ ધ્રુસકે
લગન ચોખાં લઇ, આવો તો વધાવું વિણુઇધણી. ૧૯
ફાગણુ માસે ફૂલ, લાગે અતિ રળિયામણાં;
તેનાં મોંઘાં થાય મૂલ, વજોગે વિણુઇધણી. ૨૦

ચૈતર મહિને છેહ, ડોલરિયા દઇયે નહિ;
ખંતીલા ખબરૂં લે, વજોગણુ વેણુઇધણી. ૨૧
ચૈતર મહિને ચિતમાંહિ, કોરામણુ ઢળે કારમી;
તેની ઉલટું અંગમાંહિ, આવે આભપરાધણી. ૨૨
વૈશાખે વનમાંહ્ય, આંબે શાખો ઊતરે;
તે તમ વિના કરમાય, વજોગી વેણુઈધણી. ૨૩
જેઠ મહીનો જાય, ધ્રુવ તૂઠી ઘેણું નથી;
પુંછડેલ પરોણા ખાય, જીવન વોણા જેઠવા. ૨૪
જેઠ મહીનો જાય, તેનો ધોખો ધરિયે નહિ;
કયાંક અસાઢ ઉતરી જાય, તો વિમાસું બરડાના ધણી. ૨૫
અષાડ કોરો ઊતર્યો, મયલ[1] પતર્યો મેહ;
દિલમાં ટાઢકું દે, તો જીવ લાંભે[2] જેઠવા. ૨૬

(દુહો.)

શ્રાવણ મહિનો સાબદો,[3] જેમ તેમ કાઢયો જેહ;
ભેળાં રાખો ભાણુના, તમવણુ મરશું મેહ. ૧

(સોરઠો.)

હાથી પુંછડ્યો હોય, તેને કેમ ઉઠાડિયે;
મનમાં વિચારી જો, **ભાદરવો** જાય ભાણુના. ૧
આશો મહિનાની અમે, (શું) રાણા લાલચ રાખિયે;
ત્રોડી નિસર્યા તમે, અમથી ન જિવાય જેઠવા. ૨

૧ સંબોધન છે. ૨ અવલંબન, આધાર. ૩ સામટો, આખો.

ફુલાંદે તથા લાખો.

ધુમલનો ઘુંઘટ જશે.

(સોરઠા.)

લાખા લેને લા'ણ, આજુંની એકે ઘડી;
પરોઢિયે પરિયાણ, સવારે સર્ગ સધાવશું. ૧

લાખે દીધી દોટ, ભણેણી ભેળાં થિયાં;
કીધા કીર્તિના કોટ, પ્રીતુંની રીત રાખવા. ૨

(દુહા.)

વૈદડા મ કર વૈદું, મ ઝાલે મોરી બાંય;
લાખણસીની કટારિયું, ખબકી પાંજર માય. ૧

દાદા મ કર દરવડો,[1] વીરા મ ચડે વાર:
જે ન મુવો ઘર આંગણે, ત શું મરશે ઝાંપા બા'ર. ૨

સોના જેડી સે[2] બળે, રૂપા જેડો ધુંહ;
તુજને પૂછું ગોવાળિયા, કે' ઘેર માઢું મુવું ? ૩

સોના જેડી સે બળે, રૂપા જેડો ધું;
•જે ઘેર લાખો માણતો, તે ઘેર માઢું મુવું. ૪

(સોરઠા.)

તું મુવો હત મેહ, દલમાંથી દાઝણ ટળત;
કાંકે કીધો છેહ, પાદર થાશે ધુમલી. ૧

વળવળતી કાઢી આજ, હોંસ ભરી આવી હતી;
જાજો તારૂં રાજ, આશિષ છેલી એટલી. ૨

બેસીશ નહિ કો દી, ઠીક ઠરીને આજથી;
રે'શે અંગ ઉપાધિ, આઠે પોહોર જેઠવા. ૩

કવ કવ કરશે કાગ, ધુમલનો ઘુંઘટ જશે;
લાગો વધતી આગ, રાત દિવસ તુજ અંગમાં. ૪

---

૧ દોડધામ. ૨ ચેહ.

ગોહિલ, झाला, हाला वगेरे राज्यो संबंधी.

હમીર (ભીમાઉત.)

ભીમ નામના ગોહિલનો એ નાનો કુંવર. એનું બીજું નામ ભીમાઉત કવિતામાં પ્રસિદ્ધ છે. લાઠી તથા અડીલાનાં રાજ્ય જ્યારે ભીમની સત્તામાં હતાં, ત્યારે તેણે પોતાની કુંવરી સોરઠના રાહને આપી હતી. આ સગપણને લીધે તેનાં સંબંધીઓ બહુ ભાગે જૂનાગઢમાંજ રહેતાં હતાં. જે વેળા મુસલમાનો હિંદુ દેવાલયોનો નાશ કરતા લાઠી આવ્યા, તે વેળા ભીમનો આ બાળકુંવર હમીર માત્ર ઘેર હતો. તે પોતાની ભાભીની ઉશ્કેરણીથી ૨૦૦ માણસોને લઇ, નીકળી પડયો. પ્રથમ સિહોર નજીક પોતાના વેગડા નામના ભીલ મિત્રને મળ્યો ને કહ્યું કે " હું લડાઇમાં જાઉં છું ને ત્યાં કદાચ મરીશ તો તેનો મને કશો શોક નથી, પણ હું હજી પરણ્યો નથી, તેનો મને ઘણો ખેદ થાય છે. " આ સાંભળી વેગડા ભીલે પોતાની પુત્રી તેને આપી. ત્યાં તે એકજ રાત રહ્યો ને તે સ્ત્રીને ગર્ભ રહેતાં તેના વંશજો ગોહેલ–કોળી કહેવાયા ને તે દીવ નજીક નાઘેરમાં છે. વેગડો પોતાના મિત્ર જમાઇની મદદે ૩૦૦ કામઠાંવાળા ભીલોને લઇ સોરઠી સોમનાથનું રક્ષણ કરવા નીકળ્યો ને તેમાં તે બેઉ મરાયા.

(સોરઠા.)

વેગડ વડ ઝુંઝાર, ગઢ બારિયે ગયો નહિં;
શિંગ સમારણહાર, અંબર લગણ અડાવિયાં. ૧
વે'લો આવે વીર, સખાતે સામૈયા તણી;
હીલોળવા હમીર, ભાલા અણિયે ભિમાઉત. ૨
પાટણ આવ્યાં પૂર, ખળહળતાં ખાંડાં તણાં;
સેલ માંહી શૂર, ભેંસાયણસો ભિમાઉત. ૩

વેલ તાહરી વાળ, આવી ઉવાટી નહિં;
હાકમ તણી હમીર, ભેખડ હતી ભિમાઉત. ૪
સંત ચલણુ તે વાય, અંગ જે અણુસારો થિયો;
ક્રમ તોય કુળ કહેવાય, ભરતો આરે ભિમાઉત. ૫
વન કાંટાળાં વીર, જીવીને જોવાં થિયાં;
આંબો અમલ હમીર, ભાંગ્યો મોરી ભિમાઉત. ૬

ચભાડ અને સોઢા પરમાર.

પારકરમાં જ્યારે દુકાળ પડયો, ત્યારે બે હજાર સોઢા પરમાર પોતાના કુટુંબ કબીલા સાથે તેમના રક્ષણ માટે મુંજા અને લખધીર નામના નાયકને લઇ પાંચાળ* દેશમાં આવ્યા અને મૂળી નજીક ધાગરિયામાં નિવાસ કરી રહ્યા. તે સમયનો લાભ લઇ સાયલાના ચભાડ ઠાકોરે મૃગયા રમવાની યુક્તિ રચી એક તેતરને ઘાયલ કર્યો. એ તેતર સોઢા-પરમારની હદમાં જવાનું બહાનું કરી, તે લેવાની માગણી કરતાં લડાઈ ચાલી ને તેમાં પરમાર માર્યા ગયા.

(દુહા)

જંગલ તેતર ઊડિયો, આવ્યો રાજદ્વાર;
ચભાડ સૌ ઘોડે ચડયા, બાંધી ઊભા બાર. ૧

મુંજા તેતર માહરો, માગે હજણ સાર;
ગર્વ ભર્યા ગુર્જર ધણી, આપે નહિ એ વાર.

પહેલે પો'ર ચડંતડે, સોઢાનો સંગ્રામ;
રત ઘેલે રતનાવતે, નિશ્ચળ કીધું નામ.

---

* કાઠિયાવાડમાં ચોટીલા નજીકનો ભાગ પાંચાળ અને તેનો ડુંગર ઠાંગો" કહેવાય છે.

સંવત સાત પનોતરો, ટાઢાંયણુ ને ત્રીજ;
સોઢા ને ચભાડ શર, ધજવડ કીધી ધીજ. ૪
પડયા ચભાહર પાંચસેં, સોઢા વીસું સાત;
એક તેતરને કારણે, અલ રાખી અખ્યાત. ૫
ધ્રુવ ચળે મેરૂ ડગે, ગમ મરડે ગિરનાર,
મરડે કેમ મૂળ ધણી, પગ પાછા પરમાર. ૬
થાન કંડોળો ચોઢ ગઢ, થર મૂળીરો વાસ;
એતો દે પરમારને, અવર ન દૂજી આશ. ૭

(સોરઠો.)

કુંદણિયે કેકાણ, ખેલે નરંદા;
ભડલી પડયું ભંગાણ, સાસર સરવૈયાતણે. ૧

(દુહો.)

વત કે વંશ ઊજળો, જયાંથી વા'લા જાત;
કોરવોએ કળ ખોયું, અલ રાખી અખરાત. ૧



લાખો ફૂલાણી.

કચ્છ પ્રાંતમાં એનું રાજ્ય હતું. હાલારમાં આટકોટ ગામને સીમાડે હાલ તેની ખાંભી (પ્રતિમા) છે ને મહિયારીઓ તેને દૂધ ચઢાવી નમન કરે છે.

(દુહા.)

લાખો કિયે ન માણિયાં, છતે હુતે શેણ[1];
દયાડા[2] દશ આઠમા, કો જાણે કેણ. ૧

ઉમાદે રાણી કહે છેઃ—

દયાડા આઠ દશમાં, ફૂલાણી બો[3] ફેર;
ઉગતો તો નિરખિયો, આથમતો કેણ ?[4] ૨

પુગડી (દાસી) કહે છેઃ—

લાખો ભૂલ્યો લખપતિ, ઊમા ભૂલી એમ;
ઉસાસે વટાવડો,[5] કો જાણે કેણ ? ૩

કુંવરી કહે છેઃ—

લાખો ઊમા પૂગડી, ત્રણે ભૂલ્યાં એણ;
આંખ હુંદે ફરૂકલે, કો જાણે જે કેણ ? ૪

નદીમાંથી થયેલી વાણીઃ—

લાખા જેડા લખ વિયા, ઉન્નડ જેડા અઠ;
હેમ કડા ઉન હાલિયા, અચો ન ઇણી વટ. ૫
જીની તીની[6] નાથિંયે, કીરત હુંદા કમ્મ;[7]
રાણું-રત[8] તડે નીકરે, જડે[9] ચિરાજે[10] ચમ્મ[11] ૬
અચી કુલાણી ફરેર્યો, રારો મંઢાણું;
મૂળરાજ સાંગ ઉખતી, લાખો મરાણું. ૭

---

૧ સ્નેહી, મિત્ર. ૨ દહાડા, દિવસ. ૩ બહુ. ૪ કેવો. ૫ વટેમાર્ગુ. ૬ જેના તેનાથી. ૭ કામ. ૮ રાતું લોહી. ૯ જ્યારે. ૧૦ ચિરાય. ૧૧ ચામડું.

ભભૂતગર.

કચ્છ-ભુજનો અતીત, મોટો શાહુકાર થઇ ગયો. તે પોતાનું લેહેણું એટલી સખ્તીથી લેતો કે દેણદારો તેનું નામ સાંભળતાંજ ધ્રુજતાં. એકવાર જ્યારે નાનાં ગામડાંમાં તે પોતાનું લેહેણું માગવા ગયો, ત્યારે તેનું નામ સાંભળતાં દેણદારની સ્ત્રી એટલી ભયભીત થઇ કે ભારે વેગી હોવાથી તેને ગર્ભપાત થયો! ભભૂતગરને આ વ્યવહાર પરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો કહેવાય છે.

(દુહા)

આતમ થઇ ઉઠાંતરી, થર નહિં થાણાં,
ભાંગી પોળ ભભૂતિયા, પાટણ[1] શેહર પટલાણાં.[2] ૧
દિલ્હી ભલી કે આગરો, આતમ શાહ પાતશાહ;
ભભૂતા કહે ભેળશે, જોરાવર જમ રાહ. ૨
ભભુતા કહે દત્તા[3] મતા[4], ન ખર્ચે ન ખાય;
માખી મધ ભેગું કરે, હાથ ઘસંતા જાય. ૩

મસ્તરામ.

જાતનો મારવાડી બ્રહ્મનિષ્ઠ સાધુ; ભાવનગર તાબે બોટાદ ગામમાં મહારાજા સર તખ્તસિંહજીના વખતમાં થઇ ગયો. મહારાજા એમને અન્ન-વસ્ત્રાદિ આપી પ્રસન્ન રાખતા, પણ પોતે તે સંઘરી ન રાખતાં સઘળું સંત-સાધુઓને આપી દેતો.

(દુહા.)

દેશ અમારા દૂર હે, દેશ ન આવે હાથ;
મેં ખોજિયા દુર દેશકા, ખેપ કરૂં દિન રાત. ૧
દેશિ અમારા દેશકા, ચલો અમારી સાથ;
મસ્તરામ કે' રામ ભજો તો, દેશ આવેગા હાથ. ૨

---

૧ રાહેરો. ૨ બદલ્યાં. ૩ દાન. ૪ મુડી, પુંજી.

લેવું હોય તો લઈ લેને, દેવું હોય તો દે;
મસ્તરામને લેવા ન દેવા, એક રામ રામજ કે'. ૩
અવિદ્યાને શિર ખીલી ખોડી, પો'ચી ગઈ પાતાળ;
મસ્તરામ કોણ માપી શકે, ત્યાગી બુદ્ધિ વિશાળ. ૪
સકામી તો કરે કવિતા, વૃથા કરે લવારો;
લોભીઆઓને દાન દિયે તે, ધોવે ગારે ગારો. ૫
સંત પુરુષ તો કરે કવિતા, નહિ જાચે ભૂપાલ;
ત્યાગી પૈસો પાસ ન રાખે, ખરેખરી હડતાલ.[1] ૬
અન્નનો દાતા અન્નજ આપે, ધન આપે ધનદાતા;
લોભી જનને દાન કરે તે, ખોટાં પાડે ખાતાં.[2] ૭
નિર્લોભીને દાન કરે તો, થાય સ્વર્ગનાં ભાતાં;
મસ્તરામ કે' રામ ભજન વણ, જન બહુ નરકે જાતાં. ૮

(ચોપાઇની ચાલ.)

ઉપર અંબર ધરતી હેઠ, મસ્તરામે તો બાંધી ભેંઠ;
રોકિશમાં સામળિયા શેઠ, જાવું મારે ઠેઠા ઠેઠ. ૧
વિધિ નિષેધ ભોંતળિયે હેઠ, વિદ્યા અવિદ્યા વરી સમેટ;
બ્રહ્માસ્મિયે બાંધી ભેંઠ, મસ્તરામ કોઇ પોં'ચે ઠેઠ. ૨
ભોંય પથારી ઓઢે અંમર, ત્યાગ પાળે જો પે'લે નંબર.
જાય મોક્ષમાં બાંધી કંમર, મસ્તરામ ભજ દેવ વિશંભર. ૩
રામ ભજન અંતર લ્હે લાવે, વિના ભણે બ્રહ્મવિદ્યા આવે;
જીવ પલટ બ્રહ્મ હો જાવે, મસ્તરામ નિર્ભય પદ પાવે. ૪
ખટ દર્શને ખોજો ખુદા, જીવ બ્રહ્મ રે'વે નહિ જુદા;
મસ્તરામને પકડયા મુદા, જો સમરો રસ્તા નહિ દુજા. ૫

૧ ખાલી. ૨ નામું, ખાતે પાર.

મન રહ્યું માયામાં મોહી, મનને જીતિ શકે નહિ કોઇ;
ત્યાગી પુરુષે કર્યું મન મર્દન, મસ્તરામ કે' મારી ગર્દન. ૬
નવધા ભક્તિ ખડગ નવ ધાર, કામ ક્રોધનો કરે પરાર;[૧]
ભજે રામ સબ જાય વિકાર, મસ્તરામ ઉતરે ભવ પાર. ૭
ત્યાગી પુરુષ નહિ બાંધે **મઠ**, શૂરા કરે જુદ્ધનોજ હઠ;
મુંછો મરડી દે દે વટ્ટ, મસ્તરામ ભજ સુંદર શઠ! ૮
ત્યાગી પુરુષની કોરટ જાવે, કજિયો જીત અપને ઘર આવે;
તે ઉપર નહિ હોય અપીલ, મસ્તરામ તો સદા **વકીલ**. ૯
ત્યાગ વેરાગ જો લાગે કડવા, તે માણુસને જાણો ભડવા;
લોભી જાય કોરટમાં લડવા, મસ્તરામ તે નરકે પડવા. ૧૦
માયામાં છે ઝાઝું ઝેર, કરે સદાએ કાળો કેર;
જીવ જીવની સાથે વેર, કરે ધિંગાણું આઠો પેર[૨]. ૧૧
માયા જાણો કાળી કુત્તી, સંસારીના ઘરમાં સૂતી;
જોગી જંગમ બાંધ્યા મજબૂતી, મસ્તરામ તો મારે જૂતી. ૧૨
તપ કરે તે કહિયે તપ્પા, લોકા હોય તે જપે અજંપા;
મુમતી બાંધી મારે ગપ્પા, મસ્તરામ કહે લપં લપ્પા. ૧૩
ચંચળ ચપટ જાણો મન મર્કટ, નવાં નવાં ઊઠાવે તર્કટ;
મનને જિતવું તે અતિ દુર્ઘટ, મસ્તરામે તો દેખ્યું પરગટ. ૧૪

૧ દૂર. ૨ પહોર.

प्रकीर्ण संग्रह.

પ્રવાસ ને પ્રેમ.

(દુહા.)

ચંગા[1] માઢૂ[2] ઘર રહે, ત્રણ અવગુણ હોય ;
કાપડ ફાટે ઋણ[3] વધે, નામ ન જાણે કોય. ૧

પાન પદારથ સુઘડ નર, વણ તોળ્યાં વેચાય;
જેમ જેમ ભૂમી પાલટે, તેમ મુલ મોંઘેરાં થાય. ૨

ડુંગરિયા હરિયા[4] હુવા, વન ઘિંગોરે[5] મોર;
એ ઋતમાં ત્રણ સંચરે, ચાકર માંગણ ને ચોર. ૩

માગણ ન જાય માગવા, ચોર ચોરી ન જાય;
ચાકર બિચારા શું કરે, માલ પરાયા ખાય. ૪

બાળ પરદેશારી ચાકરી, કોણ પરદેશાં જાય;
ઘર બેઠારો પાવકો,[6] મારે મન લાખ સવાય. ૫

પાવકે પ્રેમ ન નીપજે, ઘણુ[7] વિચારી જોય;
પરદેશારી ચાકરી (વણ) સેજલડી રંગ ન હોય. ૬

ગોડી પૂછે ગોડિયા, કોણ ભલેરો દેશ;
સંપત હોય તો ઘર ભલાં, નહિ તો ભલો પ્રદેશ. ૭

હાલું હાલું જે નર હુવો. રાખે ન રહે રંગ;
હાથ હને[8] પગ પાગળે, તાણી ભીડયા તંગ. ૮

ઊંટે આથર ભીડિયાં, સળેખાંના કાઢયા બ્હાર;
મૃગનેની ખોળા પાથરે, (વાલમ) ઘેર શિયાળો ગાળ. ૯

સાથીડા સાબદા[9] થિયા, હાલુંના હોકારા થાય;
પારકા પટા લખાવિયા, તે ઘેર રહ્યું ન પોષાય. ૧૦

૧ સારાં. ૨ માણસ. ૩ કરજ. ૪ લીલા. ૫ ટોહા કરે. ૬ ૦ા દોકડો. ૭ ઘણું. ૮ ઘોડે ચડવાના સામાનનો આગલો ભાગ. ૯ તૈયાર.

જાઓ કે'તાં જીવ નીકળે, કાળજ કટકા થાય;
વે'લા વળો વાલમા, મિંટ[1] મેળાવો થાય. ૧૧
વાટ જૂની ને પગ નવો, ચંગા માઢૂ જાય;
ઉડ હૈયા કર પાંખડી, મિંટ મેળાવો થાય. ૧૨
પંચ કોશે પાળો વસે, દશ કોશે અસ્વાર;
કાં નારીમાં ગુણ નહિ, કાં નાવલિયો ગમાર. ૧૩
સાયર લોઢ[2] ને પગણુ[3] થર, જેતા[4] શિરમાં વાળ;
સાજણ દિલમાં સાંભરે, દિનમાં એટલી વાર. ૧૪
હું નારી કોયલ ચતુર, બોલું અમૃત વેણ;
સોજા સાજણને કારણે, રોઈ રાતાં થિયાં નેણ. ૧૫
હું ભમરો સલક્ષણો, કરૂં ઘણેરા નેહ;
તે વાતુંનો સંદેહ બહુ, ક્ષણ ક્ષણ દાઝે દેહ. ૧૬
બાગ નહિં બગિચા નહિં, નહિં કસૂરો સંગ;
પ્રીત વધુઓ ભ્રમર તે, રહ્યા પછાડે અંગ. ૧૭
ડુંગર કોરાવી ઘર કરૂં, આભનાં કરૂં કમાડ;
વિજળીનો કરૂં દીવડો, મર વરસે મેઘ મ'લાર. ૧૮
તનનાં કરૂં ત્રાજવાં, મનની કરૂં બજાર:
હૈયાની કરૂં હાટડી, એજ વણજ વેપાર. ૧૯
એડીની ગેડી કરૂં, કેડની કરૂં કમાન;
નયણાંના કરૂં ખાંભલા, મુજ કંથ ચતુર સુજાણ. ૨૦
કાળીગજનું કાપડું, માહ્ય ભર્યું છે હીર;
બીજા સામું જોઉં નહિ, મુજ નાવલો બાવન વીર. ૨૧
ઉંચી મેડી ઊજળી, (માંહિ) સોની ઘડે શણગાર;
ઘડચ: તે અણુવટ વીંછિયા, (તેમાં) નથી એકજ તાર. ૨૨

---

૧ નજર. ૨ મોજાં. ૩ વરસાદનાં ફોરાં. ૪ જેટલાં.

ઉંચી ગોરી ઊજળી, જળ ભરવાને જાય;
કાંટો લાગ્યો પ્રેમનો, (ઈ તો) ઊભી ઝોલાં ખાય. ૨૩
કૂવા કાંઠે કેવડો, વાયે વંટોળ્યો જાય;
આવ્યાં પરદેશી સાજણાં, (તે) માયા લગાડી જાય. ૨૪
પાળે નાચે પારેવડો,[1] હેડે નાચે મોર;
પરણ્યા એટલા માનવી, બીજા હરાયા ઢોર. ૨૫
એક ગોરીનો નાવલો, જાણે કળાયલ મોર;
બે ગોરીનો નાવલો, જાણે હરાયું ઢોર. ૨૬
કોયલને કેમ મારિયે, આંબાની રખવાળ;
મારિયે હરામી સૂડલો, (જે) વણ ફેડયાં ફલ ખાય. ૨૭
દાઢમાં ખટકે કાંકરો, કાણું તે ખટકે નેણ;
વચન ખટકે વાવલાં, ગયાં તે ખટકે શેણ. ૨૮
પાન જૂનું ને ઘી નવું, ઉત્તમ કુળની નાર;
ચડવાને ઘોડા મળે, એ સર્ગ નિસરણી સાર. ૨૯
પાન ખાઇયે કેવડી, ને માંય કાથાનો રંગ;
ગોરી વખાણું પાતળી, જેનાં વાળ્યાં વળે અંગ. ૩૦
અસુરી ને એકલી, સામાં મળિયાં સેણ;[2]
હૈયું ઘણું હાકલું, (મારાં) ઝડપું નાખે નેણ. ૩૧
આંખે ઓડો માંડિયો, લોભિયાં થયાં નેણ;
ગોતી કાઢો ગોઠમાં,[3] સાયર પેટાં સેણ. ૩૨
પગ જોઇ પાની જોઇ, નિરખી જોયાં નેણ;
ગુણવંતી ગોરી તણાં, વા'લાં લાગે વેણ. ૩૩
સામાં ઊભાં સાજણાં, દિયે નેણાંની ઝૂડ;
કાળજ મોડું ને ફાંફણું, (ઈ તો) પાંસળિયું ચકચૂર. ૩૪

1 કબુતર. ૨ સજ્જન. ૩ ગામમાં.

સજણ હતાં તે છજણ થિયાં, ભંભેર્યાં ઘણાં;
સાકરમાં વખ ભેળિયાં, કોઇક માણસ મળ્યાં. ૩૫
જેના પડોશમાં સજણાં, તેને નિતના વરઝોળા;
કાંતો વઢી વેર કરો, નકાં સંતોષ દિયો શેણાં. ૩૬
સજણ ઘણાં સંભારશો, નવો જો કરશો નેહ;
જવાસા ઘોડે સૂકશો, ઝારા વરસે મેહ. ૩૭
જવાસો સૂકયો પાલવે, જેની ઉંડી તરેહ;[1]
તૂટી પ્રીત ન પાલવે, ઝારા વરસે મેહ. ૩૮
સજણ જાતાં ન જાણિયાં, (નહિંકાં) ઉપરવાડેથી જોત;
ચૂલે છાણાં ભાંગતી, ધુવા વરાહે[2] રોત. ૩૯
સોરઠ મીઠી રાગણી, રણ મીઠી તલવાર;
સેંજે મીઠી સુંદરી, મીઠો રાગ મલાર. ૪૦
પારેવા પગ ટૂકડા, ઊડંતા બે લાડ;
સરખે સરખાં તો મળે, (જો) લખ્યાં હોય લલાડ. ૪૧
મોર વણ ગરવો[3] સુનો, સીત[4] વણ સૂના રામ;
હંસ વણ સરવર સુનાં, પિયુ વણ સૂનાં ગામ. ૪૨
કૂવા ઢાંકણ ઢાંકણું, ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર. ૪૩

૧ ભોંયરામાં પાણીની ભીનાસ, કે જે વડે ઘઉ ચણા પણ થાય છે.
૨ ભરોંસે. ૩ ગિરિ પર્વત. ૪ સીતાજી.

"વડછડ" અથવા પ્રશ્નોત્તર.

પ્રશ્ન:— (દુહા.)

દૂધે ભરી તળાવડી, મોતીડે બાંધી પાળ;
અસુરાં[1] પાણી નીસર્યાં, કયા પુરુષ ઘરનાર. ૧

ઉત્તર:—

જેની તરવારે ત્રણ કુંમકાં, નવધારો કટાર;
અવળાં સવળાં ઘોડાં ખેલવે, ઈ પુરુષ ઘરનાર. ૨

પ્રશ્ન:—

ત્રોડું ત્રોડું ત્રણ કુંમકાં, ભાંગું નવધારો કટાર;
પ્રથમ મારૂં ઘરધણી, હું પુરુષ તું ઘરનાર. ૩

ઉત્તર:—

તારા ઘરમાંહે ધણી, તેને જઇ કે' ઘરનાર;
વળતો ઉત્તર આપશે, (તો) ખાંતે મળિશ ખુવાર. ૪

પ્રશ્ન:—

આક બટૂકાં[2] જે ચરે, ઘોડાં મોહોર[3] જાય;
કામિની પૂછે કંથને, હરણાંને ઘી કોણ પાય? ૫

ઉત્તર:—

કંથ કહે સુણ કામની, હરણે કામ ન સરે?
દશ કોશે દી આથમે, ઘોડાં ઘર ભેળાં કરે. ૬

પ્રશ્ન:—

રાજા કિનરા[4] ગોઠિયા, જોગી કિનરા મિત્ર?
વેશ્યા કિનરી અસ્તરી, કોણ વેશ્યારો કંત? ૭

ઉત્તર:—

રાજા ગરજરા ગોઠિયા, જોગી જતીરા મિત્ર;
વેશ્યા દામરી અસ્તરી, દામ વેશ્યારો કંત. ૮

---

૧ મોડાં. ૨ આકડાનાં કુંપળ. ૩ પહેલાં. ૪ કોના?

પ્રશ્ન:—

નિદ્રા ના'વે ત્રણ જણ, કહો સખી તે કિયાં ?

ઉત્તર:—

નિર્ધનિયાં ને બહુ ઋણાં, જે પર વેર ખટ્કે ઘણાં. ૯

પ્રશ્ન:—

નિદ્રા ન આવે ચાર જણાં, કહો સખી તે કિયાં ?

ઉત્તર:—

જપિયાં તપિયાં સારસાં, ચકવી રેન પિયા. ૧૦

બાપે જાઈ બેટડી, બેટડિયે જાયો બાપ;
એ બેમાંથી ટુકરો, બેટી ભલી કે બાપ ? ૧૧

કેરી. (આંબો.)

પીઉ જાજો પાટણે, વો'રજો હળદર ને હિંગ;
એક વસાણું એવું વો'રજો, જેને માથે હોય શિંગ. ૧૨

લવિંગ.

અણિયાળાં અતિ વાંકડાં, સૂડા પંખાં જેહ;
પીઉ જાજો પાટણે, (તમે) વસ્તુ વો'રજો તેહ. ૧૩

નાગરવેલનાં પાન.

પથ્થર મટી થઇ પ્રેમદા, ભોજન કરતાં આય;
અરધું અંગ ફરે કુદડી, તેનું એઠું સહુ કોઈ ખાય. ૧૪

ઘંટી.

પાંચ વેંતનું પૂતળું, મુખ લોઢાના દંત;
નારી તેથી નિત રમે, તમે કહો બિચારો કંત. ૧૫

સાંબેલું.

સોપારી જેવડું સાવજડું, તલનો ત્રીજો ભાગ;
ઈ સાવજડે બે રતન ગળ્યાં, એક ધરતી દુજો આભ. ૧૬
આંખની કીકી.

કેણે હિમાળો સેવિયો, કેણે સેવી આગ;
કેણે કરવત મૂકાવિયાં, કઇ રાણીને કાજ ? ૧૭
કાથો, ચૂનો, સોપારી, પાન.

(કાથે હિમાળો સેવિયો, ચૂને સેવ્યાં આગ;
સોપારિયે કરવત મૂકાવિયાં, નાગરવેલને કાજ.) ૧૮

જળમાં બેસી ઘર કરે, જળમાં બેસી ન્હાય;
મસ્તક વાઢે ના મરે, તેની આંખો ફાડે જિવ જાય. ૧૯
શેરડી.

પડી પણ ભાંગી નહિ, કટકા થયા તો ચાર;
વગર પાંખે ઊડી ગઈ, તેનો ચતુર કરો વિચાર. ૨૦
રાત; નાગણ.

કર વિના જે કામની, મુખ વિના જે દંત;
મુવેલી જીવતાંને ગળે, તે મોકલજો કંત. ૨૧
હાથીદાંતની ચૂડી.

જે ઘર પવન ન સંચરે, છાંયે ન બેસે કોય;
તે ફળ તો મોકલાવજો, (મારે) એકાદશી વ્રત હોય. ૨૨
શિંગોડાં.

વેંત જેવડી વખડી, (ને) ઢાલ જેવડું ફૂલ;
કાચાં કમળ ઉતરે, (તેનું) પાકે થાએ મૂલ. ૨૩
કુંભારનું ચાક.

અગ્નિ કુંડથી ઉપન્યો, ભમર કુંડમાં ના'ય;
કામિની પૂછે કંથને, ઇ કુલ વેલાને ખાય. ૨૪
અગ્નિ–દેવતા.

ગુરૂ ચેલાનો સંવાદ.

(દુહા.)

ભર ચોમાસે ઝણુ પડે, ઘોડો ઘાસ ન ખાય;
છતે પલંગે ભોંય સુવે, કો' ચેલા કેમ થાય ? ૧

પાયા વિના.

બાંધિ ઢાલ શોભે નહિં, છેલ માંગવા જાય;
માલણુ મન રીઝે નહિં, કો' ચેલા કેમ થાય. ? ૨

ફુલ વિના.

કોઠારૂંમાં કણુ સડે, કાંસું કાટજ ખાય;
જોગી નર ઝાંખો રહે, કો' ચેલા કેમ થાય. ? ૩

ભભૂત વિના.

ગાડું ભાંગું રણુ વિષે, ઘાયલ તરસ્યો થાય;
આંખો આવી દુખવા, કો ચેલા કેમ થાય ? ૪

પાટા વિના.

ઉંચી મેડી ઊભો ઘડી, વહુ રિસાણી જાય;
અઈવંતો બોલ્યો નહિં, કો ચેલા કેમ થાય ? ૫

વિસમાવ્યા વિના.

ભમરડો ભમે નહિં, કાપડ કઠણુ ન થાય;
ધોરી હળ હાંકે નહિં, કો' ચેલા કેમ થાય ? ૬

આર વિના.

આંબે કેરી ઢગ છતાં, ભેંસ ભડકા ખાય;
નારી મન રીઝે નહિં, કો' ઘેલા કેમ થાય ? ૭

ધીકાવ્યા વિના.

પગ ફાટે પાની ટળે,[૧] ગરાસ પરઘર જાય;[૨]
પારેવો[૩] ઉલખો ફિરે, કો' ચેલા કેમ થાય ? ૮

ભાઇ વિના.

ઇંટ માટી થઇ આંગણે, માંગણુ પાછો જાય;
ઘરે પરાણો જઈ વળે, કો' ચેલા કેમ થાય ? ૯

સંપત્ત વિના.

પાન સડે ઘોડા અડે, વિદ્યા વિસરી જાય;
રોટી દાઝી ખાખ થઇ, કો' ચેલા કેમ થાય ? ૧૦

ફેરવ્યા વિના.

જોબન ને જરા.

(દુહો.)

જટિયા જુવાની ગઈ, ગઇ ચટકતી ચાલ;
જિહેં અબોડા બાંધતાં, તિહેં પડી ગઇ ટાલ. ૧
જોબન જરા ને કૂતરી, જમરા લોધી જાણ;
આવ્યો એની અડફટે, બચે ન તેના પ્રાણ. ૨
ગોલણ કે' ઘરડાં થયાં, જાંગે ભાંગ્યાં જોર;
બએ બરછીવા કૂદતાં, નળિયું હતી નકોર. ૩
ધન જોબન ને ઠાકરી, તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં હુવાં, અંનરથ કરે અનેક. ૪
ભૂખ ગયે ભોજન મળે, ઠંડી પછી કબાહ;[૪]
જોબન ગયે જોરુ મળી, (એ) ત્રણને આગ લગાવ. ૫

૧ જોડા (પગરખાં) વિના. ૨ ભાઈની જોડી વિના. ૩ કબૂતર. જોડાં વિના એકલાં નાળિયેરનાં કાચલાં(કુલકાં)જેવા રખડે. ૪ ઊનની ધાબળી.

જોબને જીકારા ઘણા, જરા નજરેથી જા;
ખાંડ ચોખા ને ચૂરમાં, મન ભાવતાં ખા. ૬
વણુ ઘેણુવે વરસાવો, નગરથાં[1] નગર ગ્યાં;
આવો આવો શું કરો, જોબન દાદરિયાં. ૭

ત્રિયા જોબન ત્રીસ વરસ, ધોરી નવ વરાં;[2]
પુરુષ જોબન ત્યાં લગેં, ઘીએ પેટ ભરાં. ૮

(સોરઠા.)

જે દિ હતાં જવાન, નાણું નાખી નોરા[3] કરતાં;
ઇ પંડ ને ઈ પ્રાણ, બોલાવ્યાં બોલે નહિં. ૧

કાળપ મેલે કેશ, મન કાળપ મેલે નહિ;
ઈ વણુસી જાએ વેશ, (તોય) હૈયું હિંહોરા[4] કરે. ૨

પંડ પિયારો દેશ, પંડ તો પરવશ થિયાં;
ઈ રવાના રેશ, કેની આગળ ભાખવા ? ૩

દુઃખે તેને દાઝ, દુખ્યા વણુ દાઝે નહિં;
કવણુ કિયાને કાજ, મરવા આવે **મમાઉતંન**. ૪

આશા ઊંડી ખાડ, પહાડથી પૂરાય નહિ;
હેમ મેરૂ સમ હોય, તોએ મન માને નહિ. ૫

1 ગથ વિનાનાં; નિર્ધન. 2 બળદ જોડયા પછી નવ વર્ષ સુધી. 3 આગ્રહ. 4 ઉત્સાહનો ભાવ.

સજ્જન.

(દુહા.)

કાંઉ ઘણાં આકોલિયાં,[1] કાંઉ ઘણા કપૂત;
મહિષી તો હક્કડ[2] ભલી; હક્કડ ભલા સપૂત. ૧
સગુણા નર સોહામણા, જીહા[3] નાદ કુરંગ;
મોરઈ મન લાગી રહ્યા, જિમ ચંદને ભુજંગ. ૨
લાખે એક લખેસરી, સોએ એક સુજાણ;
સહુ નર બાંધે પાઘડી, સહુને નર નહિ માન. ૩
આપણ કાજે શીયલા, પર કાજે સમરથ્થ;
તેને સાહી રાખિયે, આડા લઇને હથ્થ. ૪
કોક પુરુષ કોક ઘોડલો, કોક કુળવંતી નાર;
સરજનહારે સરજિયાં, (ઈ) ત્રણે રતન સંસાર. ૫

(સોરઠા.)

જોઇ વો'રિયે જાત, મેલે નહિ મરતાં લગી;
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ. ૧
મોંઘેરાં જો મળે, તો સોઘાં સાટવિયે નહિં;
દૂધમાં સાકર ભળે, સ્વાદ તેનો તો ચાખિયે. ૨

દુરિજન.

(દુહા.)

આણંદ કે' પરમાણદા, તાણ કર્યો કેમ જાય;
સાવજ પડિયો આડમાં, કાઢે તેને ખાય.[4] ૧
પાળી પોષી મોટો કર્યો, જાત ન પૂછી કોય;
ગુણ ઊપર અવગુણ કરે, બીજ બિજાનું હોય. ૨

---

૧ આકડાની ફેરી. ૨ એકજ. ૩ જેના. ૪ ભૂખ્યો હોવાથી.

આણંદ કે' પરમાણુદા, માણસે માણસે ફેર;
એક લાખુ[1] દેતાં ના મળે, એક ત્રાંબિયાના[2] તેર. ૩
માખ મંકોડા મૂર્ખ જન, મમતાએ મરે;
ભમર ભોરિંગ ને ભુંડ તે, ડંસી દૂર કરે. ૪
ગાડાં મોઢે[3] ગણુ કરો, ભવ બહુ ભેગાં વસો;
આઝો[4] નાતો[5] ને ઓરતો,[6] કમાણસને કશો ? ૫
માથે મોટાં પાઘડાં, ને માંહે ઘાલે ગાભા;
દેવાનું તો નામ નહિ, ને વાત કરવામાં આભા.[7] ૬
કાળે માથે માનવી, ને ભગરે માથે ઉંટ;
નગણા જનને ગુણ કરે, તાણી બાંધ્યાં ઠુંઠ.[8] ૭

(દુર્જનની પ્રીતિ.)

પ્રીત કરો તો પૂછજો, કેટલા અવગુણ હોય;
હાડે હેડો રહે નહિ, રગમાં રગત નો'ય. ૮
દેશમાં ડંડેરો ફેરવો, પ્રીત મ કરશો કોય;
કરો તો કાળજ આપજો, (નકાં) નિત વરઝોળા હોય. ૯
મોતી ભાંગ્યું વિંધતાં, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં, એને નહિ સાંધો નહિ રેણ. ૧૦
ભોળપમાં ભૂલાં પડયાં, જોઈ ઉજળો રંગ;
જો જાણત બખ બાપડો, તો કદિ ન ભેળત અંગ. ૧૧
સોનું જોઈ સંગત કરી, નિવડયું કાચ કથીર;
કાયા વટાળી ખોઇ પત, સાંસો પડયો શરીર. ૧૨
જેને બોલે બંધ નહિ, મરમ નહિ મનમાંહિ;
તેનો સંગ ન કીજિયે, છોડિ જાય વનમાંહિ. ૧૩

---

૧ લાખો રૂપિયે. ૨ પઈની કિંમતનો સિક્કો. ૩ ગાડાં ભરીને. ૪ ભરોંસો, વિશ્વાસ. ૫ સંબંધ. ૬ પશ્ચાત્તાપ. ૭ શોભિતા. ૮ લાકડાં.

ભૂતા હોય સલક્ષણા, વેશ્યા હોય સલજ્જ;
ખારાં પાણી નિર્મળાં, એ ત્રણે ચીજ અકજ્જ. ૧૪
ગોલાહુંદી ગોઠડી, ખાખરહુંદી વાડ;
હળવે હળવે છાંડિયે, જેમ પાણી છંડે પાળ. ૧૫
હંસાને સરવર ઘણાં, સરવરને નહિ કોય;
સજ્જનને સ્નેહી ઘણાં, દુરિજનને નહિ કોય. ૧૬
હંસા સાયર સેવિયે, જેની શીતળ છાંય;
ઓછો વાસ ન કીજિયે, અધવચ ઉચાળાય. ૧૭
કામિની પૂછે કંથને, પ્રીત કેટલી હોય ?
લાગે ત્યારે લેખાં નહિં, પણ તૂટે ટાંક નો'ય. ૧૮

(સોરઠા.)

બીમાં નહિ બિગાડ, ખેતરમા ખામી નહિં,
વેળાહુંદો વિકાર, કણ ફાટી કાળો થયો. ૧
પાણીમાં પાષાણ, ભીંજે પણ સીઝે[1] નહિ;
મૂરખ કર્યે વખાણ, રીઝે પણ બૂઝે નહિ. ૨
બેહર[2] કેરા બોલ, દીધેલા રે'શે નહિ;
કૂડા દેશે કોલ, પછી જાએ પતળી. ૩
દંતડા કરને વિચાર, શી શી ચીજું ચખાડિયું;
લાજયા નહિ લગાર, હાડું પે'લાં હાલિયા. ૪
પરવસુ પરિયાણ, આપણ વસુ એકે નહિ;
બાળાસું[3] બંધાણ, કાયામાં કરિયે નહિં. ૫
વરસે જઇને વાડ, એવા મે' શા કામના;
મોટા બહુએ તાડ, ઢાંકે નહિ નિજ પંડને. ૬
વાવરવામાં વીર, પણ વિવેકમાં વામણા;
એવા હોય અમીર, તે પણ દુરિજન જાણવા. ૭

૧ ગળે નહિ, કોમળ ન થાય. ૨ વર્ણસંકર. ૩ બાળક, અજ્ઞાન.

કજોડાં.

(દુહા.)

મવડે માળો ન ઘાલિયે, લિંબડા લ્હેરે જાય;
જોડ કજોડાં જોડતાં, ઉરમાં લાગે લ્હાય. ૧
ટુંકે પાને આમલી, લાંબે પાન ખજૂર;
બાળકુંવારી છેતરી, માથે ભાંગ્યો મજૂર. ૨
ભલો ઘોડો પણ દૂબળો, નગર ભલાં પણ દૂર;
નાનો જેનો નાવલો, તેને દુખ ભરપૂર. ૩
બળદનો ગુણ તો ગયો, (કે) જોડ કજોડાં જૂતો;
મરદનો ગુણ તો ગયો, (કે) સોડ કસોડાં સૂતો. ૪
સૂકી સાખ સજણ થિયાં, સ્વપ્ને ન ભાળ્યાં સૂખ;
સાયર જેડી સરણું વહે, ડુંગર જેવડાં દુઃખ. ૫

મારૂ ને ઢોલાનું જોડું.

(દુહા.)

મારૂનું સ્વરૂપ.

જે ચંદનની મારૂ ઘડી, ઢોલો પડિયો પાસ;
તે છોડાનો ચંદ્ર ઘડિ, મેલ્યો છે આકાશ. ૧
મારૂ એવી પાતળી, ખોબો ધાન ન ખાય;
ઊછાળી ગગને ચઢે, સંકેલી નખ સમાય. ૨
મારૂ ચાલી મો'લપર, છૂટા મેલ્યા કેશ;
જાણે નરપતિ ચાલિયો, કોક નમાવા દેશ. ૩
મારૂ એવી પાતળી, જેવી ખાંડાળી ધાર;
ચાલંતાં પગ લડથડયો, કટકા થિયા બે ચાર. ૪

હાથે ચૂડી હેમની, હેમ સરીખા હાથ;
મારૂને તે દિન ઘડી, જે દિ નત્રરો દીનોનાથ. ૫

(મારૂનો ઢોલા પ્રતિ સંદેશો.)

પંથી એક સંદેસડો, ઢોલાને પો'ચાડ;
જોબન કળિયું મોરિયું, ભમર ન બેઠો આપ. ૬
પંથી એક સંદેસડો, ઢોલાને કહિ જાવ;
જોબન હસ્તી જાગિયો, અંકુશ લઈ ઘર આવ. ૭
પંથી એક સંદેસડો, ઢોલા લગ લે જાવ;
જોબન ચંપો મોરિયો, કળી ન ચુંટે આવ. ૮
પંથી એક સંદેસડો, ઢોલાને સમજાવ;
જોબન આંબો ફાલિયો, શાખ ન ચાખે આવ. ૯
લોભી ઠાકર આવ ઘર, કાંઈ ફરે વિદેશ;
દિન દિન જોબન જાય તન, લાભ કિયારે લેશ? ૧૦
પાવસ આવ્યો પ્રીતમા, પગલે પગલે ગારો;
મારૂં કહ્યું જો કરો, તો પાવસ પંથ નિવારો. ૧૧
જે દિવસે પાવસ ઝરે, બપૈયા કુરલાય;
તે દિનનાં દુખ વાલમા, મુજથી સહ્યાં ન જાય. ૧૨
જે દિવસે પાવસ ઝરે, દમ્પતિ સુખમાં હોય;
તે દિન વેરી વાલમા, મંદિર ન મૂકે કોય. ૧૩
મહી મોર તાંડવ કરે, મનમથ અંગ ન માય;
હું. એકલડી કેમ રહું, વાલમ મેલી જાય. ૧૪
બપૈયા પિઉ પિઉ લવે, કોયલ સરવે સાદ;
એણી રતમાં પીવ વણુ, જીવ્યાનો શું સ્વાદ? ૧૫
ઢોલા રહિશ ન વારિયો, મેલી દેશ ઉવેખિ;
મારૂં કહ્યું જો કરો, તો દશરા વાલમ દેખિ. ૧૬

નદિયું નાળાં જલ ઝરણ, પાણી ચઢિયાં પૂર;
કરલો કાદવમાં કળમળે, પંથજ પુંગલ દૂર. ૧૭
શીયાળામાં શિત પડે, ઊનાળે લૂ વાય;
વરસાદે ભોં ચીકણી, વાલેરી જેને કાય. ૧૮

(ઢોલાની સ્થિતિ, ઇત્યાદિ.)

ઢોલો હાલું હાલું કરે, ઘણુ હલણુ ન દેહ;
ઝબ ઝબ ઝુંબે પાગડે, ટપ ટપ નેણુ ભરેહ. ૧૯
ઢાલો તૈયારી કરે, માલવણ ધાન ન ખાય;
કરલો ખોડો થાય તો, ઢાલો ગામ ન જાય. ૨૦
ખોડો થાય તો ડાંસ ખાય, બાંધ્યો ભૂખે મરાં;
જાઉં ઢોલાને સાસરે, તો હરિયાં મગ ચરાં. ૨૧
ઝીણી ડાંભણિયે ડંભાવું, તાતાં સીચું તેલ;
ઉંડી ઘોડારે બંધાવું, નીરાવું નાગરવેલ. ૨૨
કરલો ન રહે વારિયો, હલફુલ લાગી કાય;
ઉના ડામ દેવરાવતાં, ડાંભું તો મર જાય. ૨૩
બાંધું વડની છાંયડી, નીરવું નાગરવેલ;
ડાંભ સમારૂં હાથસું, સીચું તેલ ફુલેલ. ૨૪
ઢાલો ચિત્ત વિમાસિયો, મારૂ દેશ અલગ;
આપણ જાઇ જોઈએ, કરલા હુંદો વગ. ૨૫

(ઢોલાનાં વચન.)

રખે જાણો વિસર્યાં, મુજ હૈયેથિ લગાર;
સાસ પહેલાં સાંભરો, દિનમાં સો સો વાર. ૨૬
સમ દઉંછું માહરા, રખે ધરો મન દુઃખ;
સમો આવતાં સાંપડે, જો લખિયાં હોય સૂખ. ૨૭

મળશું થોડા દિવસમાં, ઝાઝો થયો વિજોગ;
સરજ્યું તે કેમ છુટિયે, મારૂ ન કરશો શોક. ૨૮

ચિત્રિણી શુભ લક્ષણી, કમળ વાસ વિશુદ્ધ;
તન વેધક મનરંજિની, મેળવ વિધાતા મૂજ. ૨૯

ગુણવંતી ને શશિમુખી, રંગ રમે રસ લુબ્ધ;
ચિતહરિણી મનમોહની, મેળવ વિધાતા મૂજ. ૩૦

સિંહલંકી ગજગામિની, વેણી ભુજંગ શુદ્ધ;
કામ કથા મુખ ઓચરે, મેળવ વિધાતા મૂજ. ૩૧

સુવર્ણ કાંતિ ઝળકતી, સેજ રસે જે લુબ્ધ;
સ્નેહી મારૂ સદ્ગુણી, મેળવ વિધાતા મજ. ૩૨

(મારૂ વચન.)

કાયા કોમળ વેલડી, વણ સીંચે કરમાય;
સીંચને હવે વાલમા, (કે) નવ પલ્લવ થાય. ૩૩

નાથ આવિ દર્શન દિયો, મો તોં લાગ્યું મંન;
તુજ મુખડું દીઠા વિના, મને ન ભાવે અંન. ૩૪

ચંપા કેરી પાંખડી, ગુંથ્યો નવસર હાર;
જો પે'રૂં હું તુજ વિના, (તો) અંગ લાગે અંગાર. ૩૫

તું સજ્જન તું મિત્ર તું, તું પ્રીતમ તું પ્રાણ;
હૈડા ભીતર તું વસે, ભાવે જાણ મ જાણ. ૩૬

ક્યાં કોયલ ક્યાં આંબવન, ક્યાં દાદુર ક્યાં મેહ;
દૂર ગયાં નવ વીસરે, ગરૂવા તણો સનેહ. ૩૭

ચંદા કેરી ચાંદની, વાદળ વરસે મેહ;
વીજ પડો તે માણુસાં, બાંધી તોડે નેહ. ૩૮

સાજણ મ જાણો સ્નેહ ગયો, દુર વસંતાં વાસ;
નેણાનું મળવું રહ્યું, (પણ) જીવ તમારી પાસ. ૩૯

સાજણ વિસાર્યા ન વિસરે, જેસું બાંધ્યો નેહ;
પલ પલ હૈયે સાંભરે, જેમ બપૈયો મેહ. ૪૦

ઢાલા કેમ દયામણા, નખસું ખોદો ભીંત;
અમથી તે કોણ આગલી, વસી તમારે ચિંત. ૪૧

ઢાલો પુછે મારૂને, તારો દેશ કહે;
બીજડરાં ઝાડ ભઠ, ખડ ઉંડો જળ અઠે. ૪૨

દાદા મ દે મારૂ દેશમાં, પાણી કુવડિયાં;
કંકુડા વરણા મારા હાથડા, ગાઢાં સીંચણિયાં. ૪૩

(પ્રવાસી વચન.)

મારૂ મારૂ મેં કરાં, મારૂ ઘેલડિયાં;
પાણી પીતો ઢાલાનો કરલિયો, મારલ કાંબડિયાં. ૪૪

બૂઢી થઇ ગઈ મારૂવી, ભગરા થઈ ગયા કેશ;
તન જોબનથી ખસિ ગયાં, લાવ કસારો લેશ. ૪૫

(મારૂ વચન.)

મેં જાણ્યું રબારી રાયકો, કાં ચારણ કાં ભાટ;
જો જાણત ઢાલાનો કરલિયો, તો પસલે પાણી પાત. ૪૬

કરલો કાંટા ના ચરે, ચરે તે બીજા ઊંટ;
લલેરો[2] લાંઘણ કરે, જેણે ચાખેલ ચંદન રૂખ.[1] ૪૭

દિન આથમ્યો ડુંગરે, હરણુ પુગી હલાર;
ફૂટ કાળિ સાંઢના કરલિયા, રાખ્યો રણ મોઝાર. ૪૮

---

૧ લાકડા ૨ ઝાડ.

હોથલ ને પદમણી.

(દુહો.)

ધરા વણ ધાન ન નીપજે, કળ વણ માઢુ નોં'ય;
ઓઢા ઘેર જખરો, જેની મા હોથલ હોય. ૧

(સોરઠો.)

ચીઠી લિખિયું ચાર, હોથલજે હથજીઉં;
ઓઢા વાંચી જોય, અસાંકે નેડા એતરો. ૧
ભાયુંની ભલાઈ, મરે તો મેલાય નહિ;
દુઃખે દાઝે દીલ, ભાઈ વિનાનો ભવ નહિ. ૨
દીધો દગો દરાર, ભાઈ થઇ ભરમાવિયા;
ખોઈ હોથલ નાર, ભુંડું તે શું એ થકી? ૩

માયાના ઠાઠ.

(દુહા)

માયા બડી મોહિની, જેના વજરપેં ગાળા;
સાંગો કે' સલવાણા, કૈક ચડ્યા ને કૈક પાળા. ૧
ચડયા તે ભાગ્યા નહિં, જે દેખ્યા તે પાળા;
સમજ વિનાના સાંગલા, કાંઉ કરે છે ચાળા? ૨

સંગત.

(દુહા)

ભલા ભવોભવ સાંભરે, નગણા ન આવે ચંત;
કાળી ઉન ને કમાણુસાં, ચડે ન દૂજો રંગ. ૧
સંગત બિચારી શું કરે, જેનું હૃદય કઠોર;
નવ નેજા પાણી ચઢે, પથર ન ભીંજે કોર. ૨

મુખ મોરો માથે મણી, ઝેર તજ્યું નહિ નાગ;
સંગત પણ સુધર્યો નહિં, તેનાં બડાં અભાગ. ૩
ત્યાગ માર્ગની વાતો કરવી, વનિતા ભેગા વસવું;
બેઉ વાત બને નહિ સાથે, લોટ ફાકવો ને ભસવું. ૪

કુટેવ.

(દુહા.)

ડાકણ મંત્ર અને અમલ, તસ્કર ને વળિ જુવા;
કાછ બગડી જે કામની, તેનાં લક્ષણ જાય મુવા. ૧
કંથડો હળ્યો કલક્ષણે, જાગે ત્યારે જાય;
સંઘરી સાકર મૂકિને, ગોળ હાટોડો ખાય. ૨
સીખ શરીરા ઊપજે, સુણી ન લાગે શીખ;
અણ માગ્યાં મોતી મળે, માગી ન મળે ભીખ. ૩
ભૂખ ન જાણે ભાવતું, પ્રીત ન જાણે જાત;
ઉંઘ ન જાણે સાથરો, જ્યાં સૂતા ત્યાં રાત. ૪
કામી કૂળ ન ઓળખે, લોભી ન ગણે લજ્જ;
અર્થિ સગું ગણે નહિં, ભરખે ભૂખ અખજ્જ. ૫
સૂમ શિયાળ ને કાચબો, પરઘર પો'ળાં થાય;
ટાણું આવે આપ ઘર, ઝટ સંકેલાઇ જાય. ૬
કૂવા કાંઠે કેવડો, વાયે વાંકો થાય;
વંઠે જેનો નાવલો, (તેનો) જનમ અકારથ* જાય. ૭
ઘેલી માથે બેલડું, મરકટ કોટે હાર;
જુગારિ ગાંઠે ગર્થ તે, ટકે કેટલી વાર? ૮
તેજાનામાં તંબાકુ (ને), વરણાગીમાં વાળ;
જુવાનીમાં જુગટિયા (ને), ભાઈબંધીમાં ગાળ! ૯

* વ્યર્થ.

(જોડકણું.)

પગ પછાડે પાની મોડે,
કુવા કાંઠે અંબોડા છોડે;
છેડા કાઢીને વા ઉરાડે,
કુલટા તે શું ઢોલ વગાડે? ૧
આગળ ચાલે પાછળ દેખે,
જમણા કરનું કંકણ પસારે;
હાથ પસારી પીઠ દેખાડે,
અકુલિન તે શું ઢોલ વગાડે? ૨

(ચોપાઈ.)

ઈશ્ક ન દેખે જાત કજાત, નિંદ ન દેખે તૂટી ખાટ,
તરસ ન દેખે ધોબીઘાટ, ભૂખ્યો ન દેખે એઠા ભાત. ૧

(જોડકણું)

ન ખેંચવી કમાન, કળ હોય તો ખેંચવી કમાન;
ન થાવું જમાન, જર હોય તો થાવું જમાન. ૧
ન ઠેંકવો કૂવો, કળ હોય તો ઠેંકવો કૂવો;
ન ખેલવો જુવો[1], જોરૂ[2] સંગ ખેલવો જુવો. ૨

આદર સત્કાર.

(દુહા.)

આવ કહે તે ઓલિયા, બેઠ કહે તે પીર;
જે ઘર આદરભાવ નહિં, તેનું કાટો સીર. ૧
બાંર બોલાવણુ[3] બેસણું[4], બીડું[5] ને બહુ માન;
જે ઘર પાંચ બબા નહિં, તે ઘર જાણ મસાણ. ૨

---

૧ જુગાર; ધુત. ૨ સ્ત્રી; પત્ની. ૩ બારણેથી નામ સાંભળતાંજ બોલાવે. ૪ આસન. ૫ પાન, સોપારી.

આવ નહિં આદર નહિં, નહિ નેનોમેં નેહ;
તે ઘર કદી ન જાઇયે, કંચન વરસે મેહ. 3
આવ ઓર આદર જહાં, હૈ નેનુમેં નેહ;
વા ઘર નિશદિન જાઇયે, પથ્થર વરસે મેહ. ૪
ભાણું ખડખડ ને લોહજડ, આવતડાં પૈયાં;[1]
એટલાં વાનાં જાળવે, જેનાં વજરપે[2] હૈયાં. ૫

(સોરઠા.)

અમે પરદેશી પાન, વાયે વિંટાઈ વળ્યાં;
કોઇયે ન દીધાં માન, પાદરથી પાછાં વળ્યાં. ૧
વેઠાં[3] જિનકી વટાં[4], ઉંઠીંધે[5] આરસ થિયે;
માણુક ભરી ફટાં[6], તેંઝી[7] ઉપર ફગાઇડે[8]. ૨

ક્ષત્રિવટ.

(દુહા.)

દેવું મરવું મારવું, ઝલવી ખડગ ઝટ્ટ;
કલો કહે ઠુકરો, વસમી ખત્રિયાં વટ્ટ. ૧
ગુણની ઉપર ગુણ કરે, એતો વે'વારાં વટ્ટ;
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખત્રિયાં વટ્ટ. ૨
દળ ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર;
શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર.[9] 3
ચીલે[10] ચીલે ગાડી ચલે, ચીલે ચલે કપૂત;
પણ એ ચીલે નવ ચલે, ઘોડા સિંહ સપૂત. ૪

---

૧ મિજમાન; અતિથિ. ૨ દઢ હ્રદય. ૩ બેઠા. ૪ વાટ, પાસે. ૫ ઉઠતાં. ૬ ફાંટ; ગાંસડી. ૭ તેની. ૮ ઓવારી નાખ. ૯ સૂરજ. ૧૦ જુને નઠારે માર્ગે.

જે વાટે કેસરી ચાલિયા, રજ ઉડે તરણાં;
તે વાટુંનાં ખડ સુકે, ચરે નહિં હરણાં. ૫
સતિ નાર ભોરિંગ મણિ, શૂરા ને શરણાંત;
કરપી ધન મુછ કેસરી, મુવે જાય પર હાથ. ૬

નામ રહંતાં ઠાકરાં, નાણાં નહિં રહંત;
કીરત કેરાં કોટડાં, પાડયાં નહિં પડંત. ૭
રજપૂતાં ને રેવંતા×, હાથ વછૂટાં જાય;
હજાર વરસો સેવિયે, પણ પોતાનાં નવ થાય. ૮
અગર બળંતાં ગુણ કરે, ને સૂખડ ઘાસંતાં;
શૂરા હોય તે રણ ચ’ડે, ને કાયર નાસંતાં. ૯
તેજી ચમકે ચાબુકે, કડાં અવાજે ભૂત;
વધઘટ ભાવે વાણિયો, તુંકારે રજપૂત. ૧૦
મરદાંહારી મુંછડી, દો દો બાલ ઘણા;
ગંડક જેસો પુંછડો, રાખે લોક ઘણા. ૧૧
અમલ ખાટણ* જોગ પંથ, શૂરાહુંદા કામ;
કાયર ખડગ ન વાવરે, કાયર શું દે દાન? ૧૨
કંથા રણમાં પેઠકે, કેની જોવે વાટ;
સાથી તારાં ત્રણ છે, હૈયું કટાર હાથ. ૧૩
ભાગે શું તું કંથડા, તું ભાગે મુજ ખોટ;
મારી સહુ સાહેલિયો, તાળી દે મુખ મોડ. ૧૪
ઉતરા ઉતરા શું કરો, સુણજો મારી માત;
રણમાં જ્યારે ઘા પડે, ઉતરા શું દે હાથ? ૧૫
મારજો કે મરજો તમે, નવ ધો પુંઠ લગાર;
સહિયર મેણાં મારશે, (કે) કાયર કેરી નાર. ૧૬

× ઘોડા. *અધિકાર પ્રાપ્ત કરવો, ખાટી જવું.

(સોરઠો.)

ભેંસું ભાયાણા, કુંઢિયું કાલ સાંપડશે;
પણ મસ બેઠી માલા, આલાની નહિ ઉતરે. ૧

ભાવાર્થ:—**માલા** નામે મોટા કાઠીને ત્યાં જઇ **આલા** નામના ચારણે તેનાં ઘણાં વખાણ કર્યાં. **માલો** તેથી અતિ પ્રસન્ન થયો અને "માગ માગ" કહ્યું એટલે તેણે કુઢાં શિંગડાં વળેલી એવી સુંદર અને મૂલ્યવાન એક ભેંસ માગી. માલો નામનોજ મોટો હતો, તેથી તુરત તેની દાનત બદલતાં પોતાની પુત્રીને ઘરમાં જઇ કહ્યું કે, "તું આ ચારણ સાથે હાસ્ય વિનોદ કર એટલે તેને ખરાબ ચાલનો કહી, મારીને હું કાઢી મૂકું. એથી એ ભેંસ માગતો ભૂલી જશે". ત્યારે પુત્રીએ આ સોરઠો કહી સૂચવ્યું કે "આ ભેંસના કરતાં ભારે કિંમતની બીજી ઘણી ભેંસો કાલ સવારે તમને સાંપડશે, પણ એક કાઠીની કુંવરીએ તેટલા માટે **આલા** જેવા ચારણ પ્રત્યે કપટ બુદ્ધિથી ખોટા હાવભાવ કરવાની મેસરૂપી કાળી ટીલી જે તેના કપાળપર ચોંટશે તે કદી ઉતરશે નહિ. કાઠીને તેની ઘણી અસર થઇ ને આ શબ્દો સાંભળતાંજ ચારણને ભેંસ આપી વિદાય કર્યો.

વેળા અને વિપત્તિ.

(દુહા.)

ખડ[1] ખૂટયાં ધણ[2] વસુકિયાં,[3] વા'લાં ગયાં વિદેશ;
અવસર ચૂકા મેહુલા, વરસી કાંઉ કરેશ? ૧

વિપત પડે ના વલખિયે, વલખે વિપત ન જાય;
વિપતે ઉદમ[4] કીજિયે, ઉદમ વિપતને ખાય. ૨

જેવા વાએ વાયરા, તેવી દઇએ દોટ;
બનતી જોઈ બનાવિયે, પણ ના કીજે ખોટ. ૩

૧ ઘાસ. ૨ ગાય, ઢોરનાં ટોળાં. ૩ દૂધ દેતાં આળસ્યાં. ૪ ઉધમ, ધંધો.

હૈડા ભીતર દવ બળે, કોય ન જાણે સાર;
કાં મન જાણે આપણું, કાં જાણે કર્તાર. ૪
ઋતુએ ઊગે મોગરા, ઋતુએ આવે ફૂલ;
ઋતુ વિનાનું ચાહિયે, તે તો ધૂળે ધૂળ. ૫
દુખિયો દુખડાં સાંભળી, અરધાં દુખ લઈ લે;
પણ સુખિયાને દુખ કહે, હસિ હસિ તાળી દે. ૬
અતિ વેપારિ કબાલિયા[1], એક પુરૂષ બે નાર;
ભાઈ એને મ મારશો, મારિ રાખ્યો કર્તાર. ૭
કદીક મન મંકોડી, કદીક કેસરી સિંહ;
કદીક કોરી દોકડો, કદીક ડુંગરજી.[2] ૮
તાસ્તા વેચ્યા બાસ્તા વેચ્યા, વેપાર સઘળા કીધા;
રોટલા ભેગા તયે થિયા, (કે) ખભે કુવાડા લીધા. ૯

(સોરઠા.)

કાંટ ચડ્યું કથીર, સોનાની સારપ ગઇ;
એ પણ વેળા વીર, કાંઉ કરિયે **કલ્યાણમલ**. ૧
ડાબાંનાં ડોળેલ, ભાંભલ જળ ભાવે નહિં;
સુગાળાં શરીર, વેગું જળ વાંસે રિયાં. ૨
સોરઠ પડિયો દંડ[3], જિણ દંડે જગ દંડિયો;
ગળપે[4] મીઠી ખંડ[5], પણ વાટણહારો લોભિયો[6]. ૩

૧ કબાલા; મુદતસરના લહેણિયાત. ૨ ડુંગર જેવડો. ૩ ઘડિયાળથી ટકોરા. ૪ ગોળના. ૫ ખાંડ. ૬ ઘડિયાળની ઝાલર ઊપર જે હથોડા પડ્યા કરે છે તે કાળ આખા જગતને દંડે છે, એટલે ટકોરા મારી આયુષ્યને ઓછું કરે છે; કે જે આયુષ્ય અથવા જીવિત માણસને ગોળ સાકર કરતાં પણ ઘણું ગળ્યું લાગે છે. પરંતુ તે આવરદાનો દાતા (આપનાર) ઈશ્વર એટલો લોભી છે કે માણસને મન તૃપ્ત થાય તેટલું આપ્યું નથી !

(દુહા.)

વડે ધણીજી[1] વિનતિયું, ધલ[2] દઈ ન કિયું;
કમાણી ધારૂં[3] મોજુ[4] મગે, ભડવા તોકે લજ્જુ[5] ન થિયું. ૧

અજુણી અજ વઈ, કલુણી બિયાં;
હઈ રોંદી કેનરી, જિનમેં માપ થિયાં.[6] ૨

(સોરઠા.)

સાંતી સવારમાં, જાણુ છ પણુ જોડતો નથી;
તેની ખબરૂં ખળામાં, જાણીશ તું તો **જેસલા.** ૧

ભાવિ અથવા નશીબ.

(દુહા.)

લાખ વિમાસણ ક્રોડ બુધ, કરી જુઓ સહુ કોય;
હોણી અણુહોણી નહિં, હોણિ હોય સો હોય. ૧

હર કહા ને બિધ લિખા, છઠી રેનકા અંક;
તલ ઘટે ન જવ વધે, રે' રે' જીવ નચંત. ૨

ત્રણ સતાં[7] ઊપર ચઢે, પેસે પંચા[8] હોય;
વિધાતરાના આંકડા, મીટ શકે નવ કોય. ૩

હરણાં ખરી દો આગળાં, પૃથ્વી ક્રોડ પચાસ;
લખ્યાં ભાખ્યાં મટે નહિં, જ્યાં પાસો ત્યાં પાગ. ૪

માનવ જાણે મેં કરાં, કરતલ બીજો કોય;
આરંભ્યાં અમથાં રહે, હર કરે સો હોય. ૫

---

૧ મોટો માલીક ઈશ્વર. ૨ દિલ. ૩ વિના. ૪ મોજ, ઈનામ. ૫ લજ્જા; લાજ. ૬ આજની વેળા આજ ગઈ; આવતી કાલ બીજાને હાથ છે. આજ ગઈ તેમ કાલ પણ જવાની. જે વેળાનાં માપ ઘટમાળની પેઠે ભરાય ને ઠલવાયા કરે તે ક્યાં સુધી પહોંચવાની હતી? ૭ એકત્રીસ. ૮ દશા.

સિદને મન ચિંતા કરે, થાવાનું તે થાય;
ગમતું થાય ગોવિંદનું, તે જાણ્યું નવ જાય. ૬

કૂબા ખેતર ખેડિયે, માગ્યા વરસે મે';
ડાબે હાથે રેડિયે, તો ચોંટે ચાપલ દે'. ૭

વિદ્યા ભણતર અનળ જળ, ઉંચપણે આકાશ;
ઉતર પંથ ને દૈવગતિ, પાર નહિં **પૃથુરાજ**. ૮

ઉદ્યમ સર્વે આદરે, પામે કર્મ પ્રમાણ;
કર્મીને હીરા જડે, અકર્મીને પા'ણુ[1]. ૯

કર્મ લલાટની આગળે, બને ન ધારી વાત;
મેં જ્યાં લીધું મળસ્કું, રાએ લીધી રાત. ૧૦

ઘરનાં ઊઠયાં વન ગયાં, વનમાં લાગી લા'ય;
ઊલેથી ચૂલે પડયાં, કર્મ પ્રમાણે થાય. ૧૧

કર્મ વિનાના કરસનિયા, કેની જાને જાઉં;
કર્મે લખ્યું દિવેલ[2] ને, ઘી તે કયાંથી ખાઉં? ૧૨

કરમ વિનના કરમીડા તે, કેની જાને જાઉં?
કોરેથી ઉડીને વચ્ચે બેઠો, તેઓ લૂખું ખાઉં. ૧૩

કરમ વિનાના કરમીડા તે, જાને કેની જાઉં?
ગાડે કોઈ બેસાડે નહિ ને, હાલી હેરાન થાઉં. ૧૪

જળ પ્રમાણે પોયણાં, કર્મ પ્રમાણે મત;
જેવા નરને સેવિયે, તેવી દે ફળપત[3]. ૧૫
મત દીધી આવે નહિં, કમતે મન કોળાય;
અવળે અક્ષર આવિયા, સવળા તે કેમ થાય? ૧૬

૧ પથ્થર. ૨ એરંડીઉં તેલ. ૩ ઉત્પન્ન.

ખુશામતિયા ખુશી રહે, ભલા ફરે બેહાલ;
પતિવ્રતા ભૂખે મરે (ને) પેડે ખાય છિ.... ૧૭

(સોરઠો.)

કરો ચાકરી લાખ, લેણા દેવી લંકશે[1];
હિરલો મળે હલાક, શીરાવી[2] જાય સિંચલો. ૧

વ્યવહાર બોધ.

(દુહા.)

કાપડ માઢુ[3] ને લોહ ઘણુ, નિવડિયે વખાણુ;
રાખાએસ ઘાએ છંડિયો, તોય ન મેલે માણુ. ૧

લોહાં લકડાં ચામડાં, પહલાં કિસાં વખાણ;
વહૂ વછેરા દીકરા, નિમણિયાં પરમાણ.

લખતાં લહિયો ભણતાં છૈયો, વાંચે પંડિત હોય;
રળતાં[4] નિપજે શેઠિયો, (તેનું) કુળ ન પૂછે કોય. ૩

બ્રાહ્મણ જળથી ઓસરે, ક્ષત્રી રણથી જાય;
વૈશ્ય ડરે વેપારથી, તે કાયર કે'વાય. ૪

થોડે ખાટે ખાટિયે, ઘણો કરી વેપાર;
ઉધાર જો નવ આપિયે, તો બમણાં મહિને બાર. ૫

ઘરમાં ટાંક તેલ નહિ ને, બા'ર કરે દીવાય;
ઢોલ વાગે ને જીવ જાય, લોક જાણે વિવાય. ૬

સંભારી નામું લખે, ને ઉંટે ચ'ડીને ઊંઘે;
પારકાં છોકરાંને જે રમાડે, તે ન સુંઘવાનું સૂંઘે. ૭

૧ નિભશે, શોભશે. ૨ જમી જાય. ૩ માણસ. ૪ કમાતાં.

બે'રા આગળ ગાવણું, મુંગા આગળ ઘાલ;[1]
અંધા આગળ નાચવું, (એ) ત્રણે હાલહવાલ. ૮
રાગ વિનાનો આરડે, નિર્ધનિયો ફૂલાય;
નબળો સબળાને ગુણ કરે, તે આટાલુણમાં જાય. ૯
ભાણે બેસી ભુખ્યો રહે, ચાકરની રાખે માજા;
ઘરના જણથી જે શરમાણો, તે મૂરખનો રાજા. ૧૦
તાણી બાંધે પાઘડી, દાળી લેવરાવે નખ;
ચાંપી પે'રે મોજડી, એ અણુ સરજયાં દખ. ૧૧
ખેતર મારગ ને જૂન ઋણ,[2] વેરી ભેગો વાસ;
કુટુંબ કળો[3] ને ભીંત ભોરિંગ,[4] એટલાં કરે વિનાશ. ૧૨
સાંકડ ઠાણાં બાંધણાં, આછાં નીરણ ઘાસ;
પાણી પી ને તબડકી, (એ) કરે તુરંગ વિનાશ. ૧૩
રાગ પાગ ને પગરખું, નાડી ને વળિ ન્યાય;
તરવું તાંતરવું તસ્કરવું, એ આઠે આપ કળાય. ૧૪
ચંદા વેરી વાદળાં, જળ વેરી સેવાળ;
પુરૂષ વેરી ઉંઘ ને, મછલી વેરી જાળ. ૧૫
અન્ન સમી નહિ ઓષધી, જરણા સમ નહિ જાપ;
માત સમો નહિ દેવતા, નિંદા સમ નહિ પાપ. ૧૬
દાટયા તે દેહવટ થયા, રાખ્યા તે થઈ રાખ;
અર્ચ્યા તેની ખૂબીઉં,[5] થયા એકના લાખ! ૧૭
ગાજ્યા મે વરસે નહિં, ભસ્યા શ્વાન નવ ખાય;
બહુ બોલા નવ રણ ચઢે, થોડ બોલ્યા ન ઘર જાય. ૧૮

---

૧ વાત; જાડેજી, કચ્છી ભાષામાં. ૨ જૂનું કરજ. ૩ કલેશ. ૪ સર્પ.
૫ વાહ વાહ, કીર્તિ.

અતિ ડા'પણુ અળખામણો, અતિ ઘેલે ઉચાટ;
આણુંદ કે પરમાણુદા, ભલોજ વચલો ઘાટ. ૧૯

લાજે સંપત પામિયે, લાજે મોટાં માન;
લાજ વિનાનાં માનવી, (તેના) લાંબા લાંબા કાન.[1] ૨૦

કાચો પારો બ્રહ્મરસ, રાંકાં લૂટી ખાય;
એવા સત્તાધારિનું, જડામૂળથી જાય. ૨૧

કરતા હોય સો કીજિયે, ઓર ન કીજે કજ્જ;
માથું રે' સેવાળમાં, (ને) ઉંચા રહે પગ. ૨૨

ખડા ચ'ડાવી ખાસડાં પે'યાં, ઉંચી ચ'ડાવી બાંય;
આમ તેમ ફરી કરીને, આવ્યા ઘરની માંય. ૨૩

જોગી ભોગી વૈદ રોગી, શૂરા પુંઠે ઘા;
ધાતરવાદી ભીખ માગે, (એ) ચારે મોળા ઘા. ૨૪

તરણે તરણે સૂગરી,[2] આદરજોજ ઘરાં;
કર ચાલે આળસ કરે, મોટી **ખોટ** નરાં. ૨૫

વાસીદું વાળે નહિ, (ને) ઘણા પાડે ખાડા;
સસરો જો શિખામણ આપે, ઉત્તર વાળે આડા. ૨૬

શીખામણ તો તેને દઇયે, જેને શીખામણ લાગે;
વાંદરાને શીખામણ દેતાં, સુઘરીનું ઘર ભાગે. ૨૭

વાંકો રે'જે વાલમા, વાંકે આદર હોય;
વાંકાં વનનાં લાકડાં, કાપી શકે ન કોય. ૨૮

વાંકાનર ને વિઘન ઘણાં, ચડયા પાવડિયે;
થાળી વેચી રસોઈ કીધી, જમ્યા દાથરિયે. ૨૯

---

૧ લંબકર્ણ ગધેડાં. ૨ પીળી ચકલી.

નદી વાંકી વળામણે, કરસણ[1] વાંકી જાર;
પુરૂષ વાંકો પાઘડી, નેણાં વાંકી નાર. ૩૦

ગાભે પોટે[2] બાજરો, લાંબ પડાયે જાર;
મોસર પુટતો માઢવો, હૈયા ઉઠંતી નાર. ૩૧

આક ઈંધણ જવ રોટલા, છોરૂ હળિયાં બાપ;
છાપરૂં ચુવે ને નાર કુભારજા, એ પાંચે મળિયાં પાપ. ૩૨

કૂવા વસમાં ખેતર વસમાં, વસમી ખેડવી વાડી;
ઘરમાં બેઠાં સહુ બોલે પણ, સભામાં ન ઉઘડે જાડી. ૩૩

(જોડકણાં.)

નીચની સંગત પારકી ચાડી, પુત્ર કપુત્ર વાદિલી નારી;
ઘરમાં અસંપત રોગીલી કાયા,
એ ખટ જોગસું પાપ પસાયા. ૧

ઉંચની સંગત ધર્મસોં પ્યાર, પુત્ર સપુત્ર વેણવશ નાર;
ઘરમાં સુસંપત નિરોગી કાયા,
એ ખટ જોગસું પુન્ય પસાયા. ૨

વાદળાંએ કાંઈ નહિ, વાએ કાંઇ નહિ;
વિજળિયે કાંઇ નહિ, (પણ) વરસાદે વાહ વાહ. ૩

અકર જાણું મકર જાણું, જાણું હિંદુસ્તાનાં;
ઈ ત્રિણુનો તો સંગ ન કરણો, લુલા લંગડા ને કાણા. ૪

ઠાઠા ઠુંઠા સિતેર ફંદા, એંસી ફંદા માંજરા;
ઠુંક ગર્દનિયા સવાસો ફંદા, કાણાનો તો પાર નહિ. ૫

[1] જુવારનું ઠુંઠું. [2] ભરાતે દાણે.

નાત જાતના ગુણ દોષ.

(દુહા, કહેવતો ૪.)

પંડયો પાડો ને કુતરો, ત્રણે જાતનાં દ્વેષી;
નાગર કાગડ ને કૂકડો, ત્રણે જાતનાં હોંસી. ૧

જાત જાતનો વેરિ તે, જાત જાતને ખાય;
ભાટ બ્રાહ્મણ ને કુતરાં, જોઇ જોઇ ઘુરકાય. ૨

ભાટ બ્રાહ્મણનું લાકડું, વણ પેસાડયું પેસે;
સામું જોતાં ઉભા રે' ને, આવો કે'તાં બેસે. ૩

ભટ બ્રાહ્મણનું લાકડું, અણ પેસાડયું પેસે;
ચોરે[1] કહિયે આવજો, તો ઘેર આવીને બેસે. ૪

ભાટ બ્રાહ્મણને કુવાડિયા,[2] જો મુખ મોળા હોય;
એક ન કાપે લાકડાં, બીજાંને નવ દે કોય. ૫
નાગર નાચણ ને પાવડી[3], શિંગી[4] ને સોનાર;
એ પાંચ ન થાય આપણાં, છઠ્ઠા ખેડાવાળ. ૬
આશા પાશા અગન જળ, ઠગ ઠાકોર કુનાર;
એ તો ન હોય આપણાં, સાવજ સર્પ સુનાર.[5] ૭
ઝટકામણનું ઝટકામણ[6] તે વાયે ઊડી જાય;
આપે ઘરના વિપ્રને, પુન્ય કિયાંથી થાય? ૮
આગળ બુદ્ધિ વાણિયો, ને પાછળ બુદ્ધિ બ્રહ્મ;
તરત બુદ્ધિ તરકડો, જે ગોદો મારે ઘંમ. ૯
વાતે રીઝે વાણિયો, રાગે રિઝે રજપૂત;
બ્રાહ્મણ રીઝે લાડવે, ડાકલે રીઝે ભૂત. ૧૦

---

૧ ગામનો ચોરો; એક જાહેર જગ્યા. ૨ કુહાડા. ૩ બાવા, જોગી. ૪ શિંગાળા ઢોર. ૫ સોની. ૬ ફોતરાં.

મેયનકે તો ભૈયાજી, ને ફોજનકે સરદાર;
લડવામાં તો સટરપટર, ને પગારમાં તૈયાર. ૧૧
રજપૂતાણીનો રાસડો, ને કઠિયાણીનો કાપ;
વાણિયાણીનું વગોણું, ને સાધુ જનનો શ્રાપ. ૧૨
ઉંચા જોયો બળદિયો, ને નીચા જોઈ નાર;
એકલ પીઠો વાણિયો, એ ત્રણેનું મો બાળ. ૧૩
પાંચસો મળ્યા પીંજારા ને છસો મળ્યા નાઇ;
ઝાંપે જ ને ઘેરો ઘાલ્યો, મુઈ માંખ ન સાહી. ૧૪
કસ્બે તુરક ન છેડિયે, બજારે બકાલ;
જંગલ જત[1] ન છેડિયે, ઉન્હાળે અંગાર. ૧૫
ગજ ગાદી પગ સાથરો, અજવાળી પણ રાત;
ભાથી[2] ભૂપ સરીખડો, આખર ભિલની જાત. ૧૬
ત્રાભા કણબ[3] રાંગડાં,[4] કાછડિયા[5] કોદાળ;[6]
પંચ મળીને આપિયાં, બિરદ પાંચ તત્કાળ. ૧૭
કણક[7] કણબી ને કંચવો, કસુંબો અને મજીઠ;
એટલાં ગુંધાં[8] ગુણ કરે, (પણ) વણ ગુદ્યાં અદીઠ. ૧૮
કાંઠાં[9] તો ગાંઠાં[10] ભલાં, તાજાં ભલાં તરક;
ટેટાં[11] તગમગતાં[12] ભલાં, અધ ભૂખાં અધ ભરખ.[13] ૧૯
ગોલાં ઢોલાં ને ગાદલાં, કાગદ અને કપાસ;
એ તો કૂટ્યાં ગુણ કરે, કૂટ્યા વગર વિનાશ. ૨૦
વેલો શોધે વાડને, પુરબિયો પુછે કુવો;
મસાણી ઉઠી મળસકે, પૂછે કે કોઇ મુવો? ૨૧

૧ મુસલમાનની એક જાત. ૨ શૂરો. ૩ કણબી. ૪ ગામડિયા. ૫ કાછિયા બ્રાહ્મણ. ૬ બહુ ખાનાર અકરાંતિયો. ૭ લોટ. ૮ કચર્યાં. ૯ કાઠી. ૧૦ ઘસાયેલાં નિર્ધન. ૧૧ રજપુત. ૧૨ ધનવાન. ૧૩ ખાધેલાં.

દાઢી મુંછ મુંડાવિને, નવરૂં કીધું મૂખ;
શોભાનું શું કામ છે, શિરાવ્યાંનું[1] સૂખ. ૨૨

ટોપી પેર્યામાં ત્રણ ગુણ, નહિ વેરો કે વેઠ;
બાવો બાવો સહુ કહે, ને સુખે ભરે પેટ. ૨૩

કોળી ભાઇનાં કચ્ચાં બચ્ચાં, જુવાર બંટી ખાય;
અવાડાનું પાણી પીયે, ને એમજ મોટાં થાય. ૨૪

કાઠી લૂટે કોળી લૂટે, એ તો સહુએ જાણ્યું;
સાધુ ને વેરાગી લૂટે, એ તે કુંભા કાણું[2] ? ૨૫

વણજ કરે તે વાણિયા, બહુ વેપારે વા'ય;
સવળાનું અવળું કરી, ગોળને પાણિયે ના'ય. ૨૬

આલમાં મારે તોલમાં મારે, મુલમાં મારે વાણિયો;
લોઢું ઘાસે લાકડ ઘાસે, ઘાસે મોટો પાણિયો. ૨૭

તરક પિંજારો ચામઠો, મે'ર મેમણ ને મિયાં;
ખોજો ખવાસ ને ખારવો, એમાં કોણ ભલા ? ૨૮

ગોલી ન થાય ગરાસણી, ખોજો ન થાય પીર;
દાસી સતી થાય નહિ, વાળ ન થાય હીર. ૨૯

ખોજો તરક ને વાણિયો, ચીભડ કવલન ઘુંટ;
કણબી પિશુન માનવી, રોજ બળ ધન ઊંટ. ૩૦

તાબુત ઘેલાં તરકડાં, વિવાહ ઘેલી નાર;
હોળી ઘેલાં હિંદુડાં, ત્રણે એકજ તાર. ૩૧

બિલ્લાં કુત્તાં ને બામણાં, સાંઢાં ને સૂતાર;
ઉપજ થોડી ને બળ ઘણું, છઠ્ઠાં જુઓ ચુનાર. ૩૨

---

૧ ખાધાનું. ૨ થું ?

(આધુનિક–દુહા.)

મેટ્રિક તો માંદા પડચા, બી. એ. થિયા બેહાલ;
એમેના નહિ આશરા, ભભકાનો નહિ પાર. ૧

જનનિ જણ તો વૈદ જણ, કાં અધિપતિ વકીલ!
કામ પડેથી જાણિયે, કેવા દુલ્લે દીલ. ૨

જર લૂટતા જંગલે, અભણ એકલા ભીલ;
ભર વસ્તીમાં લૂટતાં, વેશ્યા વૈદ વકીલ. ૩

(સોરઠો.)

કુણબી પાછળ કોડ, કણબી કોઈ પાછળ નહિં;
મૂળે મોટી ખોડ, ઉંહુંનું ઓસડ કંઈ. ૧

ગામ નામના ગુણ દોષ.

(દુહા.)

આતમ ધ્યાની આગરા, જારે બીકાનેર;
રાગ દ્વેષ ગુજરાતમાં, નિંદક જેસલમેર. ૧

પાટણ આંબો વાવિયો, ઊગ્યો અમદાવાદ;
ફાલ્યો ફૂલ્યો માળવે, વેડયો ઝાલાવાડ. ૨

(જોડકણાં.)

ધૂળ ગામ ધોલેરા, બંદરને છે બારાં;
કાઠા ઘઉંની રોટલી, ને પાણી પીવા ખારાં. ૧

મુંઝાણા તે મુંબઇ ભાગ્યા, મુંબઇમાં નહિ લેણું;
કમાણી તો એક કોરે રહિ, સામું થઈ ગયું દેણું. ૨

ખૂબ ગામ ખંભાળિયું, જેને પાદર ઘી;[1]
ધંધાનું તો નામજ ન મળે, લાંબા લાંબા દી. ૩

ઈસો ગિયો ઉપલેટે ને, સકીના બુ જાગતી'તી;
કઢારામાં[2] કથરોટ આપાં, ઇ પણ દાઢી માગતી'તી. ૪

---

૧ ઘી નામનો નદી. ૨ લેહેણું.

વ્યસન નિષેધક.

(દુહા.)

અફીણ મ પિયો ઠુકરો, સૂકી થાશો સલ્લ;[1]
માગ્યું તાગ્યું નહિ મળે, એમ કહે જેમલ્લ. ૧
અમલ પીઓ ઠુકરો, માતા થાશો મલ્લ;
પૂરણહારો પૂરશે, જખ મારે જેમલ્લ. ૨
ખાવાવાળો ખૂણો ગોતે, ચપટીવાળો ચોર;
હોકાવાળો હડિયું કાઢે, ત્રણે હરાયાં ઢોર. ૩
આંબ ફળે પરિવારસું, મહૂ ફળે પત ખોય;
તેનો રસ જે કો પિયે, અક્કલ કયાંથી હોય.* ૪

(જોડકણાં.)

ખાય તેનો ખૂણો, પીએ તેનું ઘર;
સુંઘે તેનાં લૂગડાં, એ ત્રણે બરાબર. ૧
કોઈ સુંઘે કોઇ ખાય, કોઇ પિયે હુકકો;
તંબાકુનું વ્યસન કરી, ઠાર ઠાર થુંકો. ૨
છેલ વ્યસન છીંકણી, રાજ વ્યસન હુકકો;
ગાંડુ વ્યસન તમાકુ તે, ઠાર ઠાર થુંકો. ૩
તંબાકુ તે એકવાર, ભાંગ વાર બીજી;
તપકીર તે વારંવાર, એ ફજેતી ત્રીજી. ૪
સુંઘણીકા સડાકા, સુંઘે કે ઝટ તાજા;
જેની પાઘડીમાં ડબ્બી તે, જાણે મોટા રાજા. ૫

૧ લાકડાં જેવા. *આંબાના ફળથી આખો કુટુંબ કબિલો પોસાઇ સુખ ભોગવે અને મહુડાંના ફળનો દારૂ પીવાથી ઈજ્જત ગુમાવે, એટલુંજ નહિ પણ અકકલહિણ થાય.

(દુહા.)

સસા ચાલ્યો સ્વર્ગમાં, બેઠો પાલખીમાંય;
અધવચમાં પાછો ફર્યો, હુકો તંબાકુ નાંય. ૧

ભડલી વાક્ય–વર્ષાદનો વર્તારો.

(દુહા.)

પૂરવ તાણે કાચબી[1], જો આથમતે સૂર;
ભડલી વાયક એમ ભણે, દુધે જમાડું કૂર.[2] ૧
ભર આષાઢી બીજડી, નીમે નિરખી જોય;
જો હોય સામે શૂકરે, (તો) જળ બંબાકાર હોય. ૨
ભર આષાઢી પંચમી, હોય વાદળ કે વીજ;
ધાન્ય વેંચિને ધન કરો, રાખો ધોરી[3] બીજ. ૩
ભર આષાઢી પંચમી, જો ઝબૂકે વીજ;
નદી નાળાં ભરાઇ જશે, રાખો બળદ ને બીજ. ૪
શની રવિ કે મંગળે, જો પોઢે[4] જદુરાય;
ચાક ચઢાવે મેદની, કરકે[5] પાજ બંધાય. ૫
આષાઢી વદ અષ્ટમી, જો કદિ વાદળ છાંય;
ચારે માસ તબૂકિયા, જાણે ગાંડો રાય. ૬
શ્રાવણ પે'લાં ચાર દિ, મેઘ ન માંડે રાડ;
પિયુ પધારો માળવે, અમે જશું મોશાળ. ૭
શ્રાવણ કેરાં સરવડાં, ભાદરવાની રેલ;
આસો તારાં છોકરાં, નદિયે ના'વા મેલ. ૮
ગુરૂ શુક્રની વાદળી, શનિશ્ચરે જો થાય;
સહદેવ કહે ભડુલી, વરસ્યા વણ નવ જાય. ૯

---

૧ મનુષ્ય. ૨ ચોખા. ૩ બળદ. ૪ રાયની એકાદશી ૫ હાડકાં.

સ્વાતી દીવા જો બળે, વિશાખા છૂટે ગાય;
ચાક ચઢાવે મેદની, પૃથ્વી પરલે થાય. ૧૦
પશ્ચિમ તાણે કાચળી, રવિ ઉગમતે સૂર;
ડુંગર બાંધો ઝુંપડાં, પાદર આવે પૂર. ૧૧
જેઠ અંતર દો દાડલા[1], જો કદિ ગાજે ભડ;
નદી કિનારે રૂખડાં[2], કુવા કાંઠે ખડ. ૧૨
શ્રાવણની શુદ સપ્તમી, સ્વાતી ઊગે સૂર;
ડુંગર બાંધો ઝૂપડાં, પાદર આવે પૂર. ૧૩
કર્કે ભીંજે કાકરો, સિંહે ભીંજે પાળ;
સહદેવ કહે ભડલીને, ટીંબે પાકે શાળ. ૧૪
મૃગસર ન વાયા વાયરા, આદરા[3] ન વૂઠા મેહ;
જોબન ન જાયો બેટડો, ત્રણે હાર્યાં તેહ. ૧૫
જેઠ ગિયો અષાડ ગિયો, શ્રાવણિયા તું પણ જા;
ભાદરવો ભલ રેલશે, છઠ્ઠે અનુરાધા. ૧૬

કાઠિયાવાડી વૈદું.

(દુહા.)

ઓકી દાતણ જે કરે, નયણાં હરડે ખાય;
દૂધે વાળુ જે કરે, તે ઘર વૈદ ન જાય. ૧
ભોંય પથારી જે કરે, લોઢી ઢેબર ખાય;
તુંબે પાણી જે પિયે, તે ઘર વૈદ ન જાય. ૨
શ્રાવણ માસની કાકડી, ભાદરવાની છાશ;
તાવ સંદેશા મોકલે, આજ આવું કે કાલ? ૩

૧ દિવસ. ૨ ઝાડ, વૃક્ષ. ૩ આર્દ્રા નક્ષત્ર.

તેજ વધારણ બલકરણ, જો પૂછે જન કોય;
દૂધ સમું આ લોકમાં, અવર ન ઓસડ હોય. ૪
કફ કાટણ વાયૂ હરણ, તેજ ક્ષીણ બળ હીણ;
લોહીનું પાણી કરે, બે ગુણ અવગુણ તીણ.* ૫

ધાન્ય મહિમા.

(દુહા.)

બલિહારી તુજ બાજરા, જેનાં મોટાં પાન;
ઘોડે પાંખો આવિયો, ઘરડા થયા જુવાન. ૧
બાવટો કહે હું ઝીણો દાણો, દેખીતો તો રાઇ;
બાર માસ મુજને સેવ તો, ખોખાં કાઢું સાંઇ. ૨
મગ કહે હું કાળો દાણો, મારે માથે ચાંદું;
મારો ખપ કયારે પડે કે, માણસ થાએ માંદું. ૩
મગ કહે હું લીલો દાણો, મારે માથે ચાંદું;
બે ચાર માસ સેવન કરે તો, માણસ ઉઠાડું માંદું. ૪

*સુંઠ અથવા કાફીના બે ગુણ અને ત્રણ દોષ આ દુહામાં દર્શાવ્યા છે.

કાઠિયાવાડી સાહિત્ય.

(પ્રથમ ભાગ)

—પૂર્ણ.—

સારાં ને સસ્તાં પુસ્તકો.

૧ વશીકરણ વિદ્યા—(વનિતા વિવેક) મોહિની મંત્ર, હાસ્ય વિનોદ, રતિસમય, ઇત્યાદિ આવશ્યક વિષયો સાથે. સહેલી ભાષામાં. રૂ. ૦)=

૨ સતી ગુણચંદ્રિકા—(આર્યાચરિત્રાવલિ) આ વાર્તારૂપ બોધક અને રસિક પુસ્તકમાં સંયુક્તા, કાન્તા, કૃષ્ણા, ચંદા, પદ્મા, સરદારબા, લાલબા, વીરમતી, રૂપમતી, મૃગનયની, જશમાં, જોધબાઇ, મીરાંબાઇ, તારાબાઇ, રાણકદેવી—ઇત્યાદિ ઘણી શૂરી સતીઓનાં સુબોધક ચરિત્રો આપ્યાં છે. પુઠું પાકું સોનેરી ત્રણ નામવાળું. મૂલ્ય ૦–૧૩–૦

૩ ગૃહિણી સુવિચારમાળા—(માણેક વ્યાખ્યાનમાળા) સ્ત્રી-પુરુષને ઉપયોગી સાંસારિક, ધાર્મિક તથા વ્યવહારિક ૩૨ વિધ વિધ બોધદાયક બાબતોનું ઉપયુક્ત પુસ્તક. સૌ. માણેકબાઇની છબી, પત્ર, ચરિત્ર ઇત્યાદિ સહિત. પાનાં ૨૯૦. પુઠું પાકું ત્રણ સોનેરી નામવાળું. રૂા. ૧।

૪ શ્રી શીવ ભજનાવળી—શ્રીશિવ–પાર્વતીની સ્તુતિ–ભક્તિનાં પદ, છંદ, ભજન તથા શ્રીબાબુલનાથ દિગ્વિજય ઇ૦ પૃષ્ટ ૨૦૦ રૂ. ૧)

૫ સુબોધક નીતિકથા—પ્રાણી, પદાર્થ તથા ઝાડ પાનને લાગુ પાડી ખાસ રચેલી ૧૬૮ રસિક વાર્તાઓ. રૂ. ૦॥।

૬ સુભાષિત–લહરી—ગોલોકવાસી પંડિતશ્રી ગટુલાલજી કૃત ગુજરાતી કવિતાઓનો સંગ્રહ, સમશ્લોકી ભગવદ્ગીતા તથા ચિત્ર ચરિત્ર સાથે. રૂ. ૧)

૭ છોટમ કાવ્ય—નવરાત્રિ વગેરે પ્રસંગે ગવાતા રસિક ભક્તિ–જ્ઞાન–વૈરાગ્યના ગરબા, છંદ, પદ, ઇત્યાદિ, મૂલ્ય રૂ. ૦૧ પો. ૦)-

૮ અધ્યાત્મ ભજનમાળા—આનંદઘન, કમાલ, કબીર, નઝીર, ગોરખ, નૃસિંહ, ચિદાનંદ, બ્રહ્માનંદ, ત્રિવિક્રમાનંદ–ઇત્યાદિ ૧૧૬ મહાન ભક્ત કવિ–પંડિતો અને સંત–સાધુંઓએ રચેલાં ૫૯૩ પદ–કીર્તનોનો અપૂર્વ સંગ્રહ. પૃષ્ટ ૨૫૬. મૂલ્ય રૂ. ૧) પો. ૦)=

૯ **સાહિત્ય-રત્નાકર**—કવિ ગંગ, ગિરધર, ગ્વાલ, ગોપાલ, તુલસી, તાનસેન, બિહારી, બિરબલ, ભૂખણ, જસુ, નાનક, કબીર, ઇ. ૧૬૭ નામાંકિત કવિરાજોએ રચેલા નવરસયુક્ત દોહા, છંદ, કવિત્ત, કુંડલીઆ, છપ્પા, ઝુલણા, ઇત્યાદિનો મ્હોટો સંગ્રહ. પૃષ્ટ ૫૩૬. કિંમ્મત રૂ. ૨। પો. રૂ. ૦। (આ પુસ્તકનો બીજો ભાગ છપાય છે.)

૧૦ **શ્રીપરાશરધર્મશાસ્ત્ર**—સ્ત્રી-પુરૂષનાં વ્રતાચરણ, ચારે વર્ણના આચાર, ગૃહસ્થના ધર્મો, અગમ્યગમનાદિ પ્રાયશ્ચિતના વિધિ, અભક્ષ્ય ભક્ષણાદિની શુદ્ધિ, વિવાહસંસ્કાર, ભોજનના નિયમ, ઇત્યાદિ ૨૩૫ ધાર્મિક બાબતોના નિર્ણયનું ઉત્તમ પુસ્તક, પુઠું પાકું સોનેરી ત્રણ નામ વાળું. કિંમત રૂ. ૦ાાા પો૦ ૦)-

૧૧ **કહાનકાવ્ય**—સ્ત્રી શિક્ષા, પ્રભુપ્રાર્થના, મનને ઉપદેશ, વ્યવહારજ્ઞાન, કજોડાંની કહાણી, વગેરે વિવિધ વિષયોપર ખાસ રચેલા છંદ પદ, ઇત્યાદિ. પૃષ્ટ ૨૨૫ કિમ્મત રૂ. ૦ાાા પોસ્ટેજ. ૦)-

૧૨ **ચોરાશી આશન**—પ્રાણ, મન, બુદ્ધિ તથા શરીરને સ્થિર કરી નિયમમાં રાખનાર શ્રી હઠયોગનાં ૧૦૦ સુંદર ચિત્રોનું પુસ્તક: મંત્ર, પ્રક્રિયા તથા સહેલી સમજ સાથે. પુંઠું પાકું, કિ. રૂ. ૧। પો.)=

૧૩ **ચમત્કારિક દ્રષ્ટાંતમાળા**—ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો માર્ગ બતાવનારી સુબોધક તથા રમુજી ૧૦૮ વાર્તાઓ. મોટા કદનાં પૃષ્ઠ ૨૮૦. પુંઠું પાકું સોનેરી ત્રણ નામવાળું. મૂલ્ય રૂ. ૧ાા પો. ૦)=

૧૪ **સત્સંગશિરોમણી**—કબીર, કંથડ, ખાલસ, ગેબીનાથ, ગોરખ, ચિદાનંદ, તાનસેન, માલાબક્ષ, દાદુ, નઝીર, નાનક, ભોજલ, મછંદર, રાજસમુદ્ર વગેરે ૨૭૫ ભક્તરાજોએ રચેલાં ભકિતજ્ઞાનનાં ૭૨૫ અસરકારક અને રસિક પદ-કીર્તનોનો મોટો સંગ્રહ. પાનાં ૩૨૦. પુંઠું પાકું સોનેરી ૪ નામવાળું, મૂલ્ય રૂ. ૨ પોસ્ટેજ ૦)≈

૧૫ **ગોવિંદજી ચરિત્ર**—યદુવંશની ઉત્પત્તિ, સ્ત્રીધર્મ નિરૂપણ, વ્યવહાર જ્ઞાન, ધર્મ વિચાર, દાનમહિમા, અસાધારણ બુદ્ધિબળ, ઇત્યાદિ વિવિધ વિષયો સાથે મુંબઇ નિવાસી સ્વર્ગસ્થ શેઠ ગોવિંદજી ઠાકરસીનું જીવનચરિત્ર, પત્ર, ચિત્ર અવલોકન ઇત્યાદિ સહિત. પૃષ્ટ ૨૬૦ મૂલ્ય રૂ. ૧। પોસ્ટેજ. ૦)=

૧૬ સુખરૂપ સ્ત્રી સંસાર—(સ્ત્રી સુબોધિની) આ પુસ્તકમાં ઇશ્વર પ્રાપ્તિ, સતી પાર્વતીનું ચરિત્ર, મહાત્મા વિદુરજીનો પુત્ર પ્રતિ ઉપદેશ, મદાલસાએ પોતાના પુત્રોને આપેલો બોધ, શ્રી ઋષભદેવનાં શિક્ષા વચન, શ્રીરામચંદ્રચરિત્ર,સ્ત્રીજાતિનું ગૌરવ, સ્ત્રીકર્તવ્ય, સ્ત્રી ઉન્નતિની સાધના દાન મહિમા, દયા ધર્મ, ઇત્યાદિ ઉપયોગી વિષયો રસિક અને સહેલી ભાષામાં વર્ણવ્યા છે. કર્તા સૌ૦ માણેકબાઇના ચિત્ર ઇત્યાદિ સાથે (છપાય છે.)

૧૭ જીવનસાફલ્ય—અંગ્રેજી use of Life નું સરલ ભાષાંતર; પ્રસંગોપાત દૃષ્ટાંત, સંસ્કૃત શ્લોક તથા વિવેચન ઇત્યાદિ સહિત રૂ. ૧ાા

૧૮ સદાચાર ભાષાંતર—મહાત્મા જગદ્ગુરુ શ્રી શંકરાચાર્ય કૃત વેદાંતશાસ્ત્રના સર્વોત્તમ વિષયનું સરલ ભાષાંતર. રૂ. ૦ા

૧૯ શ્રીસદાશિવવિવાહ—શ્રીશંકર પાર્વતીનું વિવાહવર્ણન રૂ.૦ા

૨૦ શૈલસુતાસ્તોત્ર—મૂલ સહિત સરલ ભાષાંતર. રૂ. ૦)–

૨૧ રામરસ—શ્રીરામચંદ્રજીની સ્તુતિ-ભક્તિનાં પદ કીર્તન ૦)–

૨૨ દીપોત્સવી—દીવાળીની જાણવા જોગ હકીકત. રૂ. ૦)–

૨૩ પરમપદબોધિની—હઠયોગ અને રાજયોગનો સવિસ્તર ગ્રંથ મહારાજશ્રી નથુરામ શર્મા કૃત. સચિત્ર. રૂ. ૦ાાા પો. ૦)–

૨૪ શ્રીકૃષ્ણસંધ્યા—વૈષ્ણવોપયોગી નિત્યકર્મ. રૂ. ૦)=

૨૫ સંતોષશતક—સુબોધક સરળ વ્યાખ્યાન, મૂળ સાથે. ૦)=

૨૬ અધ્યાત્મપ્રકાશ–તત્ત્વમસિનાં ત્રણે પદની વ્યાખ્યા; શ્રીસુખદેવજી પ્રણિત આધ્યાત્મિક વૈદ્ય લીલા સહિત સર્વોત્તમ વેદાંત. રૂા. ૦ાા=

૨૭ અનુભવપ્રકાશ—મહાત્માશ્રી બલિરામજી કૃત મૂળ સાથે ૦)=

૨૮ મોટું વ્યાજગણિત—વરસે સેંકડે એક આનાથી ટકા ૨૪ લેખે રૂપિયા એક કરોડ સુધીના વ્યાજના તૈયાર હિસાબ, કીંમત રૂ. ૧)

ઈત્યાદિ પુસ્તકો મળવાનું ઠેકાણું:—

કહાનજી ધર્મસિંહ.

રાજકોટ—[કાઠિયાવાડ.]